Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

WESTERN TIMES (AHMEDABAD)

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ

ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

બુધવાર, તા.૧ મે, ૨૦૨૪

1/5/2024 * VOL : 44 * N0. 227 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૮

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

આજનો સુવિચાર

સપના એટલે પગથિયાં વિનાની સીડી, સંકલ્પ એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં

કોવિશિલ્ડ વેક્સિનથી હાર્ટ એટેકનું જોખમ

એસ્ટ્રાઝેનેકાએ બે વર્ષ પછી સ્વીકાર્યું

કંપનીએ સ્વીકાર્યું છે કે તેનાથી ટીટીએસ જેવી સાઈડ ઇફેક્ટ થઈ શકે છે, જેના કારણે લોહી ગંઠાઈ જાય છે

(એજન્સી) લંડન,

કોરોના વખતે આખી દુનિયા તેની વેક્સિન શોધવાની દોડમાં સામેલ થઈ હતી અને જ્યારે વેક્સિન શોધાઈ ગઈ ત્યારે તેને લેવા માટે લોકો લાઈનમાં ઉભા હતા. પરંતુ હવે કોરોનાની કોવિશિલ્ડ વેક્સિન અંગે આંચકાજનક માહિતી બહાર આવી છે. કોવિશિલ્ડનું ઉત્પાદન કરતી કંપની એસ્ટ્રાઝેનેકાએ બે વર્ષ પછી સ્વીકાર્યું છે કે કોવિશિલ્ડથી ગંભીર આડઅસર થઈ શકે છે. તેના કારણે હાર્ટ એટેક અથવા સ્ટ્રોકનો ખતરો રહે છે. એસ્ટ્રાઝેનેકાએ યુકેની હાઈકોર્ટમાં સ્વીકાર્યું છે કે કોવિડ -૧૯ની વેક્સિનના કારણે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ જેવી સાઈડ ઈફેક્ટ થઈ શકે છે. ટીટીએસ એવી તકલીફ છે જેના કારણે લોહી ગંઠાઈ શકે એટલે કે બ્લડ ક્લોટ થઈ શકે છે અથવા શરીરમાં પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં બ્રેઈન સ્ટ્રોક અથવા હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. બ્રિટિશ અખબાર ટેલિગ્રાફના અહેવાલ મુજબ એસ્ટ્રાઝેનેકા પર તેની વેક્સિનના કારણે ઘણા લોકોના મોત નિપજ્યા હોવાના આરોપો છે. આ ઉપરાંત બીજા ઘણાને ગંભીર બીમારીઓનો પણ સામનો કરવો

પડ્યો છે. ભારતમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિનને કોવિશિલ્ડના નામે તરીકે ઓળખવામાં આવે છે. કંપનીએ પોતાના ડોક્યુમેન્ટમાં સ્વીકાર્યું છે કે તેમની કોરોના વેક્સિન થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે ટીટીએસનું કારણ બની શકે છે. હાલમાં આ કંપની સામે હાઈકોર્ટમાં ૫૧ કેસ ચાલી રહ્યા છે. એસ્ટ્રાઝેનેકા પાસેથી પીડિતો દ્વારા લગભગ ૧ હજાર કરોડ રૂપિયાના વળતરની માંગ કરવામાં આવી છે. એસ્ટ્રાઝેનેકાએ ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સહયોગથી તેની વેક્સિન બનાવી હતી. હવે કંપની સ્વીકારે કે તેની વેક્સિનના કારણે ઘણા લોકોના મોત થયા છે અને અન્ય લોકોને ગંભીર બીમારી થઈ છે, તો કંપનીને આવી સ્થિતિમાં મોટો દંડ પણ થઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી ઘણા લોકો માનતા હતા કે કોવિડની વેક્સિનથી હાર્ટ પર અસર થાય છે. નાની વયના લોકો અચાનક હાર્ટએટેકથી મૃત્યુ પામે તેવા કેસ વધ્યા પછી કોવિડની વેક્સિન તરફ શંકા ગઈ હતી. એપ્રિલ ૨૦૨૧માં જેમી સ્કોટ નામની વ્યક્તિએ આ વેક્સિન લીધા પછી તેની તબિયત બગડી અને તેનું લોહી ગંઠાઈ જવાથી મગજને અસર થઈ હતી. તેના દિમાગમાં આંતરિક રક્તસ્ત્રાવ થયો હતો. ત્યાર બાદ સ્કોટે ગયા વર્ષે એસ્ટ્રાઝેનેકા સામે ફરિયાદ નોંધાવી હતી. સ્કોટના આરોપોના જવાબમાં મે ૨૦૨૩માં કંપનીએ દાવો કર્યો કે તેની વેક્સિનથી ટીટીએસ થતું નથી. પરંતુ ફેબ્રુઆરીમાં હાઈકોર્ટમાં સબમિટ કરાયેલા કાનૂની દસ્તાવેજોમાં કંપનીએ આ દાવો પાછો ખેંચી લીધો હતો. એસ્ટ્રાઝેનેકાએ પોતાના બચાવમાં કહ્યું કે કોવિડની રસીના કારણે ૬૦ લાખ લોકોના જીવ બચાવી શકાયા છે. તે સમયે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ પણ કહ્યું હતું કે ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે આ વેક્સિન સલામત અને અસરકારક છે. તત્કાલિન બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને આ રસીને બ્રિટિશ વિજ્ઞાન માટે એક મોટી જીત ગણાવી હતી. પરંતુ હવે લાગે છે કે કોવિડની સામે રક્ષણ આપનાર આ વેક્સિને લોકોના હાર્ટને જોખમમાં મૂકી દીધા છે.

સંક્ષિપ્ત સમાચાર

કોર્ટે મનીષ સિસોદિયાની રેગ્યુલર જામીન અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી,

આપ નેતા મનીષ સિસોદિયાને એક વખત ફરી કોર્ટમાંથી ઝટકો મળ્યો છે. દિલ્હી કોર્ટે લીકર પોલીસી કેસમાં તેમની કાયમી જામીન અરજીને ફગાવી દીધી છે. મહત્વનું છે કે કોર્ટે મનીષ સિસોદિયાની જામીન અરજી બીજી વખત ફગાવી દીધી છે. આ પહેલા નીચલી કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમની જામીન અરજીને ફગાવી ચુકી છે. જો કે રાઉજ એવન્યુ કોર્ટના ચુકાદાને પડકારીને હવે મનીષ સિસોદિયા હાઈકોર્ટમાં અરજી કરશે. ઉલ્લેખનીય છે કે થોડાદિવસો પહેલા લીકર પોલીસી કેસમાં સિસોદિયાની જામીન અરજી પર રાઉજ એવન્યુ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. રાઉજ એવન્યુ કોર્ટમાં જજ કાવેરી બાવેજાની સામે સુનાવણી દરમિયાન સીબીઆઈએ કહ્યું હતું કે સિસોદિયા કોભાંડના કિંગપિન છે. તેના પગલે તેમને જામીન ન આપવા જોઈએ.

ગાઝામાં ઇઝરાયલી હુમલામાં ૪૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા

(એજન્સી) નવી દિલ્હી,

યુદ્ધવિરામની વાટાઘાટો શરૂ થતાં જ ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ૪૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. સોમવારે, જ્યારે હમાસના નેતાઓ યુદ્ધવિરામ વાટાઘાટોના નવા રાઉન્ડ માટે કૈરો ગયા હતા, ત્યારે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ડઝનેક પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. આમાંથી અડધાથી વધુ લોકો દક્ષિણ ગાઝા શહેર રફાહમાં માર્યા ગયા હતા. હાલમાં વિદેશી નેતાઓએ ઈઝરાયેલને હુમલો ન કરવા વિનંતી કરી છે.રોયટર્સ અનુસાર, રફાહ પર હુમલાના થોડા કલાકો બાદ હમાસનું પ્રતિનિધિમંડળ કૈરોથી દોહા માટે રવાના થયું હતું. આ પ્રતિનિધિમંડળ યુદ્ધવિરામ પ્રસ્તાવના લેખિત જવાબ સાથે પરત ફરશે.

મુંબઈ-આગરા હાઈવે પર અકસ્માતમાં ૧૦નાં મોત

(એજન્સી) મુંબઈ,

મહારાષ્ટ્રથી એક આંચકાજનક અહેવાલ સામે આવ્યાં છે. અહીં મુંબઈ-આગરા હાઈવે પર બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧૦ લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા જ્યારે ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. નાસિકના મુંબઈ-આગરા હાઈવે પર અકસ્માત થયા બાદ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સ સહિતની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. મળતી માહિતી અનુસાર અનેક લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. અહેવાલો મુજબ નાસિકથી જલગાંવ જઈ રહેલી મુસાફરો ભરેલી બસ સામેથી આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી.

ધર્મના આધારે આપવામાં આવેલા અનામતને ખત્મ કરીશું : અમિત શાહ

(એજન્સી) ગુવાહાટી,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુવાહાટીમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું કે અમે ૩૭૦ નાબૂદ કરવા, કોરોના સામે લડવા, બ્રિટિશ કાયદા બદલવા અને ભારતીય પદ્ધતિના કાયદા લાવવા અને ટ્રિપલ તલાકનો અંત લાવવા માટે પૂર્ણ બહુમતીનો ઉપયોગ કર્યો. આ પછી કોર્ટમાંથી આદેશ મળ્યા બાદ અમારી સરકારે પણ રામ મંદિરના નિર્માણમાં ભૂમિકા ભજવી હતી. અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી જુઠ્ઠાણા ફેલાવીને જનતામાં ભ્રમ ફેલાવવા માંગે છે. ભારતીય જનતા પાર્ટી એસસી,એસટી અને ઓબીસી માટે અનામતની સમર્થક છે અને તેના રક્ષણ માટે હંમેશા ભૂમિકા ભજવશે. નરેન્દ્ર મોદીએ પણ આ વાત ઘણી વખત કહી છે. જો કોઈ પાર્ટીએ એસસી,એસટી અને ઓબીસીના અનામતને ઘટાડવાનો પ્રયાસ કર્યો છે તે કોંગ્રેસ પાર્ટી છે. અમિત શાહે વધુમાં કહ્યું કે કોંગ્રેસે સૌપ્રથમ સંયુક્ત આંધ્ર પ્રદેશમાં મુસ્લિમોને અનામત આપ્યું, તેના કારણે ઓબીસીના અનામતમાં ઘટાડો થયો. ત્યારપછી કર્ણાટકમાં કોઈ સર્વે કર્યા વિના તમામ મુસ્લિમો માટે ચાર ટકા ક્વોટા અનામત કરી દેવામાં આવ્યો, તેના કારણે ઓબીસીના અનામતમાં પણ કાપ મુકવામાં આવ્યો છે. ધર્મના નામે અનામત બંધારણીય નથી, ગેરબંધારણીય છે. જ્યારે પણ અમને આ રાજ્યોમાં સત્તા મળશે ત્યારે અમે ધર્મના આધારે લાદવામાં આવેલી અનામતને ખતમ કરવા અને એસસી, એસટી અને ઓબીસીને ન્યાય આપવા માટે કામ કરીશું. કોંગ્રેસ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે તેઓએ મારા અને ભાજપના કેટલાક નેતાઓના નકલી વીડિયો બનાવીને જાહેરમાં ફોરવર્ડ કર્યા છે. સદભાગ્યે મેં જે કહ્યું તેનો રેકોર્ડ હતો અને દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું. જ્યારથી રાહુલ ગાંધીએ કોંગ્રેસની કમાન સંભાળી છે ત્યારથી તેઓ રાજકારણના સ્તરને નીચે લાવવાનું કામ કરી રહ્યા છે. આની ચરમસીમા એ છે કે લોકસભામાં ચર્ચા ન થવા દેવી, રાજ્યસભામાં તેનો બહિષ્કાર કરવો, ઘોંઘાટ કરવો અને જૂઠું બોલીને લોકોમાં ગેરસમજ ફેલાવવી, તેમના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી આ કરી રહી છે.

ચીનની સરકારે ટેસ્લા કાર પરના તમામ પ્રતિબંધો હટાવ્યા

(એજન્સી) નવી દિલ્હી,

વિશ્વના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્ક માટે તેમની અચાનક ચીનની મુલાકાત ઉપયોગી સાબિત થઈ છે. ચીને દેશમાં ટેસ્લા કાર પર લાદવામાં આવેલા તમામ નિયંત્રણો દૂર કર્યા છે, કારણ કે તેઓ ડેટા સુરક્ષા નિયમોના પાલનની મુખ્ય પરીક્ષાઓ પાસ કરી ચૂક્યા છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક મહિનામાં ચીને ટેસ્લા કાર પર ડેટા સિક્યોરિટીનું કારણ આપીને અનેક નિયંત્રણો લગાવ્યા હતા. ડેટા સિક્યોરિટી લીક અને અન્ય કારણોસર ચીને સરકારી ઈમારતો તેમજ સૈન્ય મથકોમાં ટેસ્લા કારના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો.

કોંગ્રેસનો પંજો જનતાના પૈસા લૂંટતો હતો:મોદી

(એજન્સી) મુંબઈ,

લોકસભા ચૂંટણીના પ્રચાર માટે મોદી મહારાષ્ટ્રના માઢામાં જાહેર સભામાં સંબોધન કરતા કહ્યું- કોંગ્રેસે ૧૦ વર્ષમાં જેટલો ખર્ચ કર્યો તે આજે અમે એક વર્ષમાં ખર્ચ કરી રહ્યા છીએ. ૮૦ કરોડ દેશવાસીઓની પોતાની થાળી ભરેલી રહે છે. તેમનો ચૂલો સળગતો રહે છે. ૮૦ કરોડ લોકોને મફત ભોજન મળે છે. તમને આનો લાભ મળે છે. મોદીને વોટ આપીને તમે તેમને આ પુણ્યનું કામ કરવા મોકલ્યા છે.

જ્યારે દેશમાં મજબૂત સરકાર હોય છે. તો તેનું ધ્યાન વર્તમાનની સાથે ભવિષ્યની યોજનાઓ પર પણ છે. આ વિચારીને આજે ભાજપ સરકાર રેલ રોડ એરપોર્ટ પર અભૂતપૂર્વ ખર્ચ કરી રહી છે. કોંગ્રેસે ૧૦ વર્ષમાં જેટલો ખર્ચ કર્યો તે આજે અમે એક વર્ષમાં ખર્ચ કરી રહ્યા છીએ.

મહારાષ્ટ્રમાં માઢા બાદ મોદી બપોરે ૧ વાગ્યે મહારાષ્ટ્રના ધારશિવમાં રેલી કરશે. બપોરે ૨.૩૦ વાગ્યે લાતુરમાં પ્રચાર કરશે અને સાંજે ૪.૩૦ વાગ્યે તેલંગાણાના ઝહીરાબાદમાં જનતાને સંબોધશે.

ગઈકાલે પણ મોદીએ મહારાષ્ટ્રના સોલાપુર, સતારા અને પુણેમાં રેલીઓ કરી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ અને વિપક્ષ પર એસસી-એસટીની અનામત ખતમ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે વિપક્ષ અકળાઈ ગયું છે. એટલા માટે તે જૂઠ્ઠાણું ફેલાવી રહી છે. બાબા સાહેબ પણ અનામતને હટાવી શકતા નથી. મોદી તો બહુ દૂરની વાત છે.

૧૦ વર્ષ પહેલા જ્યારે રિમોટ કંટ્રોલવાળી સરકાર ચાલતી હતી ત્યારે મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા કૃષિ મંત્રી હતા. જ્યારે અહીંના શક્તિશાળી નેતાઓ દિલ્હી પર રાજ કરતા હતા ત્યારે શેરડીની એફઆરપી ૨૦૦ રૂપિયા હતી. અને આજે મોદીના કાર્યકાળમાં શેરડીની એફઆરપી ૩૫૦ રૂપિયાની આસપાસ છે. આજે અયોધ્યામાં ૫૦૦ વર્ષ બાદ ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું છે. રામ મંદિરના નિર્માણથી દરેક લોકો ખુશ છે. અંગ્રેજોના ગયા પછી પહેલા જ દિવસે રામ મંદિરનું કામ શરૂ થઈ જવું જોઈએ. કોંગ્રેસના વોટબેંકની રાજનીતિને કારણે તેને લટકાવી રખાયું.

અમેરિકામાં કાયદા અમલીકરણ અધિકારીઓ પર ફાયરિંગ: ૩નાં મોત

(એજન્સી) નવી દિલ્હી,

અમેરિકાના દક્ષિણ વિસ્તારમાં આવેલા રાજ્ય નોર્થ કેરોલિનાના ચાર્લોટમાં કાયદા અમલીકરણ અધિકારીઓને ગોળી મારવાની ઘટના સામે આવી છે. જ્યાંથી ગોળીઓ ચલાવવામાં આવી હતી ત્યાંથી એક શંકાસ્પદ વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જેને સ્પેશિયલ વેપન્સ એન્ડ ટેક્ટિક્સ ટીમે માર્યો હતો.સીબીએસ ન્યૂઝે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે કુલ છ લોકોને ગોળી વાગી હતી, જેમાંથી ત્રણના મોત થયા છે. જો કે, પોલીસે માત્ર એટલું જ કહ્યું છે કે ઘણા અધિકારીઓને ગોળી વાગી છે, પરંતુ હજુ સુધી મૃત્યુની પુષ્ટિ થઈ નથી.રોઇટર્સના જણાવ્યા અનુસાર, ચાર્લોટ-મેક્લેનબર્ગ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગોળીબાર ઉત્તરપૂર્વ શાર્લોટમાં થયો હતો. વાસ્તવમાં, જ્યારે ગોળીબાર શરૂ થયો ત્યારે યુએસ માર્શલ્સ ટાસ્ક ફોર્સના અધિકારીઓ તપાસ કરી રહ્યા હતા. ઘણી એજન્સીઓના અધિકારીઓ તપાસમાં સામેલ હતા. પોલીસ વિભાગે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઘણા કાયદા અમલીકરણ અધિકારીઓને ગોળી મારી દેવામાં આવી છે. દરેકને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે.પોલીસે એક લેખિત નિવેદનમાં જણાવ્યું હતું કે સ્પેશિયલ વેપન્સ એન્ડ ટેક્ટિક્સ ટીમે તે ઘર ખાલી કરાવ્યું હતું જ્યાં ગોળીબાર થયો હતો.

સુપ્રીમ કોર્ટે ઈડીને પૂછ્યા સણસણતા સવાલ

ચૂંટણી પહેલા જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી?

(એજન્સી) નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં આજે ફરીથી દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડને પડકારતી અરજી પર સુનાવણી થઈ. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે ઈડી પાસે અરવિંદ કેજરીવાલની બરાબર લોકસભા ચૂંટણી પહેલા જ ધરપકડ એટલે કે ધરપકડના ટાઈમિંગ અને અન્ય કેટલાક સવાલોના જવાબ પણ માંગ્યા છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ ખન્નાએ કહ્યું કે સ્વતંત્રતા ખુબ મહત્વની છે. તમે તેનાથી ઈનકાર કરી શકો નહીં. ત્યારબાદ અંતમાં જસ્ટિસ ખન્નાએ ધરપકડના ટાઈમિંગ વિશે પૂછ્યું. હકીકતમાં કેજરીવાલ તરફથી કહેવાયું કે તેમની ધરપકડનો સમય સામાન્ય ચૂંટણીની બરાબર પહેલાનો છે. સુપ્રીમ કોર્ટે ઈડી પાસે કેટલાક પ્રશ્નોના જવાબ માંગ્યા છે. ઈડીએ ધરપકડના ટાઈમિંગ સહિત એ સવાલનો પણ જવાબ આપવો પડશે કે શું કોઈ ન્યાયિક કાર્યવાહી ચાલુ છે, શું તમે અપરાધિક કાર્યવાહી શરૂ કરી શકો છો. જાણો એ સવાલો વિશે...જે સુપ્રીમ કોર્ટે ઈડીને પૂછ્યા છે. સામાન્ય ચૂંટણી પહેલા ધરપકડ શાં માટે? શું ન્યાયિક કાર્યવાહી વગર અહીં જે પણ કઈ થયું છે તેના સંદર્ભમાં અપરાધિક કાર્યવાહી શરૂ કરી શકાય છે?

છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર ૯ નક્સલવાદી ઠાર

અબુજહમદ, છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. ડીઆરજી અને એસટીએફના જવાનોએ નારાયણપુરના અબુજહમદના તાકામેટા વિસ્તારમાં નક્સલવાદીઓને ઘેરી લીધા છે. મંગળવાર સવારથી બંને તરફથી ભારે ગોળીબાર ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્કાઉન્ટરમાં ૯ નક્સલવાદીઓ માર્યા ગયા છે. મળતી માહિતી મુજબ, પોલીસને માહિતી મળી હતી કે છત્તીસગઢ અને મહારાષ્ટ્ર બોર્ડરના તાકામેટા વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે સૈનિકો સોમવારે મોડી રાત્રે સર્ચ ઓપરેશન માટે રવાના થયા હતા. મંગળવારે સવારે જ્યારે સૈનિકો આ વિસ્તારમાં પહોંચ્યા તો નક્સલવાદીઓએ તેમને જોતા જ તેમના પર ગોળીબાર કરી દીધો. આ પછી જવાનોએ પણ નક્સલીઓની ગોળીઓનો જવાબ આપ્યો.

હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાને કારણે બેવડી મુશ્કેલી

અટલ ટનલમાં ફસાયેલા ૬૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવાયા

(એજન્સી) શિમલા,

હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાને કારણે બેવડી મુશ્કેલી ઉભી થઈ છે. ખાસ કરીને અહીં દેશભરમાંથી પ્રવાસીઓ ફરવા માટે આવતા હોય છે. આ સિઝનમાં આવતા પ્રવાસીઓની હાલ હાલત ખરાબ થઈ ગઈ છે. ભારે હિમવર્ષા અને વરસાદને પગલે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીંની અટલ ટનલમાં ફસાયા હોવાની ખબર પણ સામે આવી હતી. જોકે, તંત્રએ ભારે જહેમત બાદ અટલ ટનલમાં ફસાયેલા ૬૦૦૦ પ્રવાસીઓને બચાવી લીધાં છે. હાલ તેમને સુરક્ષિત સ્થળે મોકલી દેવામાં આવ્યાં છે. એવી પણ વાત સૂત્રો જણાવી રહ્યાં છેકે, અટલમાં ફસાયેલાં પ્રવાસીઓ દેશના વિવિધ રાજ્યોમાંથી અહીં આવ્યાં હતાં. જેમાં ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ છે. હવામાનના આ બેવડા હુમલાએ મુશ્કેલી ઉભી કરી. ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને ૬૦ રસ્તાઓ બંધ કરવા પડ્યા. લાહૌલ અને સ્પીતિને કુલ્લુથી જોડતી અટલ ટનલ પણ હિમવર્ષાને કારણે પ્રભાવિત થઈ હતી. ટનલના દક્ષિણ પોર્ટલ પર લગભગ ૫ ઈંચ હિમવર્ષા નોંધાઈ હતી. અહેવાલો અનુસાર, લગભગ ૬,૦૦૦ પ્રવાસીઓ અહીં ૧,૫૦૦ વાહનોમાં અટવાયા હતા. પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની મદદથી તેને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો. હિમાચલના ઉપરના વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ભારે હિમવર્ષા થઈ રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ સાથે કરા પણ પડ્યા હતા. હિમાચલના ઘણા ભાગોમાં હિમવર્ષા અને વરસાદને કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હમીરપુરમાં -૧૧.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ
(સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ
(કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંક્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ
(કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો
માં એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614
NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7
BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7



તંત્રી સ્થાનેથી

Editorial....

વણજોઈતી દખલ

ભારતમાં જ્યારે લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે અહીં માનવાધિકારના ઉલ્લંઘનને લઈને આવેલા અમેરિકી વિદેશ વિભાગનો રિપોર્ટ શંકા પેદા કરે છે અને એટલે જ તેને ફગાવી દેવો એ જરૂરી હતું. એ સારું થયું કે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ રિપોર્ટને પક્ષપાતી ગણાવી દીધો, સાથે જ તેમણે એમ પણ કહ્યું કે તે ભારત વિશેની ખરાબ સમજને દર્શાવે છે. આ ખરાબ સમજનો પરિચય અમેરિકાની સાથે જ અન્ય પશ્ચિમી દેશો પણ છાશવારે આપતા રહે છે. આ દેશોની સરકારો અને ત્યાંની સરકારી સહાયતા પ્રાપ્ત અથવા તો કથિત રૂપે સ્વતંત્ર સંસ્થાઓ તો મોટાભાગે ભારત વિશે એવું આકલન કરે છે, જે દુર્ભાવનાથી પ્રેરિત હોવાનું દેખાઈ આવે છે. કેટલીય વાર તો તેમની આ દુર્ભાવના ઉઘાડી હોય છે અને એટલે જ એવી સંસ્થાઓ ઉપહાસની પાત્ર બને છે. નિઃસંદેહ માનવાધિકારો અને અન્ય અનેક બાબતોમાં ભારતમાં બધું જ ઠીકઠાક ન હોય, પરંતુ શું અમેરિકા કે યુરોપમાં બધું જ ઠીકઠાક ચાલી રહ્યું છે? એવું પણ નથી કે ભારતમાં જ્યારે ક્યાંક માનવાધિકારોનું ઉલ્લંઘન કે પછી કોઈ અન્ય મોરચે કોઈ સમસ્યા પેદા થાય છે તો તેની અવગણના કરી દેવામાં આવે છે અને સંબંધિત સંસ્થાઓ અને અદાલતો હાથ પર હાથ દઈને બેસી રહેતી હોય.

એ શંકા કરવાનાં ઘણાં કારણો છે કે અમેરિકી વિદેશ વિભાગે પોતાના રિપોર્ટમાં મણિપુરનો ઉલ્લેખ માત્ર એટલા માટે કર્યો, કારણ કે તે ફક્ત એટલું જાણવા માગતું હતું કે ત્યાંના ઈસાઈઓ સાથે યોગ્ય વ્યવહાર ન થયો. આ રિપોર્ટમાં જે રીતે રાહુલ ગાંધીની સદસ્યતા રદ કરી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો, તે પણ સવાલ ઊભા કરે છે.

એક તો રાહુલ કંઈ એકલા એવા જનપ્રતિનિધિ નથી, જેમની સદસ્યતા રદ થઈ હોય. એવા તો કેટલાય જનપ્રતિનિધિઓ છે. એ પણ કોઈથી છૂપું નથી કે જે રીતે અદાલતના આદેશથી રાહુલ ગાંધીની સદસ્યતા રદ થઈ, એજ રીતે અન્ય નેતાઓની પણ થઈ હતી અને ઉચ્ચતર ન્યાયાલયોના આદેશથી બહાલ પણ થઈ ગઈ.

શું અમેરિકા એમ ઈચ્છે છે કે ભારત સરકાર આદાલતોને આદેશ આપે કે તેમણે કેવા ચુકાદા આપવા? સમસ્યા એ નથી કે અમેરિકા કે અન્ય પશ્ચિમી દેશ સમયે સમયે ભારતની સમસ્યાઓ પર ચિંતા વ્યક્ત કરે છે. સમસ્યા એનાથી છે કે તેઓ કેટલીક ચુનંદી ઘટનાઓનો ઉલ્લેખ કરે છે. તેનાથી પણ ખરાબ વાત એ છે કે પશ્ચિમી દેશોની સંસ્થાઓ ક્યારેક એ શોધી લાવે છે કે ભારતની તુલનામાં પાકિસ્તાનમાં લોકો વધુ ખુશ છે અને ક્યારેક એ કે ભારતમાં લોકતંત્ર અંતિમ શ્વાસ ગણી રહ્યું છે. આવી હાસ્યાસ્પદ શોધ-સર્વેક્ષણો ભારત પ્રત્યે પશ્ચિમના દુરાગ્રહને જ દર્શાવે છે. બીજી ખરાબ વાત એ પણ છે કે પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો પણ ભારત પ્રત્યે દુરાગ્રહ સેવે છે. તેના વલણથી એ જ સ્પષ્ટ થાય છે કે તેને ભારતનું વધતું કદ કઠી રહ્યું છે. સારું રહેશે કે પશ્ચિમ એ સમજે કે તેને દુનિયાને પોતાના હિસાબે ચલાવવાનો અધિકાર નથી મળ્યો.

એપ્રિલમાં હીટસ્ટ્રોકના ૬૦૦૦થી વધુ કેસ

શહેરીજનો માટે એપ્રિલ મહિનો ભયાનક સાબિત થયો : પેટના દુઃખાવાના ૨૩૨૬ કેસ નોંધાયા

અમદાવાદ,

સામાન્ય રીતે મે મહિનો ગરમ વાયરાના કારણે લોકોને દઝાડતો રહ્યો છે. આપણા ઋતુચક્ર મુજબ વૈશાખ અને જેઠ મહિના કાળઝાળ ગરમીના ગણાય છે. આ વખતે ઉનાળો આકરો નીવડશે તેવી આગાહીના પગલે અમદાવાદમાં એપ્રિલ મહિનો જ લોકો માટે ભયાનક નીવડ્યો છે. એપ્રિલ મહિનાના ૨૮ દિવસમાં એટલે કે તા.૧થી ૨૮ એપ્રિલ સુધીમાં મ્યુનિ. કોર્પોરેશનના ચોપડે હીટસ્ટ્રોકના સત્તાવાર ૬૦૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂકયા છે.

દક્ષિણ ઝોનના હેલ્થ વિભાગના વડા અને મ્યુનિ. હીટ એકશન પ્લાનના નોડલ ઓફિસર ડૉ.તેજસ શાહ કહે છેકે ચાલુ એપ્રિલ મહિનામાં હિટસ્ટ્રોકના વિવિધ કેસ નોંધાયા છે. તા.૧થી ૧૬ એપ્રિલ દરમિયાન ભારે ગરમીથી પેટના દુઃખાવાના કુલ ૧૩૬૩ કેસ, પેટનો દુઃખાવો તેમજ ઝાડા-ઉલ્ટી ના ૭૭૭ કેસ, લૂ લાગવાના ૫૧૮, માથાના દુઃખાવાના ૧૦૧ કેસ અને લૂ લાગીને બેહોશ થઈ જવાના ૬૯૩ કેસ મળીને તંત્રના ચોપડે કુલ ૩૪૫૨ કેસ નોંધાયા હતા. આ દિવસોમાં હિટસ્ટ્રોકના રોજના ૨૧૫ કેસ નોંધાતા રહ્યા હતા.

અમદાવાદમાં એપ્રિલના ૧૫-૧૬ દિવસ પછીના દિવસો પણ હિટસ્ટ્રોકના વિવિધ પ્રકારના કેસ લઈને આવ્યા છે. આ અંગે વધુ માહિતી આપતાં મ્યુનિ. હીટ એકશન પ્લાનના નોડલ ઓફિસર ડૉ.તેજસ શાહ કહે છે તા.૧થી ૨૮ એપ્રિલ સુધીના સમયગાળામાં હીટસ્ટ્રોકને લગતી વિવિધ ફરિયાદોના કુલ ૬૦૧૭ કેસ નોંધાઈ ચૂકયા છે. તા.૨૮ એપ્રિલે પેટના દુઃખાવાના ૯૪, પેટનો દુખાવો અને ઝાડા-ઉલ્ટીના ૫૦, તાવ આવવાના ૨૭, માથાના દુઃખાવાના ૧૬ અને મૂર્છિત થવાના ૧૧૦ મળીને કુલ ૨૯૭ કેસ હીટસ્ટ્રોકને લગતા નોંધાયા હતા.

હિટસ્ટ્રોકની વિવિધ અસરો અંગેની વિગતવાર માહિતી જો તપાસીએ તો તા.૧થી ૨૮ એપ્રિલ સુધી પેટના દુઃખાવાના સૌથી વધુ ૨૩૨૬ કિસ્સા નોંધાયા છે. શહેરના ૨૩૨૪ નાગરિકોને ભારે ગરમીના કારણે પેટમાં દુઃખાવો ઉપડયો હતો. તા.૨ એપ્રિલે સૌથી વધુ ૧૧૪ નાગરિકોને પેટનો દુઃખાવો ઉપડયો હતો. છેલ્લા ૨૮ દિવસો દરમિયાન પેટના દુઃખાવાના દર્દીઓની સરેરાશ જોઈએ તો આ દિવસોમાં રોજના ૮૩ નાગરિકોને ભારે ગરમીથી પેટનો દુઃખાવો થયો હતો.

જ્યારે પેટના દુઃખાવાની સાથે ઝાડા-ઉલ્ટીનો ભોગ તા.૧થી ૨૮ એપ્રિલ દરમિયાન કુલ ૧૩૮૦ લોકો બન્યા હતા. તા.૨૫ એપ્રિલે સૌથી વધુ ૬૨ લોકો પેટનો દુઃખાવો અને ઝાડા-ઉલ્ટીનો ભોગ બન્યા હતા. હિટસ્ટ્રોકની આ અસરના પગલે રોજના લગભગ ૫૦ શહેરીજનોને માથાના દુઃખાવાની સાથે ઝાડા-ઉલ્ટીની તકલીફ સેહવી પડી હતી. હવે ભારે ગરમીના કારણે આ સમયગાળા દરમિયાન કુલ ૮૩૦ લોકોને લૂ લાગી હતી. લોકોને લૂ લાગવાના સૌથી વધુ ૪૯ કેસ એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ એટલે કે તા.૩ એપ્રિલે નોંધાયા હતા. તંત્રના સત્તાવાર આંકડામાં દર્શાવ્યા મુજબ રોજેરોજ ૩૦ અમદાવાદીઓને કાળઝાળ ગરમીથી લૂ લાગી હતી. આકાશમાં માથું ફાડી નાંખે તેવી ગરમી પડી રહી હોઈ તેની અસર સ્વાભાવિકપણે માથાના દુઃખાવા તરીકે થઈ રહી છે. શહેર અગનભઠ્ઠીમાં ફેરવાઈ જવાથી કુલ ૧૯૧ લોકોને તા.૧થી ૨૮ એપ્રિલ દરમિયાન માથામાં સણકા ઉપડ્યા હતા. બીજા અર્થમાં રોજના સાતેક શહેરીજનોને ગરમીના કારણે માથાનો પીડાદાયક દુઃખાવો ઉપડયો હતો. હવે ભારે ગરમીથી મૂર્છિત થવાના કિસ્સાઓ પણ ચિંતાજનક હદે નોંધાયા છે. કુલ ૧૨૮૯ લોકોને આ ગરમીએ મૂર્છિત કરી દીધા હતા. અમદાવાદમાં રોજના ૪૬ લોકો એવા છે કે જે ભારે ગરમીથી અકળાઈ ઉઠીને પોતાનું સાનભાન ગુમાવી દે છે અને ગરમીનો પ્રકોપ સહન ન કરવાથી બેહોશ થઈ જાય છે. આ સમયગાળા દરમિયાન ગત ૨૨ એપ્રિલે એક નાગરિકનો અસહ્ય ગરમીથી લૂ લાગવાના કારણે મ્યુનિ. હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. જો કે, હજુ સુધી હિટસ્ટ્રોકથી કોઈ નાગરિકનું મોત થયું હોય તેવો કિસ્સો નોંધાયો નથી.

સામૂહિક આપઘાતના પ્રયાસ બાદ જમાઈ સામે અંતે ઘરેલું હિંસાની ફરિયાદ નોંધાઈ

અમદાવાદ,

સાબરમતી નદીમાં એક પરિવારે કૂદીને સામૂહિક આપઘાતનો પ્રયાસ કરવાની ચોંકાવનારી ઘટનામાં પોલીસે જમાઈ વિરૂદ્ધ ઘરેલું હિંસાની ફરિયાદ નોંધી છે. માતા તેની દીકરી, દિકરો તેમજ છ વર્ષના બાળક સાથે જમાઈના ત્રાસથી નદીમાં કૂદી ગયા હતા પરંતુ સ્થાનિક પોલીસ તેમજ કિન્નરે તેમને બચાવી લીધા હતા.

જમાઈના ત્રાસથી નદીમાં કૂદેલા પરિવારને પોલીસ અને કિન્નરે બચાવી લીધો હતો

ભુદરપુરા વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષના ચંપાબહેન તેમની દિકરી રીના અને તેમનું છ વર્ષનું બાળક અને ચંપાબહેનનો દિકરો ચંદ્રનગર રિવરફ્રન્ટના વોકવે પરથી નદીમાં કૂદયા હતા. આ પરિવાર જેવો નદીમાં કૂદયો એટલે આસપાસના લોકો તેમને બચાવવા માટે બૂમો પાડવા લાગ્યા હતા. તે સમયે ત્યાં નજીકમાં ઉભેલા કેટલાક કિન્નરે પોતાની સાડી નદીમાં નાંખીને આ પરીવારને બચાવવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ કર્મચારી પણ નદીમાં કૂદયા હતા. ચારેયને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.

પારિવારીક ઝઘડાના કારણે આ ચારેય આત્મહત્યા કરવા માટે આ પગલું ભર્યું. આ બનાવની જાણ થતાં સિનિયર અધિકારીઓ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. રીનાબહેનને પતિ સાથે ઘણા સમયથી અણબનાવ હતો તે ઘણી વખત ઘરજમાઈ તરીકે પણ રહેવા આવતો હતો અને પછી જતો રહેતો હતો. અગાઉ પરિવારે એના પતિ સામે કાર્યવાહી કરી હતી. પતિ વિરૂદ્ધ કાર્યવાહી બાદ પણ તે ન સુધરતા તેનો ત્રાસ યથાવત રહ્યો હતો. રીનાના પતિએ આપેલા ત્રાસથી છૂટવા માટે આ પરિવાર નદીમાં કૂદયો હતો. આ ઘટના બાદ પોલીસ સફાળી જાગી હતી અને હેરાન કરતાં રીનાના પતિ વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. એલિસબ્રિજ પોલીસે રીનાના પતિ વિરૂદ્ધ ઘરેલુ હિંસા સહિતનો ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

લોકસભા ચૂંટણીને લઈને પોલીસ એલર્ટ

લોકસભાની ચૂંટણી શાંતિથી પૂરી થાય તે માટે શહેરમાં પોલીસનું માઈક્રોલેવલ પ્લાનિંગ

અમદાવાદ,

શહેરમાં ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસ તેમજ સુરક્ષા એજન્સી એલર્ટ મોડ પર છે. પોલીસ તેમજ સુરક્ષા એજન્સીએ શહેરમાં લોખંડી સુરક્ષા ગોઠવી દીધી છે. ત્યારે મોડી રાત્રે સંવેદનશીલ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ચૂંટણી ટાણે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસ અસામાજિક તત્ત્વ ઉપર વોચ પણ રાખી રહી છે. જ્યારે હિસ્ટ્રીશીટર સહિતના લોકોને તડીપાર પણ કરવામાં આવ્યા છે.

લોકશાહીનું પર્વ આવી રહ્યું છે ત્યારે શહેરમાં જડબેસલાક સિકયોરિટી ગોઠવી દેવામાં આવી છે. ૭ મેના રોજ લોકસભાની ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન છે જેમાં દરેક પક્ષના ઉમેદવારો જીત મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ચૂંટણીનું પર્વ શાંતિથી ઉજવાય તે માટે પોલીસે માઈક્રો લેવલનું પ્લાનિંગ શરૂ કરી લીધું છે. શહેરમાં શાંતિ અને સલામતી જાળવી રાખવાની જવાબદારી પોલીસના શીરે છે. શહેર પોલીસે ગઈકાલે સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તયારે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસે તમામ પ્રકારના પ્લાનિંગ કરી દીધા છે. શહેરમાં નેતા તેમજ મહાનુભાવો જંગી જાહેર સભા સંબોધવાના છે ત્યારે કોઈ બનાવ બને નહીં તેની પણ સંપૂર્ણ જવાબદારી પોલીસની રહે છે. ચૂંટણીમાં મતદાતાઓને રિઝવવા માટે દારૂ પાર્ટીઓનું પણ આયોજન થતું હોય છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાંય લાખો કરોડો રૂપિયાનો દારૂ બુટલેગર લાવી રહ્યા છે. બુટલેગરને રોકવા માટે પોલીસ તેમજ સુરક્ષા એજન્સીઓએ ઠેર-ઠેર સઘન ચેકિંગ શરૂ કરી દીધું છે. એક બાજુમાં એસએમસી દારૂનો જથ્થો ઝડપી રહી છે ત્યારે પોલીસ પણ સતત રેડ પાડીને દારૂના નાના મોટા કેસ કરી રહી છે. ચૂંટણીના દિવસોમાં પોલીસ એક્ટિવ મોડ પર છે.

પોલીસ હાઈટ્રેડ બની છે એટલે આ ચૂંટણીમાં વધુને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. પોલીસ ૭મે સુધી બોડીવોર્ન કેમેરા પહેરીને ડયુટી કરશે. સંવેદનશીલ વિસ્તારમાં ડ્રોન મારફતે વોચ પણ રાખશે. સંવેદનશીલ વિસ્તારમાં જે લોકોએ કાચની બોટલો, પથ્થર કે પછી ડંડાનો જથ્થો રાખ્યો હશે તેની વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. વાહનોના ચેકિંગમાં પોલીસ કેમેરાથી વીડિયો રેકોર્ડીંગ કરશે. રાજકોટ બેઠક પરથી ભાજપ તરફથી પરષોત્તમ રૂપાલા લડી રહ્યા છે. રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી વિવાદિત ટિપ્પણીઓ બાદ રાજકારણ ગરમાયું છે. ચૂંટણી પહેલાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-રની જાહેરાત કરવામાં આવી છે જેના કારણે આઈબી એલર્ટ થઈ ગઈ છે. ક્ષત્રિય સમાજના આંદોલનમાં કોઈ બીજા ગેરફાયદો ઉઠાવી જાય તેવા પણ ઈનપુટ આપવામાં આવ્યા છે જેના આધારે તપાસ કરવામાં આવશે. શહેરના શાહપુર, જુહાપુરા, સરખેજ, વટવા, દરિયાપુર વિસ્તારને સંવેદનશીલ વિસ્તારમાં ગણવામાં આવે છે જ્યારે ગમે ત્યારે કોમી છમકલું થઈ શકે છે. ચૂંટણી સંદર્ભે કોઈ બનાવ બને નહીં તે માટે પોલીસ તેમજ સુરક્ષા એજન્સીએ ઠેર-ઠેર ફૂટ પેટ્રોલિંગ કર્યું છે. પોલીસ તેમજ અર્ધલશ્કરી દળના જવાનોએ શહેરના અતિસંવેદનશીલ વિસ્તારોમાં સતત ફૂડ પેટ્રોલિંગ કર્યું હતું. પોલીસે ચૂંટણીમાં નુકસાનરૂપ સાબિત થતી ગેંગ સહિતની ગેંગનો ખાતમો કરી દીધો છે પરંતુ હજુ પણ ઘણા એવા રીઢા ગુનેગારો છે જેના કારણે શાંતિનો માહોલ ડહોળાઈ શકે છે. ચૂંટણી પહેલાં પોલીસે સંખ્યાબંધ માથાભારે તત્ત્વનો તડીપાર કર્યા છે અથવા તો પાસા હેઠળ જેલમાં મોકલી આપ્યા છે. હજુ પણ ઘણા રીઢા ગુનેગારો છે જેના ઉપર વોચ રાખવામાં આવી રહી છે. પોલીસ તેમજ એટીએસ, ક્રાઈમ બ્રાન્ચ સહિતની સુરક્ષા એજન્સીઓ ગુનેગારો પર બાજ નજર રાખે છે.

સીએ એઓ. અમદાવાદના પ્રમુખપદે સીએ રિકેન પટેલ બિનહરીફ ચૂંટાયા

અમદાવાદ,

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન અમદાવાદની તા.૨૭ એપ્રિલે મળેલી વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૪-૨૫ના નવા હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા હતા. સી.એ. રિકેન પટેલ પ્રમુખપદે, સી.એ.પ્રકાશ નાંદોલા માનદમંત્રી તરીકે, ઉપપ્રમુખપદે સી.એ. ઋષભ શાહ અને સી.એ. આશિષ શર્મા માનદમંત્રી પદે બિનહરીફ ચૂંટાયા હતા. આ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન અમદાવાદની કારોબારીના અન્ય સભ્યો તરીકે સી.એ. બિજલ ગાંધી, સી.એ. દીપમ એ.પટેલ, સી.એ.ગૌરવ શપરમાર, સી.એ.જિજ્ઞેશ શાહ, સી.એ.કેતુલ પટેલ, સી.એ.નીરવ ચોકસી, સી.એ. એસ.કે.સાધવાની, સી.એ. વિકાસ જૈન ચૂંટાયા હતા. સી.એ. અજીત સી.શાહ, સી.એ.ચંદ્રકાંત એચ. પમનાની તથા સી.એ.મુકેશ ખાંડવાલાનો કો-ઓપ્ટેડ મેમ્બર તરીકે સમાવેશ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન અમદાવાદની સંસ્થા વર્ષ ૧૯૫૧થી અસ્તિત્વમાં છે અને દેશમાં ત્રીજું સૌથી મોટું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન છે.

શેરબજારમાં કરેલા રોકાણ મુદ્દે આઈટીએ શો-કોઝ નોટિસ પાઠવી

અમદાવાદ,

ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટે કરદાતાએ શેરબજારમાં કરેલા વ્યવહારોને લઈને ૫૦થી ૧૦૦ પાનાની શો-કોઝ નોટિસ પાઠવી છે. કરદાતાએ જે કંપનીના શેર લીધા તેની સંપૂર્ણ માહિતી સાથેની નોટિસ કરદાતાને મોકલી છે. નોટિસમાં કરદાતાને કંપનીએ કરેલા પ્રોફિટને લઈને તેમને થયેલી આવક અંગે ૫ દિવસમાં ખુલાસો પૂછાયો છે.

ડિપાર્ટમેન્ટે કરદાતાઓને તેમણે કરેલા શેરબજારના વ્યવહારોને લઈનો મોટા પ્રમાણમાં નોટિસ પાઠવી છે જેને પગલે કરદાતા જૂના શેરબજારના વ્યવહારોની વિગતો શોધવા દોડતા થયા છે. ડિપાર્ટમેન્ટે પાઠવેલી એસેસમેનટની નોટિસમાં શેરબજારમાં જે કંપનીમાં રોકાણ કર્યું છે તેની વિગતો માંગી છે. નોટિસમાં કંપનીની વિગતો અને માહિતી આપીને કરદાતાઓને તે પ્રમાણે કરેલા રોકાણ અને મેળવેલા નફા અથવા નુકસાનની વિગતો આપવા જણાવ્યું છે.

ઈન્ડિજિનનો આઈપીઓ સોમવારે, ૬ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ, ઈન્ડિજિન લિમિટેડ (“કંપની”) સોમવાર, ૦૬ મે, ૨૦૨૪ના રોજ તેનો આઈપીઓ (“ઓફર”) ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૦૮ મે, ૨૦૨૪ છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે શુક્રવાર, ૦૩ મે, ૨૦૨૪ છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૩૦થી ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૫૨ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૩ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૩ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં લાયક ઠરેલા કર્મચારીઓના સબ્સ્ક્રીપ્સન માટે (“એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન”) રૂ. ૧૨૫ મિલિયન સુધીના મૂલ્યના એટલી જ સંખ્યા સુધીના ઈક્વિટી શેર્સને અનામત રાખવાનો સમાવેશ થાય છે. ઓફરમાં એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનને બાદ કરતાં જે વધે તેને અહીં નેટ ઓફર ગણવામાં આવશે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડીંગ કરતા લાયક કર્મચારીઓ માટે ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૦નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે (“એમ્પ્લોઈ ડિસ્કાઉન્ટ”). કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી આવકનો ઉપયોગ તેની મટિરિયલ સબસિડિયરી પૈકની એક આઈએલએસએલ હોલ્ડિંગ્સ ઈન્ક.ના દેવાની ચૂકવણી/પૂર્વચૂકવણી માટે, કંપની તથા તેની મટિરિયલ સબસિડિયરી પૈકીની એક ઈન્ડિજિન ઈન્ક.ના મૂડી ખર્ચની જરૂરિયાતો માટે તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે અને ઈનઓર્ગેનિક ગ્રોથ માટે કરવાની યોજના ધરાવે છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર લેવલે સીસીઆરએસનું મોનિટરીંગ કરાશે

અમદાવાદ,

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા નાગરિકો સામાન્ય ફરિયાદોને લઈ તંત્ર સમક્ષ નોંધણી કરાવી શકે તે માટે છેક વર્ષ ૨૦૧૩થી કોમ્પ્રીહેન્સિવ રિડ્રેસલ કમ્પ્લેન સિસ્ટમ (સીસીઆરએસ) કાર્યરત છે. આ સિસ્ટમ હેઠળ સત્તાવાળાઓ દ્વારા ફોન નં.૧૫૫૩૦૩ પૂરો પાડયો છે જેના પર નાગરિકો નળ, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ વગેરેને લગતી ફરિયાદ નોંધાવી રહ્યા છે. જો કે, આ સિસ્ટમ હેઠળ નોંધાતી ફરિયાદના મામલે છાશવારે લોકોનો અસંતોષ ઉઠતો જોવા મળી રહ્યો છે જેના કારણે હવે ડેપ્યુટી મ્યુનિ. કમિશનરના લેવલે સીસીઆરએસની ફરિયાદોનું મોનિટરીંગ કરવાનો નીતિ વિષયક નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરીજનોને રોજબરોજના જીવનમાં ઓછું પાણી આવવું, દૂષિત પાણી આવવું, પાણી સમય કરતાં પહેલાં જંતુ રહેવું, ગટર ઉભરાવવી, રસ્તા પરના ખાડા, સ્ટ્રીટ લાઈટ બંધ હોવી, ઘર આસપાસના વિસ્તારમાં રખડતા ઢોર કે રખડતા કૂતરાની રંજાડ કે પછી મૃત પશુનો સમયસર નિકાલ ન થવો વગેરે બાબતો સાથે પનારો પડતો હોય છે. આવા સમયે નાગરિકો માટે સીસીઆરએસની ફરિયાદ વ્યવસ્થા દાખલ કરાઈ છે જેમાં નાગરિકો પોતાને કનડતી સમસ્યા અંગે ફરિયાદ નોંધાવી શકે છે. સીસીઆરએસ લોકોને ખાસ્સી ઉપયોગી બની રહી છે તેમ છતાં અનેકવાર નાગરિકની જે તે ફરિયાદનો સંતોષજનક નિકાલ લાવ્યા વગર તેને બંધ કરી દેવામાં આવે છે એટલે કે જે તે નાગરીકની સમસ્યાનું નિરાકરણ આવતું નથી. આ બાબતને મ્યુનિ. કમિશનર એમ.થેન્નારસને ગંભીરતાથી લીધી હોવાથી સીસીઆરએસ હેઠળ કરાતી ફરિયાદનું મોનિટરીંગ ડેપ્યુટી મ્યુનિ. કમિશનર સ્તરેથી કરવાનો આદેશ આપ્યો છે. એટલે કે હવે નીચલા સ્તરના અધિકારીઓ પોતાની મનમાની કરી શકશે નહીં.

ઉંટિયા ગામની સીમમાં પશુપાલકનો ખેતર માલીક પર લાકડીથી હુમલો

(પ્રતિનિધિ) ભરૂચ,

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉંટિયા ગામની સીમમાં ગાયો ચરાવનાર ઈસમે તેની ગાયો અન્ય ખેડૂતના ખેતરમાં લઈ આવતા ખેડૂતે ગાયો બહાર કાઢવાનું કહેતા ગાયો ચરાવનારે ખેડૂત પર લાકડીથી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના બનવા પામી હતી. ઝઘડિયા પોલીસ માંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા તાલુકાના ઉંટિયા ગામે રહેતા દલપતભાઈ છગનભાઈ પટેલ ગત તા.૨૭ મીના રોજ ગામની સીમમાં આવેલ તેમના ખેતરે બપોરના સમયે દવા છાંટવા ગયા હતા.તે વખતે ત્યાં ઝઘડિયા જીઆઈડીસીની એક કંપની નજીક રહેતો જલાભાઈ ઉર્ફે પેટીયુ ભરવાડ નામનો ઈસમ તેની ગાયો ચરાવતો હતો.આ ઈસમ તેની ગાયોને ચરાવતો ચરાવતો દલપતભાઈના ખેતરમાં લઈ ગયો હતો.તેથી દલપતભાઈએ તેને ગાયો ખેતર માંથી બહાર કાઢવાનું કહ્યું હતું.દલપતભાઈએ ગાયો ખેતર માંથી કાઢવા માટે તેને બેત્રણ વાર બુમો પાડતા આ ઈસમ જલાભાઈએ કંઈપણ બોલ્યા વિના તેના હાથમાં રહેલ લાકડી દલપતભાઈને માથામાં મારી દીધી હતી.

મોર્ગન સ્ટેન્લી ગિફ્ટ આઇએફએસસીમાં ફંડ મેનેજમેન્ટ ઓપરેશન્સનું ઉદ્ઘાટન કર્યુ

અમદાવાદ, ગુજરાત - મોર્ગન સ્ટેનલીએ આજે ગિફ્ટ આઈએફએસસીમાં તેના ફંડ મેનેજમેન્ટ ઓપરેશન્સના ઉદ્ઘાટનની જાહેરાત કરી છે, જે ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રવેશદ્વાર છે.

ગિફ્ટ સિટીમાં મોર્ગન સ્ટેન્લીની હાજરી, ભારતમાં ફર્મની પદચિહ્નને વધુ ઊંડી બનાવે છે અને ગિફ્ટ આઈએફએસસીના ભવિષ્યમાં અમારો વિશ્વાસ દર્શાવે છે. નવી સ્થપાયેલી કામગીરી ફર્મને ભારતે ઓફર કરેલી બહુ-દશકા રોકાણની તકોમાં ભાગ લેવાની મંજૂરી આપવા માટે ગોઠવવામાં આવી છે.

ગિફ્ટ સિટીમાં મોર્ગન સ્ટેન્લીની હાજરી, ભારતમાં ફર્મની પદચિહ્નને વધુ ઊંડી બનાવે છે અને ગિફ્ટ આઈએફએસસીના ભવિષ્યમાં અમારો વિશ્વાસ દર્શાવે છે. નવી સ્થપાયેલી કામગીરી ફર્મને ભારતે ઓફર કરેલી મલ્ટી ડિકેડ ઈન્વેસ્ટમેન્ટની તકોમાં ભાગ લેવાની મંજૂરી આપવા માટે ગોઠવવામાં આવી છે. આ અમારી ફ્રેન્ચાઈઝી માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે,× અરુણ કોહલી, મેનેજિંગ ડિરેક્ટર, અને ભારતના કન્ટ્રી હેડ, મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું હતું. કોહલી ઉમેરે છે કે, “ગિફ્ટ આઈએસએસસીમાં કામગીરીનું સેટઅપ એ ભારતમાં અમારી વૃદ્ધિ વ્યૂહરચના માટે સક્ષમ છે. માલવિકા શંકર, હેડ ઓફ ઈન્ડિયા ઈક્વિટીઝ, મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું હતું કે, ×વિદેશી રોકાણકારો માટે, ગિફ્ટ આઈએફએસસી દ્વારા ભંડોળના પ્રવાહની તક, જે વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક ફાઈનાન્શિયલ હબની સમકક્ષ સરળતા અને સરળ નિયમનકારી શાસન પ્રદાન કરે છે, તે મોર્ગન સ્ટેન્લી માટે એક આકર્ષક તક છે. આઈએફએસસીએ ના ચેરમેન શ્રી કે રાજારામન, અને શ્રી સુભાષ ચંદ્ર અગ્રવાલ, આઈઆરએસ, એડિશનલ ડાયરેક્ટર જનરલ,ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ અને સિનિયર ડેવલપમેન્ટ કમિશનર, ગીફ્ટ સિટી –એસ.ઈ.ઝેડ ગાંધીનગર એ ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આઈઅેફઅેસસી, આઈએફએસસીએઅને ગિફ્ટ એસઈ ઝેડના વરિષ્ઠ અધિકારીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ક્રેડિટ કાર્ડ આપવાના બહાને યુવક પાસેથી સાયબર ગઠિયાઓએ ૨. ૭૯ લાખ સેરવી લીધા

અમદાવાદ,

ઈસનપુરમાં રહેતા એક યુવકે ઓનલાઈન ક્રેડિટ કાર્ડ લેવા માટે એપ્લાય કરતાં તેને અલગ અલગ બહાના હ

સરદાર પટેલ, પંડિત નહેરૂ, મહાત્મા ગાંધી સત્તા માટે નહીં ત્રિરંગાની શાન માટે નિર્ણય કરતાં હતાં ?!

ભારતનું નેતૃત્વ "સત્તાકરણ" નહીં "સેવાકરણ" પર ચૂંટણી લડતું હતું અને સૈધ્ધાંતનિક ધર્મયુદ્ધ થતું આજે વાણી વિલાસ અને ફકત સત્તા માટે ખેલાતા ચૂંટણી જંગમાં ત્રિરંગાની શાન કોણ જાળવી શકશે ?!

તસ્વીર ભારતની સાંસદની છે !! વર્ષ ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં અભૂતપૂર્વ ચૂંટણી જંગ જામ્યો છે !! ભા.જ.પ.તરફથી અને એન.ડી.એ. ગઠબંધન તરફથી ફકત શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ચહેરો આગળ કરાયો છે !! બીજા ક્રમે શ્રી અમિતભાઈ શાહ છે !! ત્યારપછી બીજા બધાંના નામો સ્ટાર પ્રચારક તરીકે છે !! કોંગ્રેસમાં પ્રમુખ શ્રી મલિકા અર્જુન ખડકે, પ્રિયંકા ગાંધી, શ્રી રાહુલ ગાંધી તથા ઈન્ડિયા ગઠબંધનના પક્ષોના નેતાઓ સામેલ છે !! પરંતુ નેતાઓ દ્વારા મુદ્દાઓ પ્રજાની સમસ્યાને હલ કરવા માટેના નથી પણ એકબીજાની પોલીસી વિરૂધ્ધ કયાંક ગોબેલ્સ પ્રચાર નિતિ ચાલતા પ્રજા દ્વિધામાં આવી ગઈ છે !! અને એવરેજ ૧૦% મતદાન ઘટયું છે ?! ઉત્સાહભેર મતદાન કરવા કોઈ બહાર આવતું નથી !! વાણી વિલાસ અને ભાષાકીય ભ્રમજાળ ગુંથી ગુંથીને થતાં પ્રચારને લઈને લોકો ઉદાસીન થયા છે ?! ક્યાં પંડિત જવાહરલાલ નહેરૂ અને ક્યાં સરદાર વલ્લભભાઈ પટેલ ?! એવું જુના મતદારોને લાગતું હશે પણ આજની યુવા પેઢી કથિત ફેક શોશિયલ મિડીયામાંથી બહાર આવે તો પોતાના નેતાઓના સાચા સ્વરૂપને સમજી શકે ને ?!

(તસ્વીર સમાચાર ભરત ઠાકોર તથા માનદ્દ મદદનીશ ગઝાલા શેખ દ્વારા)

મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી એકતા કયાં ?! લાલબહાદુર શાસ્ત્રી જેવી સાદગી કયાં છે ?! ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી જેવી કુરબાની કયાં છે ?! અટલ બિહારી વાજપાઈ જેવી શાલીનતા કયાં છે ?!

આજના યુવાનો કથિત ફેક શોશિયલ મિડીયાના ચકકરમાંથી બહાર નીકળે ?! ઈન્સ્ટાગ્રામની ટાઈમપાસ પ્રવૃત્તિમાંથી ? વિડીઓ ગેઈમના ચકકરમાંથી બહાર આવે તો યુવા પેઢી દેશના ઈતિહાસના પાના તપાસે ને ?!

સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું કે, ×ધર્મના નામ ઉપર દેશનું આ એક વિભાજન પુરતું છે હવે વધુ વિભાજનોને નોતરા આપવાનું ×પાપ× આપણે ન કરીએ×!! જયારે પંડિત જવાહરલાલ નહેરૂએ કહ્યું છે કે, ×કાર્યને કિનારે પહોચાડવા સ્પષ્ટ દ્રષ્ટિનું હોકાયંત્ર જોઈએ×!! ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂં હતાં જયારે ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હતાં બન્ને મહાત્મા ગાંધીના ડાબો - જમણો હાથ હતાં !! બિનસાંપ્રદાયિકતા, માનવતા અને પ્રખર લોકશાહી વાદી બન્ને નેતાઓએ આઝાદી પછી ×રેતીમાં વહાણ ચલાવીને દેશ ઉભો કર્યો× !! આ બન્ને નેતાઓ વચ્ચે કોઈપણ મુદ્દે ખુલ્લા મને ચર્ચા કરતા પરંતુ નિર્ણય એ કરતા જે મહાત્મા ગાંધી કહેતાં અથવા તો ભારતના હિતમાં હોય એ નિર્ણય કરતાં !! બન્ને નેતાઓ માટે ×સત્તા ગૌણ× હતી રાષ્ટ્ર હિત અગત્યનું હતું !! અગાઉની ચૂંટણીઓ વૈશ્વિક કલ્યાણ !! રાષ્ટ્રના ઉત્થાન અને પ્રજાની પ્રાથમિક સમસ્યા હલ કરવા માટે લડાતી !! મહાત્મા ગાંધી રોજ ×રામ× નું નામ લઈ દિલથી પ્રાર્થના કરતા પણ તેઓ ડાં. ભીમરાવ આંબેડકરે રચેલા ×બંધારણ વાદની ભાવનાને માનતા હતાં× અને મહાત્મા ગાંધી ×નિઃસ્વાર્થ કર્તવ્યને ધર્મ માનતા× આ આઝાદ ભારતની વાત છે !!

પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ ×ગાંધીવાદી× કોંગ્રેસના પ્રચારક અને પુરસ્કર્તા હતાં !! આઝાદી, લોકશાહી અને રાષ્ટ્રની અખંડિતતા માટે સંયુકત નિર્ણય લેનારા આ કોંગ્રેસી નેતાઓ કયારે વ્યક્તિવાદી રાજનિતિમાં નહોતા માનતા પણ ×ગાંધીવાદ અને બંધારણ વાદ× એ તેમની રાજનિતિ હતી !!

મહાત્મા ગાંધી કહેતા હતાં કે, ×શ્રધ્ધા ગુમાવવી એટલે લડાઈ હારી જવી×!! પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ એ મહાત્મા ગાંધીના જમણો અને ડાબો હાથ સમાન હતાં !! માટે જ આ બન્ને નેતાઓમાં સાદગી, માનવતા, નિડરતા, નૈતિકતા અને કમનિષ્ઠા હતી !! પંડિત જવાહરલાલ નહેરૂ ૧૪ નવેમ્બર, ૧૮૮૯ માં જન્મેલા !! શિક્ષણ ઈંગ્લેન્ડમાં લઈ બી.એ., એમ.એ. અને બેરીસ્ટર થયેલા !! વર્ષ ૧૯૨૧ માં આઝાદી માટેના અસહકારક આંદોલન દરમ્યમાન તેમની ધરપકડ થયેલી !! ૧૯૨૮ ઈન્ડિયન ટ્રેડ યુનિયન કોંગ્રેસના અધ્યક્ષ હતાં !! ૧૯૩૦ માં મીઠાનો સત્યાગ્રહ કર્યો અને જેલમાં ગયા !!



પંડિત જવાહરલાલ નહેરૂ ભારતના પ્રથમ વડાપ્રધાન



સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના નાયબ વડાપ્રધાન તથા ગૃહમંત્રી

૧૯૩૬ માં લખનૌ કોંગ્રેસની અધ્યક્ષ અને સમાજવાદના પુરસ્કાર પ્રાપ્ત થયો !! તેઓએ આઝાદી પૂર્વે યુરો, મલેશિયા, બ્રહ્મ દેશ, સ્પેન, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, ઈજીપ્તના દેશોની મુલાકાત લીધી હતી !! ૧૫ જુન, ૧૯૪૫ જેલમાં ગયા !! ×ભારતની શોધ× પુસ્તક લખ્યું !! ભારતના વડાપ્રધાન બન્યા બાદ પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે સંયુકત રીતે અનેક પ્રશ્નો હલ કર્યા હતાં !!

લોકશાહી ભારતના નકશીગાર, કાબેલ અને બાંહોશ દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ તા. ૩૧-૧૦-૧૮૭૫ માં થયો હતો તેઓનો જન્મ ખેડા જીલ્લાના નડિયાદ ખાતે થયેલો !! તેઓ અખંડ ભારતના નકશીગાર હતાં !! માટે તેમણે ૫૬૨ જેટલા રજવાડાઓને એક કરીને મજુબત અને અખંડ ભારતની રચના કરી દેશના ખરા અર્થમાં ×સરદાર× બની ગયા !! ભારતના ભાગે સાડા સાત લાખ સ્કવેર માઈલ પ્રદેશ આવ્યો અને અઠયાવીસ કરોડની વસ્તિ આવી હતી. આ સંજોગોમાં પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે કટોકટીભર્યા કાળમાં દેશનું ×વહાણ રેતીમાં ચલાવ્યું હતું×!! અને વિકાસ કર્યો હતો !! સરદાર વલ્લભભાઈ પટેલ પ્રખર ગાંધીવાદી કોંગ્રેસી હતાં જયાં ગાંધીજીની સહમતી ન હોય ત્યાં પોતે જ ન હોય આવા સિધ્ધાંતવાદી સેવક કોંગ્રેસી હતાં !! વર્ષ ૧૯૧૮ થી સરદાર ભારતના રાજકીય વર્તુળોમાં જોડાયા હતાં !! ચંપારણમાં ગાંધીજીએ અંગ્રેજ શાસન સામે આપેલું આકરૂં નિવેદનથી સરદાર વલ્લલભભાઈ પટેલ પ્રભાવિથ થયા હતાં !! સરદાર વલ્લભભાઈ પટેલ સત્તાવાંચ્છુક રાજકારણી નહોતા અને પંડિત જવાહરલાલ નહેરૂં પણ સત્તાવાંચ્છુક રાજકારણી નહોતા બન્ને નેતાઓએ મહાત્મા ગાંધીના નિર્ણયથી વડાપ્રધાન અને નાયબ વડાપ્રધાન બનેલા !! કોંગ્રેસની રણનિતિ અદ્દભૂત હતી મહાત્મા ગાંધીએ પંડિત જવાહરલાલ નહેરૂને વડાપ્રધાન બનાવ્યા અને સરદાર વલ્લભભાઈ પટેલને ગૃહમંત્રી બનાવ્યા ત્યારે બન્નેએ પોત પોતાની જવાબદારી સંયુકત રીતે નિભાવી હતી !! અને સરદાર પટેલે ગૃહ ખાતું સંભાળ્યું માટે તેઓ ૫૬૨ રજવાડાને એક કરી શકયા હતાં !! માટે તો બ્રિટીશ વાઈસોય માઉન્ટ બેટને સરદાર પટલને યોગ્ય સત્તા સોંપાઈ એવું ગાંધીને કહ્યું હતું !! અને સરદાર પટેલે માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે આકાશવાણીની ઉર્દુ સેવાઓને સજીવન કરી ઉર્દુ ભાષામાં ખાસ સામાયિક શરૂ કરાવ્યું હતું જેમાં જોશ મલિદાબાદીને તંત્રી તરીકે નિયુકત કર્યા હતાં !! આવા ઉદારમતવાદી સરદાર પટેલ હતાં !! આજે સત્તા માટે ધર્મવાદી, જ્ઞાતિવાદ, કોમવાદ ચાલે છે તેના પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ બન્ને સપ્ત વિરોધી હતાં !! તો હવે પ્રજા શોધે અને નેતાઓ પણ આત્મદર્શન કરે તેમના આત્મા સરદાર પટેલના સિધ્ધાંતો છે ?! હૃદયમાં સરદાર પટેલ કે પંડિત જવાહરલાલ નહેરૂ જેવી દોસ્તી કે સિધ્ધાંતો છે ?!

આઝાદીની લડત વખતના નેતાઓ અને આઝાદી પછી દેશનું સુકાન સંભાળનારા નેતાઓની પસંદગી કરતી પ્રજા ?! અને ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીના નેતાઓ અને તેમને ચૂંટતા લોકોની કવોલીટી ?! ની ચર્ચા થઈ રહી છે તે કયાં ખોટી છે ?!

લોકસભાની ચૂંટણીમાં સરેરાશ ઘટતું જતું મતદાન એના માટે કોણ જવાબદાર ?! લોકોને કોઈની ગેરેન્ટીમાં ભરોસો નથી પડતો કે શું ?! આજનું ગોબેલ્સ રાજકારણ કોઈને સમજાતું નથી કે શું ?!

×હે મેરે વતન કે લોગો જરા આંખ મેં ભરલો પાની જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની×!! આ ગીત આઝાદી પછી લતા મંગેશકરે લાલ કિલ્લા પરથી ગાયું ત્યારે ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ રડી પડયા હતાં !! દેશની આઝાદી માટેની દેશના લશ્કરના જવાનો માટેની આ સંવેદના આ ભાવ આ ત્યાગ હતો !! આઝાદી પછીના નેતાઓમાં દેશમાં બીજા એક કોંગ્રેસી વડાપ્રધાન થઈ ગયા જેમનું નામ હતું લાલ બહાદુર શાસ્ત્રી !! તેઓ રશિયા ગયેલા અને તાસકંદ મંત્રણા દરમ્યાન તેમનું અચાનક અવસાન થયેલું !! તેમણે નારો આપેલો ×જય જવાન - જય કિશાન× અને અનાજ બચાવવા બધાં ×સોમવાર× કરતાં હતાં !! તેમાં ભારતના અનેક લોકો જોડાયેલા ત્યારપછી શ્રીમતી ઈન્દિરા ગાંધીએ વડાપ્રધાન પદ શોભાવ્યું !! સુવર્ણ મંદિરમાં ઘુસી ગયેલા ખાલિસ્તાનવાદી ૮૦૦ જેટલાં આંતકવાદીઓને દુર કરવામાં આખરે કટ્ટરવાદીઓના હાથે શ્રીમતી ઈન્દિરા ગાંધીએ જાન ગુમાવ્યો !! તામિલ ઉગ્રવાદીઓની પ્રવૃત્તિઓ વિરૂધ્ધ પગલા લેતાં વડાપ્રધાન તરીકે શ્રી રાજીવ ગાંધીએ જાન ગુમાવ્યો !! શ્રી રાજીવ ગાંધી તનો રાજકારણનો જરાએ અનુભવ નહોતો છતાં દેશમાં કોમ્પ્યુટર યુગ - મોબાઈલ યુગ લાવીને ભારતમાં આધુનિકતાના બીજ રોપાવ્યા હતાં !! શ્રી અટલ બિહારી વાજપાઈ વડાપ્રધાન તરીકે આવ્યા આ જીવહૃદયી વડાપ્રધાન શ્રી બાજપાઈએ ૧૯૭૧ માં ઈન્દિરા ગાંધીની સંસદમાં ખુબ પ્રસંશા કરી હતી !! ત્યારપછી આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ×સર્વનો સાથ દેશનો વિકાસ×નું સૂત્ર આપી દેશને આગળ લઈ જવાની વાત કરાઈ રહી છે !!

ત્રિરંગાની શાનની ગઈકાલ, આજ અને આવતી કાલ કેવી હશે ?

બંધારણનો હેતુ સામાજીક પરિવર્તન લાવવાનો હતો અને અમે એમ ન કહી શકીએ કે એકવાર મિલકત ખાનગી થઈ ગઈ તે પછી કલમ-૩૯(બી) નો કોઈ ઉપયોગ થતો નથી - ચીફ જસ્ટીસ ધનંજયભાઈ ચંદ્રચુડ !!-

તસ્વીર ભારતની સુપ્રિમ કોર્ટની છે જેમાં મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસીએશન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો કેસ ચાલી રહ્યો છે !! સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડના વડપણ હેઠળની બંધારણીય બેન્ચના ૯ ન્યાયાધીશો સૂનાવણી કરી કહ્યા છે !! આ કેસમાં સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધંનજયભાઈ ચંદ્રચુડે એવું અવલોકન કર્યું છે કે, "ખાણો, જંગલો જેવી વસ્તુઓની વિચારણા કરો, ઉદાહરણ તરીકે આપણે કહીએ કે કલમ-૩૯(બી) હેઠળ ખાનગી જંગલો પર સરકારની નિતિને લાગુ નહીં પડે તેનાથી દુર રહો કારણ કે તેખૂબ જખતરનાક પ્રસ્તાવ હોઈ શકે છે" !! આજે દેશમાં ગરીબો વધુ ગરીબ થતાં જાય છે !! મોટા ઔદ્યોગિક ગૃહો જીવન જરૂરિયાતની જે વસ્તુ ખરીદે છે !! જાહેરખબરો આપે છે ને ડબલ કમાય છે !! છતાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ ખરીદીમાં સરખો જી.એસ.ટી. ભરે છે ?! આ અસમાનતાની ખાઈ વિષે દેશના નેતાઓને વિચારવાનો સમય ન હોય પણ દેશની સુપ્રિમ કોર્ટે વિચારણા શરૂ કરી છે ?! શું નિર્ણય આવશે એ ભવિષ્યની વાત છે !! તસ્વીર સુપ્રિમ કોર્ટના એ ન્યાયાધીશોની છે જે આ કેસની સૂનાવણી કરી રહ્યા છે !! ડાબી બાજુથી ઈન્સેન્ટ તસ્વીર સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડની છે !! બીજી તસ્વીર જસ્ટીસ શ્રી હરિકેશ રોય, જસ્ટીસ સુશ્રી બી.વી. નાગરત્ના, જસ્ટીસ શ્રી સુધાંશુ ધુલીયા, જસ્ટીસ શ્રી જે. બી. પારડીવાલા, જસ્ટીસ શ્રી મનોજભાઈ મિશ્રા, જસ્ટીસ શ્રી રાજેશ બિન્ડલ, જસ્ટીસ શ્રી સતીષચંદ્ર શર્મા, જસ્ટીસ શ્રી ઓગસ્ટિન જયોર્જ મસીહની છે !!

(તસ્વીર સમાચાર ભરત ઠાકોર તથા માનદ્દ મદદનીશ ગઝાલા શેખ દ્વારા)

"આખી દુનિયાના કામદારો એક જૂથ થઈ જાય તો તેમને ગુમાવવા જેવું કશું નહીં રહે" - કાર્લ માર્કસ !!

મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસીએશન લી. વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર કેસની સૂનાવણી હાથ ધરાઈ !!

અમેરિકામાં મિલકત રાખવાનો વધારવાનો અને ઉપયોગ કરવાનો અધિકાર છે છતાં સરકાર તેને વ્યાજબી વળતર ચૂકવી રાજયહસ્તક લઈ શકે છે !!

ભારતની સુપ્રિમ કોર્ટના જસ્ટીસ શ્રી ગજેન્દ્રભાઈ ગડકરે કહ્યું છે કે, ×બંધારણથી આ દેશમાં દાખલ કરવા ધારેલી લોકતાંત્રિક જીવનરિતિનો પાયો અને સ્તંભ છે×!! જયારે કાર્લ માર્કસે કહ્યું હતું કે, ×જો આખી દુનિયાના કામદારો એકજૂથ થઈ જાય તો તેમની પાસે ખોવા માટે કશું નહીં બચે×!! આ છે બધારણીય સ્વાતંત્ર્ય અને સામાજીક ન્યાયની પરિભાષા !! જેની ચર્ચા દેશની સુપ્રિમ કોર્ટમાં સાર્વજનિક ભલાઈ માટે રાજય સત્તાવાળા તેનો કબજો લઈ શકે નહીં તે મુદ્દા પર સુપ્રિમ કોર્ટમાં નવ ન્યાયાધીશોની બેન્ચ સૂનાવણી કરી રહી છે !! અને આ સુનાવણી સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડના વડપણ હેઠળની બંધારણીય બેન્ચમાં ચાલી રહી છે !! બીજી તરફ લોકસભાની ચૂંટણીમાં પણ ખાનગી મિલકતનું અપ્રમાણસર જમાવડા હેઠળ સામાજીક ન્યાયની વાત કોંગ્રેસે કરતા ભારે ઉત્તેજનાના માહોલ વચ્ચે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, ×કોંગ્રેસ તમારી ખાનગી મિલકત લઈ લેવા માંગે છે×!! અને ત્યાં સુધી કહ્યું છે કે, ×બહેનોના મંગલસૂત્ર પણ સરકાર લઈ લેશે×!! ત્યાં સુધી આ મુદ્દો ચર્ચા જગાવે છે ત્યારે આ મુદ્દો ભારતની પ્રજામાં ×ટોક ઓફ ધી નેશન× બન્યો છે !!

લોકશાહી વિચારધારાનું નેતૃત્વ કરતા અને ઉદારમતવાદી એવા અમેરિકામાં મિલકતના અધિકાર અંગે શું જોગવાઈ છે ?!

અમેરિકાના સ્વાતંત્ર્યના ઉદ્દઘોષણા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ×ઈશ્વરે માનવીને કેટલાક હકકો આપેલા છે જેવા કે, જીવવાનો હકક, મુક્તિનો હકક, સુખ પ્રાપ્તિનો હકક આ દરેક હકકોના રક્ષણ માટે માનવ સમાજમાં સરકારી રચના કરવામાં આવી છે×!! અમેરિકામાં પણ આ રીતે મિલકત ધારણ કરવાનો અધિકાર છે ! અમેરિકા એ પ્રગતિશીલ, ઉદારમતવાદી અને લોકશાહી રાષ્ટ્ર છે !! આ અમેરિકામાં મિલકત તરીકે જમીન, નાણાં, મકાનો, બેંક બેલેન્સ, શેરોનો સમાવેશ થાય છે આ હકક મુજબ અમેરિકામાં વ્યકિતનો મિલકત ધરાવવાની, તેનું રક્ષણ કરવાની પણ સ્વતંત્રતા છે !! પરંતુ અમેરિકામાં પણ આ હકકમાં મહત્વની જોગવાઈ છે (૧) જયારે વ્યકિત મિલકતના અધિકારનો ઉપયોગ કરે છે ત્યારે તેણે તેનો ઉપયોગ એવી રીતે કરવાનો છે કે જેથી સમાજમાં અને રાજયમાં રહેતી બીજી કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ તેનો કે તેમના જીવન સ્વતંત્રતા કે મિલકતના હકકનો ઉપયોગ કરતા મુશ્કેલી ન પડે ! (૨) જયારે રાજય સરકારો અને કેન્દ્ર સરકાર જરૂર પડે ત્યારે આ હકક પર જો અંકુશ મુકવો હોય તો તે સબંધિત કાયદાની રચના કરવી પડે છે !! સરકાર જાહેર હિતમાં ખાનગી મિલકત લઈ શકે છે !! પરંતુ સરકારે મિલકતનું યોગ્ય વળતર આપવું પડે છે !!

ભારતના બંધારણમાં મિલકતના અધિકાર અંગે શું જોગવાઈ છે ?! અને ભારતની સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડ આ અંગે શું કહે છે ?!

ભારતની સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી એ. કે. સિકીએ ભૂતકાળમાં કહ્યું હતું કે, ×ભારતના બંધારણનું વાંચન અને તેનું અર્થઘટન આમુખના ભવ્ય અને ઉમદા દર્શનના પ્રકાશમાં કરવું જોઈએ×!! પ્રજાસત્તાક બંધારણનું આમુખમાં સાર્વભૌમત્વ, સમાજવાદ, ધર્મ નિરપેક્ષ, લોકતંત્ર પ્રજાસત્તાક લક્ષણ, ન્યાય સ્વાતંત્ર્ય, સમાનતા, ભ્રાતૃભાવ, વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની વાત મુકી છે !! ભારતમાં મિલકતના મૂળભૂત અધિકાર વિવાદીત રહ્યો છે !! સુપ્રિમ કોર્ટે કેશવાનંદ ભારતી વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા કેસમાં એવું ઠરાવેલું કે, ×કોઈપણ કાયદાનો ૯ મી અનુસૂચિમાં સમાવેશ કરાયો હો તો કોઈપણ કાયદાને બંધારણના પાયાગત લક્ષણોનો ભંગ કરતો હોવાના કારણસર પડકારી શકાય છે×!!

ભારતમાં એવી જોગવાઈ હતી કે, કાયદાએ આપેલી સત્તા સિવાય કોઈ વ્યકિતને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહીં એટલે હવે મિલકતનો અધિકાર કાયદાવિદોના મત અનુસાર મૂળભૂત અધિકાર રહેતો નથી !! છતાં આર્ટિકલ ૩૧ (સી) મૂળભૂત અધિકારનો ભાગ તરીકે રહે જ છે !! પરંતુ હાલ મુંબઈ પ્રોપર્ટી ઓનર્સ એસોસીએશન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો કેસ સુપ્રિમ કોર્ટમાં ચાલે છે.

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડે મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસીએશન વિરૂધ્ધ મહારાષ્ટ્ર સરકાર કેસમાં એવી રજૂઆત થઈ છે કે, બંધારણની કલમ-૩૯(બી) અને ૩૧(સી) અંતર્ગત ખાનગી મિલકતોને રાજય સત્તાવાળાઓ કબજે કરી શકે નહીં !! જેની સામે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશો કહે છે કે, ×સમુદાયના ભૌતિક સાધનોનો અર્થ માત્ર જાહેર જંગલો પર સરકારની નિતિને લાગુ નહીં પડે તેનાથી દુર રહો કારણ કે તો મુજબ ખતરનાક પ્રસ્તાવ હોઈ શકે છે !! ૧૯૫૦ ના દાયકામાં બંધારણની રચના કરવામાં આવી ત્યારે સામાજીક અને અન્ય પ્રચલિત પરિસ્થિતિના સંદર્ભે કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે, ×બંધારણનો હેતુ સામાજીક પરિવર્તન લાવવાનો હતો અને અમે એમ ન કહી શકીએ કે એકવાર મિલકત ખાનગી થઈ ગઈ છે તે પછી કલમ-૩૯(બી) નો કોઈ ઉપયોગ થતો નથી×!! કોર્ટમાં આ મુદ્દે એવો ગંભીર સવાલ ઉઠાવ્યો કે, ×સમાજમાં કલ્યાણકારી પગલા અને સંપત્તિની પુનઃ વહેચણીની આવશ્યકતા હોવા છતાં ખાનગી સંપત્તિ પર કલમ-૩૯(બી) લાગુ ન પડે એવું કહી શકાય×!! ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડે એવું પણ નિરીક્ષણ કર્યું કે, ×જમીનદારી પ્રથા× ની નાબૂદી અને મિલકતના સંપૂર્ણ મૂડીવાદી ખ્યાલ પણ કરતા કહ્યું કે, ×તે મિલકતના એકાધિકારની ભાવનાને આભારી છે×!! આમ સુપ્રિમ કોર્ટની ૯ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે એટલો તો ઈશારો કરી દીધો છે કે, સરકાર તમારૂં મંગળસૂત્ર ભલે ના લઈ લે પણ સામાજીક સમાનતા અંગે નિતિ તો ઘડી શકે ?! જો કે આખરી ફેંસલો શું આવે છે ?! તેની રાહ જોવી રહી !!

"જમીનદારી પ્રથા નાબૂદી" જેવા અનેક પગલા ભૂતકાળમાં લેવાયા હતાં પરંતુ એનો અર્થ એવો નથી કે તમામ મિલકત સરકાર લઈ લેશે ?!

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ધનંજયભાઈ ચંદ્રચુડ, જસ્ટીસ હરિકેશ રોય, જસ્ટીસ બી. વી. નાગરત્ના, જસ્ટીસ સુધાશુ ધુલીયા, જસ્ટીસ જે. બી. પારડીવાલા, જસ્ટીસ મનોજભાઈ મિશ્રા, જસ્ટીસ રાજેશ બિંન્ડલ, જસ્ટીસ સતીષચંદ્ર શર્મા, જસ્ટીસ ઓગસ્ટિન જયોર્જ મસી આ કેસની સૂનાવણી કરી રહ્યા છે !!

વ્હાઈટ હાઉસ (અમેરિકા)

ધનંજયભાઈ ચંદ્રચુડ
ચીફ જસ્ટીસ
(સુપ્રિમ કોર્ટ)

તમને કહી શકીશ કે શા માટે આવો દ્રષ્ટિકોણ જોખમી હશે×! ખાણો અને ખાનગી જંગલો જેવી વસ્તુઓની વિચારણા કરો, ઉદાહરણ તરીકે આપણે કહીએ કલમ-૩૯(બી) હેઠળ ખાનગી સંશોધનો છે અને અમારી પાસે ખાનગી મિલકતમાં તેનું મૂળ નથી એવું સૂચન કરવું થોડું આત્યાંતિક હોઈ શકે છે×!! ચીફ જસ્ટીસ શ્રી ધનંજયભાઈ ચંદ્રચુડે આવા અવલોકનની પ્રતિક્રિયા આપતા આગળ એમ પણ કહ્યું છે કે, ×હું

આ લેખોમાં પ્રગટ થતાં વિચારો લેખકના પોતાના છે **વેસ્ટર્ન ટાઈમ્સ**તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

આપની આજ

બુધવાર
તા.૧-૫-૨૦૨૪

મેષ:- આજે આપને પ્રવાસ મુસાફરીના યોગ પ્રબળ બને છે. તેમજ આજરોજ થનારી અગત્યની મુલાકાતોમાં સફળતા મળવાની છે.

વૃષભ:- આપના ઉચ્ચ શિક્ષણ માટે પરદેશ જવાના કામકાજમાં સફળતા મળવાની છે. ધાર્મિક સ્થળની યાત્રા થાય.

મીથુન:- આપના જમીન અને મકાનના કામકાજમાં સફળતા મળશે તેમજ નાંના આયોજનો સફળ થવાના છે.

કર્ક:- સગાઈ-લગ્ન માટેના કામકાજ માટે મુસાફરી કરવાનો યોગ બને છે વિદ્યાર્થી મિત્રોને ઈતર પ્રવૃતીમાં ધ્યાન આપવાથી નુકશાન થાય.

સિંહ:- આપના ધંધા વ્યવસાયમાં ઈચ્છીત લાભ થવાનો છે તેમજ આપની દૈનીક આવકમાં પણ વધારો થવાનો છે.

કન્યા:- ટુકી મુસાફરી તેમજ વધુ પડતા કામકાજથી આપનું આરોગ્ય સાચવશો. દિવસ એકંદરે સારો છે.

તુલા:- આપના ધંધાકીય તેમજ જમીન મકાના દસ્તાવેજનું ધ્યાન રાખશો લખાણ તેમજ જામીનના કામોમાં જવાબદારીઓ લેશો નહી.

વૃશ્ચિક:- પ્રવાસ તેમજ સંદેશા વ્યવહારના કામકાજમાં ફાયદો થવાનો છે આપના પ્રવાસ તેમજ પર્યટનના કામો પણ સફળ થાય.

ધન : આજરોજ પરદેશ સાથેના કામકાજમાં ઈચ્છીત સફળતાઓ મળવાની છે. અધુરા રહેલ કામોમાં ગતિ આવે.

મકર:- આપની ભાડાની આવકમાં ઘટાડો થવાની શકયતાઓ છે. મોસાળ પક્ષ તરફથી સંપૂર્ણ સાથ સહકાર મળે.

કુંભ:- આપના આરોગ્યમં તકલીફો આવવાની છે. વાણી વર્તનમાં સંયમ રાખવો.

મીન:- આપની માતાના આરોગ્યમાં ગરબડ થાય ડોકટરની પાસે સારવાર માટે જવું પડે તેમ છે.

ખત્રી સમાજની ૭ પેટા જ્ઞાતિઓના ૧૦૦ બટુકોને વિનામૂલ્યે યજ્ઞોપવિત કરવાની જવાબદારી ઉપાડી પરેશભાઈએ

અમદાવાદ :દરેક સફળ વ્યક્તિના જીવનમાં સમાજનું પ્રદાન હંમેશા રહેલું હોય છે. સમાજના આ ઋણને ચૂકવવા માટેજ પરેશભાઈ પરસોતમદાસ ખત્રીએ પોતાના સમાજની સાત પેટા જ્ઞાતિઓના એક સો બટુકોની એક સાથે વિનામૂલ્યે યજ્ઞો પવિત કરવાની જવાબદારી એકલા હાથે ઉપાડી લીધી હતી. તારીખ ૨૮ એપ્રીલ ૨૦૨૪ ને રવિવારના રોજ આ ભવ્ય પ્રસંગનું આયોજન થયું હતું. બટુકો, વાલીઓ, જ્ઞાતિજનો તથા સાતેય જ્ઞાતિના પ્રમુખએ ભેગા મળી આનંદ અને ઉત્સાહ સભર આખો પ્રસંગ માણ્યો. જ્ઞાતિજનો તરફથી દરેક બટુકોને આશરે ૭૦ જેટલી ભેટ આપવામાં આવી હતી. ગઈકાલના સમારંભમાં સ્વયંસેવકોનો ફાળો કદી ન ભૂલાય એવી છાપ છોડીને ગયો છે. સતત મહેનત, ઈમાનદારી, અને હંમેશા કંઈક નવું કરવાના વિચાર સાથે જીવનારા પરેશભાઈ ખત્રી એક ખૂબ સાહસિક અને સફળ વ્યક્તિ છે. છેલ્લા ઘણા મહિનાઓની રાત દિવસની મહેનતથી આ પ્રસંગ ખૂબ સફળ રીતે પાર પાડ્યો છે. બટુકો, વાલીઓ, અને જ્ઞાતિજનોના તેમને ખૂબ ખૂબ આશીર્વાદ

આંદોલન અને ઉનાળાની ગરમીમાં ચૂંટણીનો ગરમાવો જામી શકતો નથી

મતદાનની તારીખ નજીક હોવા છતાં કાર્યકરો નિરુત્સાહ અને મતદારોનું મૌન ઉમેદવારો માટે ચિંતાજનક

હિંમતનગર, ગુજરાતમાં લોકસભાની ચૂંટણીની ૨૫ બેઠકો માટે આગામી તા.૭મી મેના રોજ મતદાન થનાર છે ત્યારે સાબરકાંઠામાં ક્ષત્રિય આંદોલન અને ઉનાળાની ગરમીને કારણે મતદારો ચૂંટણીમાં હાલના તબકકે રસ દાખવી રહ્યા નથી. ઉપરાંત ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોમાં કેટલાક મુદ્દે અસમંજસ હોવાને કારણે તેઓ નિરુત્સાહ જોવા મળી રહ્યા છે. જો કે, આગામી દિવસમાં કાર્યકરોને પ્રોત્સાહન કરવા માટે બંને પક્ષના મોવડીઓ દ્વારા કેટલીક વ્યૂહરચનાને આખરી ઓપ આપી દેવાયો છે. જેની અસર મતદાન પહેલા દેખાઈ આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

કોંગ્રેસ અને ભાજપના અગ્રણીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, હાલના તબકકે ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનને લીધે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો પ્રચારમાં જોડાઈ રહ્યા નથી. પરંતુ એટલું ચોકકસ છે કે શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મતદારો વિકાસ ઝંખી રહ્યા છે. જેથી બંને પક્ષના કાર્યકરો તેમનો સંપર્ક ન કરે તો પણ મતદારોએ કોને મત આપવો તે અગાઉથી જ નકકી કરી દીધું છે. પરંતુ મતદારો હાલના તબકકે પક્ષના અગ્રણીઓ તથા કાર્યકરો સમક્ષ કંઈપણ બોલવા તૈયાર નથી તે પાછળના અનેક કારણો છે. તેમાં મતદારોને થયેલા સારા-નરસા પરિબળો જવાબદાર છે પણ હાલના તબકકે જોવા જઈએ તો કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ મતદારોને પોતાની તરફે કરવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તેમાં તેમને વધુ સફળતા મળી નથી. જેના લીધે બંને પક્ષ દ્વારા ચોકકસ જ્ઞાતિના સંમેલનો બોલાવાઈ રહ્યા છે. પરંતુ તેમાં સાબરકાંઠા અને અરવલ્લીના મોટાભાગના મતદારો હાજર રહેતા નથી. તેમ છતાં બંને પક્ષના મોવડીઓ જે દાવા કરી રહ્યા છે તે સાંભળીને મતદારો મનમાં મલકાઈ રહ્યા છે.

‘‘આપણું બુથ સ્વચ્છ બુથ’’ અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા

પાલનપુર, દાંતીવાડા સહિતના સ્થળોએ મતદાન જાગૃતિ માટે સુંદર પ્રયાસ

પાલનપુર, લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે બનાસકાંઠા જિલ્લામાં આગામી ૭ મેના રોજ મતદાન થવાનું છે. લોકશાહીના મહાપર્વમાં દરેક નાગરિક પોતાની ભાગીદારી નોંધાવી શકે અને વધુમાં વધુ મતદાનનો સંકલ્પ પૂર્ણ થઈ શકે એ માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે. સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, બનાસકાંઠાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને સ્વીપ ટીમ દ્વારા મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેના ભાગરૂપે ૨૮ એપ્રિલના રોજ રામપુરા, કરજા, પાલનપુર, દાંતીવાડા, લાટોલ, લાખણી, મોટા સડા, ખીમત અને દિયોદર તાલુકામાં વિવિધ બુથ સ્થળોએ ‘‘તમારા મતદાન મથકોને જાણો’’, ‘‘ચુનાવ પાઠશાળા’’ અને ‘‘આપણું બુથ સ્વચ્છ બુથ’’ જેવા કાર્યક્રમો દ્વારા મતદાન જાગૃતિનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના થકી લોકો મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ બન્યા હતા.

ધાનેરામાં ‘‘આપણું બુથ, સ્વચ્છ બુથ’’ કાર્યક્રમ અંતર્ગત નવા મતદારોને મતદાન મથકની મુલાકાત કરાવી, તેમને મતદાર યાદી ક્રમાંક આપી મતદાન વિશે સમજ આપવામાં આવી હતી. દાંતાની સ્વીપ ટીમ દ્વારા મોટાસડા બુથ પર ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજી લોકોને મતદાન કરવા માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી જેમાં મોટસડા પ્રા.શાળા અને આંગણવાડી સ્ટાફ ગણોન પૂરો સહયોગ રહ્યો હતો.

પાલનપુરના ૭૫ વર્ષીય વૃદ્ધનું કુદરતી મૃત્યુ થયું

પિતાની ઈચ્છાથી પુત્રોએ બનાસ મેડિ. કોલેજમાં પિતાનું દેહદાન કર્યું

પાલનપુર, પાલનપુરના લક્ષ્મીપુરાના ૭૫ વર્ષીય પટેલ રાયચંદભાઈ રામાભાઈ મનવરનું રવિવારે કુદરતી મૃત્યુ થયું હતું. પિતાના અવસાન બાદ બનાસ મેડિકલ કોલેજમાં પિતાનું દેહદાન કર્યું હતું. મૃત્યુ બાદ પણ પોતાની કાયા સમાજને ઉપયોગી બની રહે અને મેડિકલના વિદ્યાર્થીઓને માનવ દેહના અભ્યાસમાં તેમની કાયા મદદરૂપ બને તે માટે પટેલ રાયચંદભાઈ રામાભાઈ મનવરના દેહનું દાન બનાસ મેડિકલ કોલેજ મોરિયામાં દાન કરવામાં આવ્યું હતું.

પાલનપુરના લક્ષ્મીપુરાના પટેલ રાયચંદભાઈ રામાભાઈ મનવરનું અવસાન થયા બાદ તેમના પરિવારે તેમના દેહને મેડિકલ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે દાન કર્યું હતું. બનાસ મેડિકલ કોલેજના ચેરમેન પી.જે. ચૌધરીએ જણાવ્યું હતું કે, એક તરફ અત્યારે માનવ જીવન પર અનેક બીમારીઓ પ્રહાર કરી રહી છે ત્યારે આ બિમારીઓ સામે માનવ જાતિને બચાવવા માટે મેડિકલના વિદ્યાર્થીઓ નવી-નવી શોધ કરી રહ્યાં છે. આ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ માટે માનવ શરીરની જરૂરિયાત ઉભી થતી હોય છે અને માનવ શરીરના બંધારણના અભ્યાસ માટે તે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

જગાણા ખાતે હનુમાન જયંતિ નિમિત્તે યજ્ઞ હવન યોજાયો

(તસ્વીરઃ ભગવાનભાઈ સોની, પાલનપુર)

(પ્રતિનિધિ) પાલનપુર, પાલનપુર તાલુકાના જગાણાના છબીલા હનુમાનના મંદિરે ચૈત્ર સુદ-૧૫ ના દિવસે શ્રી હનુમાન જયંતિ મહોત્સવ નિમિત્તે હોમાત્મક યજ્ઞ હવન યોજાયો યજ્ઞ તથા મહા આરતી તથા નવી ધજા તેમજ રામધૂન નું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૦ વર્ષથી સતત હનુમાન જયંતિ ઉજવાય છે હનુમાનજીના દર્શન માટે લોકો આવે છે જેમાં શનિવારે હજારો લોકો હનુમાનની સમક્ષ મનોમન પોતાની પ્રાર્થના કરે છે અને તેમને ઉચિત ફળ પણ મળે છે તમામ ધર્મપ્રેમી જનતા ભાવિક ભક્તોએ દર્શનનો અને પ્રસાદનો લાભ લીધો હતો આ કાર્યક્રમ માં પૂર્વ સરપંચ ભરતભાઈ ચૌધરી, ગણેશભાઈ ચૌધરી, રતીભાઈ લોહ, અરવિંદભાઈ જેગોડા, પુજારી હિરાભાઈ સોની, જશુભાઈ ચૌધરી, દિલીપભાઈ કરેણ, ભાવેશભાઈ કરેણ જેવા ગ્રામજનો દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

વડાલી ખાતે ગેસ પુરાવાની લાઈનમાં એક યુવક પર હુમલો

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા, વડાલી શહેરમાં સીએનજી પમ્પ ઉપર ગેસ પુરાવાની લાઈનમાં ત્રણ આરોપીઓએ એક વ્યક્તિ ઉપર હુમલો કરાતા વડાલી પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાય છ.

વડાલી શહેરમાં સીએનજી ગેસ પમ્પ ઉપર વડાલીના રહેવાસી સુરેશભાઈ બાબુભાઈ સગર તેમની માલિકીનું સુપર કેરી કેરી ડાલુ લઈ ગેસ પુરાવાની લાઈનમાં ઊભા હતા ત્યારે વડાલીના ઝાકીર ખાન ઐયુબખાન પઠાણ તેમની ઈકોગાડી સુરેશભાઈ સગરની ગાડીની આગળ લાવી મૂકી દેતાં સુરેશભાઈએ મારી ગાડી આગળ તમારી ઈકો ગાડી કેમ લાવીને મૂકી દીધી તેમ કહેતાં જાકીર ખાન પઠાણ તથા બાઈક પર આવેલા અન્ય ત્રણ લોકોએ સુરેશભાઈ બાબુભાઈ સગર ઉપર હુમલો કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં સુરેશભાઈ બાબુભાઈ સગરે વડાલી પોલીસ સ્ટેશને ફરિયાદ આપી હતી જેની તપાસ વડાલી પીએસઆઈ જે .એમ.રબારી કરી રહ્યા છે.

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ

અનોખી ભેટ યોજના

શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂ.૧૦ કે રૂ.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફત મેળવો.

આજનો લકી નંબર ૨૬૯ ૪૭૮

નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

ગાંધીનગર તાલુકામાં મોટા ઈસનપુરની પ્રાથમિક શાળામાં યોજાયેલો કાર્યક્રમ

મતદાન માટે ગ્રામજનોને પ્રેરિત કરવા માટે સખી મંડળની બહેનો મોટા ઈસનપુર ગામે ગરબે ઘુમી

ગાંધીનગર, ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં સખી મંડળોની બહેનો દ્વારા મતદાન જાગૃતિ અર્થે ગરબા, શપથ, રેલી, રંગોળી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરીને ગામના નાગરિકોને લોકશાહીને મજબુત કરવા મતદાન અવશ્ય કરવા અપીલ કરી હતી. ચાર હજારથી વધુ સખી મંડળની બહેનો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બન્યા હતા.

ગાંધીનગર તાલુકાના મોટા ઈસનપુરની પ્રાથમિક શાળા ખાતે જિલ્લા ચુંટણી અધિકારી મેહુલ દવે તથા જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક જીજ્ઞાસા વેગડાની અધ્યક્ષતામાં સખી મંડળની બહેનો દ્વારા સુત્રોચ્ચાર સાથે ગરબાના તાલે મતદાર જાગૃતિ અર્થે ગ્રામજનોને તા.૭ મે ના રોજ અવશ્ય મતદાન કરવા જાગૃતિનો એક અનોખો પ્રયાસ કરાયો હતો. જેમાં ‘યુવા શક્તિના છે ત્રણ કામ, શિક્ષણ, સેવા અને મતદાન’ ‘મારો મત મારી ઓળખ,’ ‘ન વ્યસનથી નતો ફેશનથી યુવાનોનું ભાગ્ય બદલાશે મતદાનથી,’ આળસ કરીશ નહી ફરજથી ડગીશનહી, મતદાન ચુકીશ નહીં જેવા મત જાગૃતિના અવનવા પ્રેરણાત્મક સ્લોગન સાથે પ્રયાસ કરતી નારીશક્તિને ‘હોળી દિવાળી કિસ્મસ જેમ આ ચુંટણી લોકશાહીનો તહેવાર જો... તમે દેશનારે હિતમાં રે મતદાન આપજો...’ ગરબા સાથે નાગરિકોને મતદાન અંગે સંદેશ પાઠવ્યો હતો. સાથે પોતે મતદાન કરવા અને અન્યને કરાવવાના શપથ ગ્રહણકર્યા હતા.

ઉપરાંત મહિલાઓએ ‘મારો મત મારો અધિકાર’ ની મહેંદી મૂકી અવશ્ય મતદાન કરવાની પ્રતિજ્ઞા સાથે ઘર આંગણે આવેલા ચુંટણી પ્રસીંગને વધાવી લેવા ઢોલ નગારાના નાદ સાથે મતદાનમાં યોગદાન આપી ચુંટણીના આ અવસરમાં જોડાવાના સંદેશ સાથે રેલી પણ યોજી હતી. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જીજ્ઞાસા વેગડાએ હાજર મહિલાઓને સંબોધતા જણાવ્યું હતું કે, આપના ગામમાં અન્યની સરખામણીએ મહિલા મતદારો ૧૦ ટકા ઓછું મતદાન કરતા હોવાનું નોધાયું છે, ત્યારે પોતાના મતમાં જે તાકાત છે તેને સમજી ખાસ બહેનોના કિસ્સામાં મતદાન વધે તેવા પ્રયાસો કરવાના છે.

ટ્રક પાછળ ટૂવ્હીલર અથડાતાં દીકરા દીકરીની નજર સામે પિતાનું મોત

કરિયાણું લેવા દંતાલીથી કલોલ જવા નીકળ્યા ત્યારે શેરથા ચાર રસ્તા નજીક કાળ આંબી ગયો

ગાંધીનગર, ગાંધીનગર જિલ્લાના શેરથા ચાર રસ્તા નજીક ટ્રક પાછળ ટુવ્હીલર ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. તેમાં સગીર દીકરા-દીકરીની નજર સામે ઘટનાસ્થળે પિતાનું મોત થતાં અરેરાટીના દ્રશ્યો સર્જાયા હતા. દંતાલી ગામના રહીશ બે સંતાનો સાથે કરિયાણું લેવા માટે કલોલ જઈ રહ્યાં હતાં ત્યારે રસ્તામાં કાળ આંબી ગયો હતો. આ અંગે અડાલજ પોલીસે તપાસ હાથ ધરી છે.

દંતાલી ગામમાં રહેતા હરિશભાઈ અમરતભાઈ પંચાલ (ઉ.વ.૩૬) ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સોમવારે હરિશભાઈ તેમની દીકરી મેશ્વા (ઉ.૧૫) અને દીકરા દક્ષ (ઉ.૧૦)ને જયુપિટર પર લઈને દંતાલી ગામથી કલોલ કરિયાણું લેવા નીકળ્યા હતા તે દરમિયાન શેરથા ચાર રસ્તા પાસેના કટ નજીક હરિશભાઈએ પોતાનું જયુપિટર તેજ ઝડપે હંકારતા આગળ જતી ટ્રકના પાછળ જયુપિટર અથડાતા અકસ્માત સર્જાયો હતો તેમાં હરિશભાઈ ટ્રકના ટાયર નીચે આવી ગયા હતા અને બંને સંતાનોની નજર સમક્ષ તેમનું કમકમાટીભર્યું મોત નીપજયું હતું. આ અકસ્માતમાં દસ વર્ષના પુત્ર દક્ષને ગંભીર ઈજાઓ થઈ હતી જયારે મેશ્વાને સામાન્ય ઈજાઓ થઈ હતી. બનાવના પગલે મોટી સંખ્યામાં વાહનચાલકો ટોળે વળ્યા હતા. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દક્ષને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર કરી સઘન સારવાર અર્થે દક્ષને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતો.

ડીસામાં ભરઉનાળે વાદળછાયા વાતાવરણથી ખેડૂતો ચિંતિત

ડીસા, ડીસામાં ચૂંટણીના માહોલ વચ્ચે વાતાવરણ પલટાયુ છે. વાદળછાયા વાતાવરણથી ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે અને ઉનાળાની સિઝનની શરૂઆત સમયે અગાઉ માવઠું થયા બાદ ફરીથી હવામાનમાં પલટો આવ્યો છે.

ડીસા સહિત ઉત્તર ગુજરાતમાં સવારથી વાતાવરણ વાદળછાયું બનતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી છે. જોકે ભર ઉનાળાની સીઝનમાં અચાનક હવામાનમાં પલટો આવતા ગરમીમાં આંશિક રાહત થઈ છે. આજે સવારથી વાતાવરણ વાદળછાયુ બની જતાં જો માવઠુ થાય તો બનાસકાંઠા જિલ્લામાં શાકભાજી સહિત શક્કર ટેટી, તરબૂચ અને બાજરીના મોટા પ્રમાણમાં થયેલા વાવેતરને ભયંકર અસર થાય તેમ છે. જેના કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ગત વર્ષે ઉનાળાની સિઝન દરમિયાન ત્રણ વખત માવઠા થયા હતા જેથી આ વખતે પણ હવામાન વિભાગે અગાઉ આગાહી કરી હતી ત્યારે માવઠું થયું હતું ત્યારે આજે ફરીથી પણ વાતાવરણમાં પલટો આવતા માવઠું થવાની દહેશતને લઈ ખેડૂતો ચિંતિત છે. વાતાવરણમાં પલટો આવતા તાપમાનમાં ઘટાડો થતાં લોકોને ગરમીમાં આંશિક રાહત થઈ છે.

ગાંધીનગર સેકટર-૧૬ શ્રમજીવી વસાહતમાં ભૂલકાઓને રમકડાંનું વિતરણ કરાયું

ગાંધીનગર, ઓર્થોપેડિક સર્જન ડો. મહિપતસિંહ પરમાર અને ડેન્ટિસ્ટ ડો. પૌલમી પરમારની નાની દીકરી નિયાશી પરમાર ‘જોય-ઓ-મેકર્સ’ દ્વારા સેવાના કાર્યની સ્વતંત્ર રીતે શરૂઆત કરાઈ છે તેના ભાગરૂપે રવિવારે ગાંધીનગર સેકટર-૧૬, મહાત્મા ગાંધી વિદ્યાલય પાસે શ્રમજીવી વસાહતમાં નિયાશી પરમાર અને સાથી મિત્રોએ ૫૧ બાળકોને વેકેશનમાં રમવા માટે અવનવા રમકડાં આપ્યા હતાં કાર્યક્રમની શરૂઆત ‘‘ઓ ઈશ્વર ભજીએ તને..’’ પ્રાર્થનાથી કરાઈ હતી. કાર્યક્રમમાં કિશા શાહ, હિયાન ચૌહાણ, ખનક ચનિયારા, કથન ચનિયારા, ડો. કોમલ પંચાલ, લીના રાઠોડ, વૈભવી રાઠોડ, દ્વારા બાળ ગોપાળને વિવિધ પ્રકારના રમકડા અને સાથે બિસ્કિટ- જયૂસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરતમાં ગેરકાયદે સીમકાર્ડ દુબઈ મોકલતા ૪ ઝડપાયા

૧૩૮ સીમકાર્ડ કબજે કરાયા

સુરત, બાતમી આધારે સુરત શહેર પોલીસે ગેકાયદે રીતે દુબઈ મોબાઈલના સીમકાર્ડ મોકલતા ચાર ઈસમોને ૧૩૮ સીમકાર્ડ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. ઓનલાઈન ગેમિંગના બહાને લોકો સાથે ચીટિંગ થતા હોવાના કિસ્સામાં આ મામલો બહાર આવ્યો છે.

ભારતીય સીમકાર્ડ મેળવી ઓનલાઈન ગેમિંગના બહાને લોકો સાથે ચીટિંગ કરવામાં આવે છે તેમજ દુબઈ ખાતે મોકલવાની પ્રવૃતિ જે અંગે પોલીસ કમિશનર અનુપમનસિંહ ગેહલોતને ધ્યાન પર આવતા તેમની સીધી સુચનાથી ગેરકાયદે રીતે સીમકાર્ડ વેચાણ કરતા દુકાનદારો એજન્ટો પર વોચ રાખવામાં આવી રહ્યું હતું. તેમજ પોલીસને મળેલ બાતમીને આધારે શહેરના ભેસ્તાન ઉન સનામીલ ચાર રસ્તા પાસેથી સીમકાર્ડની ડિલિવરી હેરાફેરી કરતા ૪ ઈસમોને એક્ટિવ કરેલા ૧૩૮ સીમકાર્ડ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સુરત પોલીસની સ્પેશિયલ ઓપરેશન ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી આ દરમિયાન ગેરકાયદેસર રીતે મોબાઈલ સીમકાર્ડની હેરાફેરી કરતી ટોળકી બાબતે માહિતી મળેલ હતી અને આ ટોળકીના માણસો પાસે મોટી સંખ્યામાં મોબાઈલ સીમકાર્ડની હેરાફેરી કરતી ટોળકી બાબતે માહિતી મળેલ હતી અને આ ટોળકીના માણસો પાસે મોટી સંખ્યામાં મોબાઈલ સીમકાર્ડની હેરાફેરી કરવામાં આવી રહેલ જેથી પોલીસને મળેલ પાકી બાતમીના આધારે ભેસ્તાન ઉન સનામીલ ચાર રસ્તા પાસેથી અફઝલ આરીફભાઈ વ્હોરા, જયોતની પાછળ ઉધના, સુરતના તેમજ તેની મોપેડની પાછળ બેસેલ આદીલ ફિરોઝ વોરાનાઓને ઝડપી પાડી તેઓની પાસેથી એરટેલ કંપનીના કુલ્લે ૧૦૧ એક્ટિવ કરેલા સીમકાર્ડ કબજે કરી આ બન્નેની પુછપરછ કરતા જણાવેલ કે બીજા સીમકાર્ડની ડિલિવરી આપવા આવવાના હોવાનું કહેતા તેઓને સાથે રાખી શાંતીનગર સાઈબાબા મંદિર પાસેથી આરીફ બકસુ સેયક તથા મોહમદ ફારૂકવલી મોહમદ મેમણની પાસેથી બીજા ૩૭જીઓ કંપની એકટીવ સીમકાર્ડ મળી કુલ ૧૩૮ સીમકાર્ડ કબજે કરી ભેસ્તાન પોલીસે જાણવા જોગ દાખલ કરી આ સીમકાર્ડ ધારણા બાબતે તેમજ સીમકાર્ડ ક્યાં કેવી રીતે અને કોણ સેના માટે ઉપયોગ કરતો હતો તે બાબતે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

"વહુને સંતાનો ન હોવાથી સાસુએ મહેણાં મારતા મહિલાએ ૧૮૧ અભયમની મદદ માંગી

(પ્રતિનિધિ) ગોધરા, ઘોઘંબા તાલુકાના એક ગામમાં થી એક મહિલાનો કૉલ આવેલ અને જણાવેલ કે મારા સાસુ મને ઘરમાં શાંતિ થી રહેવા દેતી નથી અને ૬ વર્ષ થી એક પણ બાળક નથી તેથી ગાળો બોલે ધમકી બતાવે અને ઘરમાં થી સમાન ફેંકી આપી કાઢી મુકેલ છે.

૧૮૧ અભયમ ઘટના સ્થળે પહોંચી મહિલાનુ કાઉન્સિલીંગ કર્યું મહિલાના લગ્ન આશરે ૬ વર્ષ પહેલાં થયા હતા.પરિણીતાએ લગ્ન જીવનમાં દરમિયાન એક પણ સંતાનનો જન્મ આપ્યો નથી ત્યારે પતિ કહેતા કે બનતી સારવાર કરાવીશ પરંતુ બાળક નહિ હોવાના કારણે તરછોડીશ નહિ અને મહિલાને પૂરો સપોર્ટ પણ કરે છે સાથે હોસ્પિટલ સારવાર ચાલુ જ છે.

જયારે મહિલાના સાસુ સસરાએ વહુ સાથે ઝઘડા કરે અને દિકરાને બીજી વહુ લાવવાનું કહેતાં હતાં આ વહુ બાળકોનો જન્મ આપશે નહીં તેમ કહી તેનો ઘરમાંથી સમાન ફેંકી આપેલ.અને તેમને કાઢી મૂકવામાં આવ્યા હતા.તેન સસરા નશોકરીને આવી મારી નાખવાની પણ ધમકી આપતા હતા મહિલા ખુબજ ત્રાસ ગુજારતી હતી.

૧૮૧ અભયમના કાઉન્સેલરે મહિલાના સાસુ સસરાને સમજાવ્યા હતા અને હોસ્પિટલ સારવાર માટે જણાવ્યું હતું.ત્યારબાદ કાયદાકિય જાણકરી આપી સાસુ -સસરા અને વહુ વચ્ચે અસરકારક સલાહ આપી સમાધાન કરાવ્યુ હતું.

સાબરકાંઠામાં પાટીદાર અને ક્ષત્રિય તાલુકા સદસ્યનું ભાજપના ઉમેદવારને સમર્થન

(એજન્સી) મહેસાણા, સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી પ્રચાર જોરશોરથી કરી રહ્યા છે.

ભાજપના મહિલા ઉમેદવાર શોભનાબેન બારૈયા અને કોંગ્રેસના તુષાર ચૌધરી ગ્રામ્ય વિસ્તારોને ખૂંદી રહ્યા છે. તો બીજી તરફ રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધનું ડેમજ કંટ્રોલ પણ થઈ રહ્યાનો માહોલ સર્જાયો છે. આ દરમિયાન હવે ભાજપ સાથે વધુ એક ભાજપના જ ક્ષત્રિય યુવા આગેવાન ફરીથી પ્રચાર કાર્યમાં જોડાયા છે.

યુવા આગેવાન અને તાલુકા પંચાયતના સદસ્ય જિતેન્દ્રસિંહ ઝાલા અગાઉ ઉમેદવારના નામ જાહેર થવાને લઈ વિરોધમાં ઉતરી આવ્યા હતા અને ઉગ્ર રજૂઆતો કરી હતી. વિરોધના સર્જાયેલા ચિત્રમાં મુખ્ય ભૂમિકા જિતેન્દ્રસિંહે ભજવી હતી. જોકે હવે તેઓ ઉમેદવારના સમર્થનમાં આવીને ભાજપનો ખેસ પ્રભારી ગજેન્દ્ર સક્સેનાના હાથે પહેરીને પ્રચારની શરુઆત કરી હતી. આમ મહત્વના ક્ષત્રિય આગેવાન હવે ભાજપના ઉમેદવારના સમર્થનમાં પ્રચાર કરવા મેદાને ઉતર્યા છે.

ભાજપે સાબરકાંઠા બેઠક પર મહિલા ઉમેદવારને ટિકિટ આપી છે. જેનાથી પ્રેરાઈને હિંમતનગર તાલુકા પંચાયતના પાટીદાર અપક્ષ મહિલા સદસ્ય ધારા પટેલે ભાજપનો કેસરીયો ધારણ કર્યો છે. ધારા પટેલે ભાજપની મહિલા સશક્તિકરણ માટેની વિચારધારાથી પ્રેરણા લઈને તેઓ અપક્ષમાંથી ભાજપ સાથે જોડાયા હોવાનું કહ્યુ હતું.

રામ મંદિરના નિર્માણ સમયે જ તેઓએ ભાજપને સમર્થન કરવાનો નિશ્ચય કર્યો હતો અને હવે આખરે તેઓએ ભાજપનો કેસરી ખેસ ધારણ કર્યો હોવાનું મીડિયાને જણાવ્યું હતું. ધારા પટેલે કહ્યુ હતું કે, તેઓ ભાજપ માટે પ્રચાર કરીને ઉમેદવારને માટે સમર્થન કરશે.

ઉત્તર ગુજરાત

મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના સમાચાર

મતદાન જાગૃતિ માટે સરકારી કચેરીઓમાં રંગોળી કરાઈ

(પ્રતિનિધિ) પાલનપુર, લોકસભા ચુંટણીમાં મતદારોની સહભાગીદારી વધે તે માટે મતદાન જાગૃતિના સઘન ઝુંબેશના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પાલનપુરની નગરપાલિકા કચેરી, જિલ્લા પંચાયત અને નવા બસપોર્ટ ખાતે રંગોળી દ્વારા મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

વધુમાં વધુ મતદારો પોતાનો કિંમતી મત આપી લોકશાહીના મહાપર્વમાં ભાગીદારી નોંધાવે તે હેતુથી સ્વીપ અને ટીપ દ્વારા મતદાન જાગૃતિના વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે. જે અંતર્ગત આઈ.સી.ડી.એસ. ની બહેનો દ્વારા પાલનપુર નગરપાલિકા કચેરીમાં મતદાન જાગૃતિ માટે રંગોળી કરીને નાગરિકોને મતદાન અંગે જાગૃત કરવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે જિલ્લા પંચાયત ખાતે ‘‘આવો મતદાન કરીએ’’ અને “proud fro vote” તથા નવા બસપોર્ટ ખાતે “vote fro better India” ના સંદેશા થકી મહિલાઓ, પુરુષો અને યુવા મતદારોને સો ટકા મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ડો. હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા વાર્ષિકોત્સવ

ગાંધીનગર, ડો હેડગેવાર સ્મારક સેવા સમિતિ ગાંધીનગર દ્વારા સેકટર ૧૩માં સેવા વસ્તીના બાળકોને વિનામુલ્યે ટયુશન આપવાના હેતુ સાથે સંચાલિત ‘મહાત્મા પાઠ દાન’ કેન્દ્ર તેમજ ‘નવદુર્ગા પાઠ દાન’ કેન્દ્રના સંયુકત વાર્ષિકોત્સવ-૨૦૨૪નું આયોજન કરાયું હતું. તેમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિની અલગ અલગ કૃતિઓ- ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ૨૩ કુમાર, ૩૭ કન્યા સહિત ડો. હેડગેવાર સ્મારક સેવા સમિતિ ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી હસમુખભાઈ જોશી, સંઘ સંચાલક શંકરભાઈ ચાવડા, જિલ્લા કાર્યવાહ પંકજભાઈ ચુડાસમા અને સ્થાનિક આગેવાનો તથા નગરના સેવા પ્રમુખો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ સહભાગી થયા હતા.

ફોટોશૂટ કરતા કપલના ૭.૪૦ લાખના દાગીના લૂંટનાર રાણીપનો શખ્સ ઝડપાયો

ગાંધીનગરના દંતાલી ગામની સીમમાં ૨૧મી એપ્રિલે બનાવ બન્યો હતો

ગાંધીનગર, ગાંધીનગર તાલુકાના દંતાલી ગામની સીમમાં ૨૧મી એપ્રિલે કેનાલ પાસે બેઠેલા યુગલને છરી બતાવી રૂ.૭.૪૦ લાખના દાગીના લૂંટનાર બે શખ્સ પૈકી અમદાવાદના રાણીપમાં રહેતા સીબીત ઉર્ફે રાહુલ મુન્નાલાલ જગદીશભાઈ શર્માને અડાલજ પોલીસે ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના સિંધુભવન નજીક રહેતો સુજલ દેવાણી તેની વાગ્દતા ધ્રુવી સાથે ૨૧મી એપ્રિલે કાર લઈ અદાણી શાંતીગ્રામ તરફ ફરવા ગયો હતો. ત્યારે બંને દંતાલી ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલ તરફ રેલવે બ્રિજ નજીક કાર ઉભી રાખીને ફોટોશુટ કરી રહ્યા હતા તે વખતે સાંજના સાતેક વાગ્યાના સુમારે બાઈક ઉપર બે અજાણ્યા લુંટારુ ધસી આવ્યા હતા. એક લૂંટારુએ ખિસ્

દક્ષિણ ગુજરાત

સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

ભરૂચમાં નવી પ્રતિભા માટે ગીત-સંગીત અને ફેશન શોનું આયોજન

ભરૂચ, બ્લિસ ફોર ફલાઈંગ સંસ્થાના મીરા ઉપાધ્યાય અને રોટરી કલબ ઓફ ભરૂચ ફેમિનાના પ્રમુખ રોટરીયન શર્મિલા દાસ અને સેક્રેટરી રોટરીયન શહનાઝ ખંભાતી દ્વારા ૨૭મી એપ્રિલે ભરૂચમાં 'બ્લિસ ફોર ફલાઈંગ - સિંગિગ, ડાન્સિંગ એન્ડ ફેશન શો' ઓડિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો પ્રસંગની સરખામણી શ્રીમતી રાધિકા ઈનાની દ્વારા ખૂબ જ જીવંત કરવામાં આવી હતી.

ટિપ્સ મ્યુઝિક લેબલ અને બ્લેક હાર્ટ આર્ટિસ્ટ મ્યુઝિક પ્રોડકશન સ્ટુડિયોના સ્થાપક દ્વારા સ્ટાર ગુજરાતી કલાકાર સિઝન-૧ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કરણ રાવ દ્વારા સિંગિંગ ઓડિશનને નિર્ણાયક આપવામાં આવ્યું હતું. મધુરમ સ્કુલ ઓફ મ્યુઝિકના સ્થાપક ટ્રસ્ટી માધવી શાહ બીજા નિર્ણાયક હતા.

ગાયન ઓડિશનમાં ગાયકોના વૈવિધ્યસભર પુલમાં દોરવામાં આવ્યો હતો. જેમાં દરેક જજને તેમની મધુર કૌશલ્ય અને સ્ટેજની હાજરીથી મંત્રમુગ્ધ કરવા માંગતા હતા. ઉત્સાહપૂર્ણ લોકગીતોથી લઈને ઉત્સાહિત પોપ નંબરો સુધી, સહભાગીઓએ તેમની બહુમુખી પ્રતિભા અને સંગીત પ્રત્યેના જુસ્સાનું પ્રદર્શન થયું હતું. નૃત્ય ઓડિશનને માઈકલ- પ્રખ્યાત કોરિયોગ્રાફર અને ઈશા માસ્ટર-પ્રખ્યાત ભરતનાટયમ વિશારદ દ્વારા નિર્ણાયક આપવામાં આવ્યું હતું. નૃત્ય ઓડિશનમાં, કલાકારોએ ઈલેક્ટ્રિફાઈંગ કોરિયોગ્રાફી અને ઉર્જા સાથે સ્ટેજ મેળવ્યું. તેમની ગતિશીલ દિનચર્યાઓ શાસ્ત્રીય શૈલીઓથી લઈને સમકાલીન ફ્યુઝન સુધીની છે જે નૃત્ય સ્વરૂપોની સમૃદ્ધિ અને વિવિધતા દર્શાવે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નવુ નજરાણું

હવેથી દર શનિવાર-રવિવારે સંસ્કૃતિની વિવિધતામાં એકતાને પ્રદર્શિત કરતા આદિવાસી નૃત્યો પ્રસ્તુત કરાશે

(માહિતી) રાજપીપલા, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વનું શ્રેષ્ઠતમ પ્રવાસનસ્થળ બન્યું છે, દેશ-વિદેશથી આવનાર પ્રવાસીઓ ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાના દર્શન કરી શકે અને આદિવાસી સમુદાયોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજવવા તેમજ આ આદિવાસી વિસ્તારની વિવિધ વસ્તી વચ્ચે એકતા અને સમજણને પ્રોત્સાહન આપવા આદિવાસી નૃત્યની પ્રસ્તુતિ કરવાનું નક્કી કરાયું છે. મુલાકાતીઓના વિશાળ સમુદાય સાથે આદિવાસી સંસ્કૃતિની જાળવણીના શુભ આશય સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તથા ગુજરાત આદિવાસી સંસોધન અને તાલીમ સોસાયટી(TRI)ના સંયુકત ઉપક્રમે આ સમગ્ર આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે.

સમગ્ર વિશ્વમાં ભારત દેશ વિવિધતામાં એકતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ પુરૂં પાડે છે, ત્યારે ભારતની અને ખાસ કરીને આદિવાસી સમુદાયના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાણકારી અને ઝલક વિશાળ સંખ્યામાં આવતા મુલાકાતીઓને મળી રહે અને ભારત દેશની સંસ્કૃતિને વિવિધતામાં એકતાના દર્શન કરી શકે તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળઅને ગુજરાત આદિવાસી સંસોધન અને તાલીમ સોસાયટી(TRI) વચ્ચે થયેલા સમજુતી કરાર મુજબ દર શનિવાર અને રવિવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલા બસ બે ખાતે સાંજે ૬.૧૫ થી ૭.૦૦ કલાક સુધી અને એકતા ફૂડ કોર્ટ ખાતે સાંજે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન આદિવાસી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે. આજે તા.૧ મે ૨૦૨૪ ગુજરાત સ્થાપના દિવસની સંધ્યાએથી આદિવાસી મેવાસી નૃત્ય પ્રસ્તુત કરીને આ આયોજનનો પ્રારંભ કરવામાં આવશે.

આ સમગ્ર આયોજન બાબતે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ ના અધિક કલેકટર શ્રી ગોપાલ બામણીયાએ જણાવ્યું હતું કે, ભારત દેશ વિવિધતામાં એકતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ સમૃધ્ધ વારસાથી ભરપુર છે, ત્યારે અત્રે દેશ-વિદેશથી આવનાર પ્રવાસીઓ ભારત દેશની સંસ્કૃતિની વિવિધતામાં એકતાના દર્શન કરી શકે તે માટે SoUADTGA ના ચેરમેન શ્રી મુકેશ પુરી અને મુખ્ય કારોબારી અધિકારી શ્રી ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત આદિવાસી સંસોધન અને તાલીમ સોસાયટી(TRI) ના સહયોગથી સમગ્ર આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. પ્રવાસીઓને આ દિવસો દરમ્યાન એકતા નગરના પ્રવાસનું આયોજન ઘડી કાઢવા અમારી નમ્ર વિનંતી છે.

"વયસ્ક મતદાતાઓના ઘર આંગણે પહોંચ્યું ડાંગનું જિલ્લા ચૂંટણી તંત્ર"

(ડાંગ માહિતી) આહવા: લોકશાહીના પર્વમાં દિવ્યાંગ-વૃદ્ધ મતદારો પણ પોતાની ભાગીદારી નોંધાવી શકે તેવા ઉમદા આશય સાથે ચૂંટણી પંચ દ્વારા "No Voters left behind"ની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ત્યારે ૨૬-વલસાડ (S.T) સંસદીય મત વિભાગમાં સમાવિષ્ટ, ૧૭૩-ડાંગ (S.T) વિધાનસભા મત વિસ્તારના વરિષ્ઠ અને શારીરિક રીતે અશક્ત મતદાતાઓ માટે, ગત તારીખ ૨૬ એપ્રિલના રોજ, પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી જ મતદાન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ગત વિધાનસભાની ચૂંટણીથી દિવ્યાંગો અને ૮૫ વર્ષ કરતા વધુ વયના નાગરિકોને, ઘર બેઠા મતદાન કરવાની સુવિધા ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવી રહી છે. વખતો વખતની ચૂંટણીમાં કમિશનના ધ્યાને આવ્યું હતું કે, આવા અશક્ત અને વયસ્ક મતદારો, તેમની શારીરિક અક્ષમતાના કારણે મતદાન પ્રક્રિયામાંથી બાકાત રહી જાય છે. તેના પગલે હવે આ શ્રેણીના મતદારો માટે જરૂરી પ્રક્રિયાને અનુસરી, તેઓને ઘરબેઠા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી છે. જેથી આવા મતદારોને બુથ ઉપર જઈ મતદાન કરવાની અગવડતામાંથી મુક્તિ મળી છે.

ડાંગ જિલ્લાના મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયાના માર્ગદર્શન હેઠળ, જિલ્લામાં નોંધાયેલા મતદારોના ઘરે કુલ ૧૦ જેટલી પોલિંગ ટીમોએ ઘરે ઘરે જઈ, દિવ્યાંગો અને વયસ્ક મતદારો માટે મત કુટિર ઊભી કરી, સંપૂર્ણ ગુપ્તતા જળવાઇ રહે તે રીતે મતદાન કરાવ્યુ હતું

શું છે હોમ વોટીંગની પ્રક્રિયા ? : હોમ વોટિંગ માટે ફોર્મ ૧૨-ડી ભરવાનું હોય છે. જેના માટે બી.એલ.ઓ દ્વારા વયસ્કો અને દિવ્યાંગ મતદારોનો સંપર્ક કરવામાં આવે છે. ત્યાર બાદ ચૂંટણી પંચ તરફથી વયસ્કો અને દિવ્યાંગ મતદારોને ઘરે રહીને, મતાધિકારનો ઉપયોગ કરવાની મંજૂરી મળે છે. પોસ્ટલ બેલેટ પર ઉમેદવારના નામ અને ફોટાવાળા લિસ્ટમાં જેને મત આપવાનો છે, તેની સામે મતદાનની ગુપ્તતા જળવાય તે રીતે મતદાન કુટિરની અંદર સ્ટેમ્પ લગાવે છે. પછી આ પત્રક વાળીને ઝોનલ અધિકારીને સુપરત કરે છે. જેમના દ્વારા મતદાતાના મતને કવરમાં સીલ કરવામાં આવે છે. આ સીલ કરેલું કવર એ.આર.ઓ.ને આપવામાં આવે છે અને આગળની પ્રક્રિયા માટે મોકલવામાં આવે છે.

આગામી ૧૫ દિવસમાં બ્રિજ શરૂ થવાના એંધાણ

અંકલેશ્વર ખાતે ઓએનજીસી ઓવરબ્રિજનું કામ પૂર્ણતાના આરે

અંકલેશ્વર, અંકલેશ્વર ઓએનજીસી ઓવરબ્રિજનું કામ પૂર્ણતાના આરે છે. બ્રિજ સાથે ફૂટ બ્રિજની કામગીરી ટૂંકમાં પૂર્ણ થશે. બ્રિજના સ્લેબ ભરાઈ સાથે એપ્રોચ રોડ ડામર વર્ક અને નવીનીકરણનું કામ શરૂ થનાર છે ત્યારે આગામી ૧૫ દિવસમાં કામ પૂર્ણ થતા બ્રિજ શરૂ થવાની સંભાવના છે.

જુના નેશનલ હાઈવે નંબર-૮ પર ટ્રાફિક ભારણ વધતા ઓએનજીસી નીચે માર્ગ સાંકડો પડી રહ્યો હતો જેને લઈ ટ્રાફિક સમસ્યા અને ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે ૬ લેન્ડ રોડ માટે તેમજ ઉંચાઈ વધારવા માટે ગત તા.૨૧ એપ્રિલના ૨૦૨૩ના રોજ ૩૯ વર્ષ જૂના ઓએનજીસી બ્રિજ જેસીબી મશીન દ્વારા બ્રિજના સ્ટ્રકચર તોડવાની કામગીરી શરૂ કરાઈ હતી જે કામગીરી ૯ મહિના પૂર્ણ કરવાની હતી આજે એક વર્ષ અને ૭ દિવસ પૂર્ણ થઈ ગયા છે જોકે હવે અંકલેશ્વરવાસીઓ માટે રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. બ્રિજના બંને તરફ બોકસ તૈયાર થઈ ગયા છે તેમજ રાજપીપળા ચોકડી તરફ જતા રોડનો એપ્રોચ રોડ તૈયાર થઈ ગયો છે. ઈજારામાં ફૂટ બ્રિજ ન હતો જે હવે પહેલા ફૂટ બ્રિજ હતો ત્યાં દાદર ફૂટ બ્રિજ બની રહ્યો છે. તો અંકલેશ્વર શહેર તરફના જોડાતા એપ્રોચ રોડ પર હાલ અંતિમ સ્લેબનું કામ પૂર્ણ કરી ડામર રોડનું વર્ક શરૂ કરાયું છે. ઈજારદારના જણાવ્યા અનુસાર આગામી ૧૫ દિવસમાં કામ પૂર્ણ થઈ જશે જે બાદ ટૂંકમાં બ્રિજ શરૂ થઈ જશે. ચોમાસા પૂર્વે બ્રિજ શરૂ થવાની સંભાવના વચ્ચે ટ્રાફિક ભારણ હળવું થશે. છેલ્લા ૩ મહિના ઉપરાંતથી બ્રિજ ચાલુ થવાની રાહ જોતા વાહન ચાલકોની આતુરતાનો અંત આવી શકે છે.

ભાવનગરમાં યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ભાવનગર : આ બનાવ અંગે મળતી વિગતો મુજબ ભાવનગર શહેરના ઘોઘા રોડ વિસ્તારમાં આવેલી બળવંતરાય સોસાયટીના પ્લોટ નં.૪૦માં રહેતા શૈલેષભાઈ મથુરભાઈ સોલંકી (ઉ.વ.૪૮)એ પોતાના ઘરે કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લેતા સારવાર માટે સર ટી હોસ્પિટલમાં ખસેડાયા હતા જયાં સારવાર દરમિયાન મોત નીપજયું હતું આ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

ડાંગ જિલ્લાના પોસ્ટ વિભાગના કર્મીઓ દ્વારા આહવામાં મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

(ડાંગ માહિતી) આહવા: લોકસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ને અનુલક્ષીને ૨૬-વલસાડ (S.T) સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ, ૧૭૩-ડાંગ (S.T) મતદાર વિભાગનું મતદાન પણ, રાજ્ય સમસ્તની જેમ ત્રીજા ચરણમાં એટલે કે આગામી તા.૭/૫/૨૦૨૪ના રોજ યોજાનાર છે. લોકશાહીના આ મહાપર્વમાં દરેક મતદાર પોતાની ભાગીદારી નોંધાવી શકે તે માટે, બારડોલી પોસ્ટ વિભાગના સુપ્રિટેન્ડન્ટ શ્રી અરવિંદ કુમારના માર્ગદર્શન હેઠળ, આહવા પોસ્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા આહવા ગ્રામ પંચાયતના મતદારોના ઘરે ઘરે જઈને, લોકોને અવશ્ય મતદાન કરવા માટે સમજણ આપી પોસ્ટરનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

આહવા પોસ્ટ વિભાગના માર્કેટીંગ એક્ઝ્યુકેટિવ શ્રી સમીર શેખ તથા તેમની ટીમ દ્વારા આજે આહવાના મતદારોને લોકશાહીમાં પોતાની ભાગીદારી નોંધાવવા માટે પ્રેરણા આપી, અન્ય લોકોને પણ મતદાન કરવા માટે જાગૃત કરાયા હતા.

સરદાર ડેમમાંથી પાણી છોડાયું, નર્મદા પરિક્રમા અટકાવાતા યાત્રિકોનો હોબાળો

કેવડિયાકોલોની, સરદાર સરોવર ડેમમાંથી નર્મદા નદીમાં ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવાના નિર્ણયના પગલે સોમવારની ઉત્તરવાહીની નર્મદા પરિક્રમા બંધ કરવાની જાહેરાત તંત્ર દ્વારા કરાઈ હતી. તંત્ર દ્વારા અચાનક જાહેરાત કરાતા પરિક્રમા વાસીઓએ હોબાળો મચાવતા પોલીસ અને પરિક્રમાવાસીઓ આમને સામને આવી ગયા હતા. ઉત્તરવાહીની નર્મદા પરિક્રમાનો પ્રારંભ ૮મી એપ્રિલથી થયો છે. આ પરિક્રમામાં રોજના હજારો પદયાત્રીઓ ભાગ લે છે. એક મહિના સુધી આ યાત્રા ચાલનાર છે. દરમિયાનમાં સરદાર સરોવર નિગમ દ્વારા રિવર બેડ પાવર હાઉસના સંચાલન માટે નર્મદા ડેમમાંથી પાણી છોડવાનું નિયત કરવામાં આવ્યું હતું. નર્મદા કાંઠા વિસ્તારના રહીશોને સાવધ કરવાની તાકીદ કરવામાં આવી હતી. હાલમાં ચૈત્ર મહિનામાં ઉત્તરવાહીની નર્મદા પરિક્રમાં ચાલી રહી છે ત્યારે નર્મદાનું જળ સ્તર વધવાની સંભાવના છે. આથી પરિક્રમાવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સોમવારની પરિક્રમા બંધ રાખવામાં આવી હતી જયારે મંગળવારથી આ યાત્રા રાબેતા મુજબ ચાલુ રાખવાના પ્રયત્નો કરવામાં આવશે. સોમવારે રાત્રે અચાનક પરિક્રમા બંધ કરવામાં આવી હતી. આથી દૂર દૂરથી પરિક્રમા કરવા આવેલા પરિક્રમાવાસીઓએ હોબાળો મચાવ્યો હતો. પરિણામે પોલીસ અને પરિક્રમાવાસીઓ આમને સામને થતા તંત્ર રાત્રે દોડતુ થઈ ગયું હતું.

સંતરામપુરના ગોઠીબ વડા તળાવ પાસે અકસ્માતમાં ત્રણનાં મોત

દાહોદ, મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગોઠીબ વડા તળાવ પાસે અકસ્માતના બનાવમાં ત્રણ યુવાનોના મોત નીપજયા હતાં. એકનો બચાવ થયો હતો. લગ્ન પ્રસંગે એક જ બાઈક પર ચાર યુવાનો જઈ રહ્યા હતા તેમના વાહનને કોઈ અજાણ્યા વાહને ટકકર મારી હતી.

સંતરામપુરના ગોઠીબ નજીક વડા તળાવ પાસે મોટરસાયકલ સાથે અજાણ્યા વાહનની ટકકરે અકસ્માત સર્જાયો હતો. જેમાં સંતરામપુર તાલુકાના બે યુવાનો ડોળી ગામના રહેવાસી અશોકભાઈ મુકેશભાઈ ચારેલ, સમીરભાઈ મુકેશભાઈ ચારેલ બંને સગા ભાઈઓ ખેરવા ગામેથી મામાના ઘરેથી ભોજેલા ગામે લગ્ન પ્રસંગમાં જવા નીકળેલા હતા. ખેરવા ગામેથી કુલ ચાર યુવાનો મોટરસાયકલ પર લગ્ન પ્રસંગ પર જવા નીકળેલા અશોકભાઈ મુકેશભાઈ ચારેલ, સમીરભાઈ મુકેશભાઈ ચારેલ, મનોજભાઈ અર્જનભાઈ નીનામા અને રોહિતભાઈ ઈશ્વરભાઈ નીનામા ચાર જણા મોટર સાયકલ પર લગ્ન પ્રસંગે જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટના બનતા આજુબાજુના ગ્રામજનો દોડી આવેલા હતા.

અકસ્માતના પગલે ચાર પૈકીના ત્રણ યુવાનોને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળે તેમનું મોત નીપજેલું હતું જયારે રોહિત ઈશ્વર નિનામા શરીરના ભાગે નાની મોટી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા હતા. ત્રણ યુવાનોને ઘટના સ્થળે મોત થતા ૧૦૮ દ્વારા પીએમ કરવા માટે સંતરામપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા હતા તેમના પરિવારોને જાણ કરવામાં આવેલી હતી સંતરામપુર પોલીસે ઘટના સ્થળે પહોંચી અકસ્માત ગુનો દાખલ કર્યો હતો.

મધ્ય ગુજરાત

ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

નડિયાદ પાસે સણસોલીની ટ્રસ્ટની જમીનનો મામલો

મહેમદાવાદના ધારાસભ્ય સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

યોગ્ય તપાસ કરી ફરિયાદનું નિરાકરણ લાવો : હાઈકોર્ટ

નડિયાદ, ખેડા જિલ્લાના મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ સણસોલીના ટ્રસ્ટ દ્વારા લેન્ડ ગ્રેબિંગ હેઠળ રજૂઆત કરવામાં આવતા ચકચાર મચી છે. આ મામલે હાઈકોર્ટ દ્વારા યોગ્ય તપાસ કરીને ફરિયાદનું નિરાકરણ લાવવાની સ્થાનિક તંત્રને સૂચના આપી છે.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિઝર દેસાઈએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના ભાજપના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ અને અન્ય લોકો સામે ટ્રસ્ટની જમીન હડપ કરવાના અધિનિયમ હેઠળ નોંધાયેલી ફરિયાદનું વહેલી તકે નિરાકરણ લાવવાની સ્થાનિક તંત્રને તાકિદ કરી છે. કથિત રીતે કરવામાં આવેલા અતિક્રમણ બાબતે હાઈકોર્ટે સ્થાનિક કક્ષાએ ફરિયાદની તપાસ કરવા અને શકય તેટલો વહેલો નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. ખેડા જિલ્લાના સણસોલી ગામમાં ૧૯૫૨થી કાર્યરત બંસીવાલા આશ્રમ ટ્રસ્ટની જમીન આવેલી છે. અરજદારના જણાવ્યાનુસાર સણસોલી ગામમાં દાયકાઓથી સર્વે નંબર ૬૦૭ અને ૬૨૪ ટ્રસ્ટની છે. આ જમીન પર કેટલાક લોકો દ્વારા અતિક્રમણ કરવામાં આવતા તેઓએ સ્થાનિક કક્ષાએ રજૂઆત કરી હતી. જોકે કોઈ યોગ્ય નિરાકરણ ન આવતા આ મામલે તેઓએ મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણનો સંપર્ક સાધ્યો હતો. જયાં અર્જુનસિંહ દ્વારા મદદની બાંહેધરી આપવામાં આવ્યા બાદ અતિક્રમણ કરનારાઓ સાથે વાટાઘાટ કરી હતી. જોકે અતિક્રમણ કરનારાઓ દ્વારા ટ્રસ્ટની અંદાજે ૨૨ વીઘા જમીનમાંથી ૧૧ વીઘા જમીન હડપ કરી લેવામાં આવી હતી. ધારાસભ્યએ અતિક્રમણને કાયદેસર બનાવવા દબાણ કર્યું હોવાનો આક્ષેપ કરાયો છે.

વડોદરા નજીક કતલખાને લઈ જવાતી ૧૮ ભેંસ બચાવી

વડોદરા, વડોદરા નજીક આવેલી ગોલ્ડન ચોકડી પાસેથી કતલખાને લઈ જવાઈ રહેલી ૧૮ ભેંસને બચાવી લેવાઈ છે અને હરણી પોલીસે એક આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેર નજીક ગોલ્ડન ચોકડી ટોલનાકા પાસે જીવદયા પ્રેમીઓએ એક ટેમ્પોને રોકયો હતો જેમાંથી ખીચોખીચ ભરેલી ૧૬ ભેંસ અને ૨ પાડી મળી આવી હતી. આ પશુઓને ખીચોખીચ ભરેલા હોવાથી ઈજાગ્રસ્ત થયેલા હતા. જીવદયા પ્રેમીઓએ તુરંત જ પોલીસને જાણ કરી હતી જેથી પોલીસની ગાડી આવી ગઈ હતી અને ટેમ્પોના ડ્રાઈવરનું નામ પુછતા તેણે પોતાનું નામ મોહસીન હુસેન બુમલા (રહે. ગોધરા જિ. પંચમહાલ) હોવાનું જણાવ્યું હતું. આ તમામ પશુઓને કતલખાને લઈ જવાઈ રહ્યા હતા. જોકે જીવદયા પ્રેમીઓની સતર્કતાના કારણે ૧૮ ભેંસનો જીવ બચી ગયો હતો.

વડોદરા ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી ૮૭ પેટી વિદેશી દારૂ ઝડપાયો

વડોદરા, સામાન્ય રીતે પોલીસ જયારે પ્રોહીબિશનની કાર્યવાહી કરતી હોય ત્યારે મુદ્દામાલ જપ્ત કરવામાં આવે છે, ત્યારે મોટાભાગે આરોપીના નામ સામે આવતા હોય છે પરંતુ જો બિનવારસી દારૂનો જથ્થો મળી આવે તો ભાગ્યેજ એવું બને કે, પોલીસ ચોપડે આરોપીનું નામ ન ચઢયું હોય. આવું જ કઈ બપોદ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા રૂ.૨૦ લાખના પ્રોહીબિશનના એક ગુનામાં બનવા પામ્યું છે.

હાલ વડોદરામાં લોકસભા ચુંટણીનો માહોલ જામ્યો છે. ચૂંટણીના કારણે હાઈવે પર પોલીસ દ્વારા ચેકિંગ પણ વધારી દેવામાં આવ્યું છે જેથી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો પર બ્રેક લાગી હોઈ તેવું લાગી રહ્યું છે પરંતુ આ વાતને ખોટી સાબિત કરતો એક કિસ્સો સામે આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, શહેરના સયાજીપુરા માર્કેટ પાસે આવેલા મીનાક્ષી કોમ્પલેક્ષમાં ટ્રાન્સપોર્ટરની ઓફિસમાં દારૂની પેટીઓ હોવાની ચોકકસ માહિતી વડોદરા પોલીસને મળી હતી માહિતીના આધારે ટીમે રેડ કરી અને રેડ લેબલની ૮૭ પેટીઓ જપ્ત કરવામાં આવી હતી પરંતુ આ વિદેશી દારૂનો જથ્થો કોણ લાવ્યું, કોણે મંગાવ્યો અને કોણે મોકલયો તેની કોઈ વિગત સાંપડી ન હતી. જોકે એક મોબાઈલ નંબર મળી આવતા તેના આધારે પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

જોકે આ ભાગ્યેજ બનતું હોય કે આટલી વિપુલ માત્રામાં બ્રાન્ડેડ વિદેશી દારૂનો જથ્થો મળી આવે અને આરોપી પોલીસના હાથમાં ના હોઈ ? એવો સવાલ પ્રજામાંથી ઉઠયો છે.

મહિસાગર જિલ્લામાં પોલીસ સ્ટાફની તાલીમ અને પોસ્ટલ બેલેટથી મતદાન યોજાયું

ગોધરા, લોકસભા સામાન્ય ચુંટણી ૭મી મે ૨૦૨૪ના રોજ યોજાનાર છે ત્યારે પોતાના અથાક પ્રયત્નો, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત થકી મુકત, ન્યાયી, નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણીઓ સંપન્ન કરવામાં જેમનું પાયાનું અને ખુબ જ મહત્વનું યોગદાન છે એવા ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. જેના અનુસંધાને મહીસાગર જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરના માર્ગદર્શનમાં જિલ્લામાં લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર એમ ત્રણ વિધાનસભા મત વિભાગ મુજબ તૈયાર કરાયેલા મતદાન સુવિધા કેન્દ્ર ખાતે પોલીંગ સ્ટાફની બીજી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા વાઈબ્રન્ટ વેવ્સ ખાતે ઉભા કરાયેલ મતદાન સુવિધા કેન્દ્ર ખાતે જિલ્લા કલેકટરશ્રી શ્રીમતી નેહાકુમારીએ પોલીંગ સ્ટાફની તાલીમ તેમજ પોસ્ટલ મતદાન મથકની મુલાકાત લઈ જરૂરી વ્યવસ્થા ચકાસી સંતોષ વ્યક્ત કર્યો હતો.

મહીસાગર જિલ્લામાં ૧૮ પંચમહાલ લોકસભામાં સમાવિષ્ટ બાલાસિનોર વિધાનસભામાં ૨૦૭૧, લુણાવાડા વિધાનસભામાં ૨૮૧૩ તથા ૧૯ દાહોદ લોકસભામાં સમાવિષ્ટ સંતરામપુર વિધાનસભામાં ૨૧૨૯ આમ કુલ ૭૦૧૩ મતદાન પ્રક્રિયામાં રોકાયેલા કર્મચારીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં માટે આયોજન કરવામાં આવ્યું છે.

૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપ માટે નાગદા-ગોધરા ડિવિઝનમાં કર્વ સીધો કરાયો

દાહોદ, પશ્ચિમ રેલવેના રતલામ મંડળમાં સમાવિષ્ટ ગોધરા નાગદા સેકશનમાં રેલ્વે છ કલાકનો મેગા બ્લોક લઈ ૨.૨૦જેટલા કર્મોને ૧૩૫ સુધી સીધો કરી દેવામાં સફળતા સાપડી છે જેના પગલે ગોધરા-નાગદા સેકશનમાં અત્યાર સુધીમાં ચાર જેટલા કર્વને રિયલાઈમેન્ટ કરી સીધા કરવામાં આવ્યા છે. એટલું જ નહી ઉપરોકત સેકશનમાં ૪૭૭/૨૧ તેમાં ૪૭૮/૧૩ વચ્ચેના કર્વને સીધો કરવા માટે એન્જિનિયરીંગ ટીઆરડી તેમજ ઓપરેટિંગ વિભાગ દ્વારા સંકલન કરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેથી આ કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ થવા પામેલ છે. જેના પગલે હવે આ સેકશનમાંથી પસાર થતી ટ્રેનોની ગતિ મર્યાદા વધતા રેલવેને મહંદઅશે લાભ થશે. સાથે સાથે મુસાફરોનો સમયનું પણ બચત થશે.

પશ્ચિમ રેલવે ગોધરા- નાગદા સેકશનમાં ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની રફતા પણ ટ્રેન દોડાવવાની યોજના પર કામ કરી રહ્યો છે. જેમાં બંને તરફ બાઉન્ડ્રી વોલનું કામ છેલ્લા ઘણા સમયથી મંદગતિએ ચાલી રહ્યુ છે સાથે સાથે આ સેકશનમાં સંખ્યાબંધ વળાંક અને પર્વતો આવેલા હોવાથી રેલવે આ સેકશનમાં છેલ્લા ઘણા સમયથી કામ કરી રહ્યો છે અત્યાર સુધીમાં આ સેકશનમાં ચાર જેટલા કર્વને રિયલાઈમેન્ટ કરવામાં આવ્યા છે.

આ સેકશનમાં અત્યાર સુધીમાં ૮૦ થી ૯૫ કિલોમીટરની ઝડપે ટ્રેનોનું સંચાલન કરવામાં આવતું હતું. હવે આ સેકશનમાં ટ્રેક રીલાઈમેન્ટ, બ્રિજ મેન્ટેનન્સ, ટ્રેક સાઈડ ફેન્સીંગ, પીએસઆર (પર્માનેન્ટ સ્પીડ રિસ્ટ્રિકશન) સ્લીપર બદલવા સિગ્નલ, ઓએસઈ અને ઈલેકટ્રીકનું કામ પૂર્ણ કરીને ટ્રેકને મજબુત કરવામાં આવતા હવે આ સેકશનમાં ૧૩૦ કલાકની સ્પીડે ટ્રેનોનું સંચાલન કરવા માટે સક્ષમ થઈ ગયું છે.

Movie મસાલા

'હું મારા રોજના જીવનમાં સેલ ફોનનો ઉપયોગ ઓછો કરવા માગું છું' - શુભાંગી અત્રે

એન્ડટીવી પર ભાભીજી ઘર પર હૈમાં અંગૂરી ભાભીની ભૂમિકા ભજવતી અભિનેત્રી શુભાંગી અત્રે કહે છે કે આજકાલ બ્રેક લેવાનું અત્યંત મુશ્કેલ છે. શિડ્યુલ મોટે ભાગે અત્યંત કઠોર હોય છે, જેથી અંગત સમયપણ વિતાવી શકતી નથી.

શુભાંગી અત્રે ઉર્ફે અંગૂરી ભાભી કહે છે, "મને લાગે છે કે લાંબા સમર બ્રેક લેવા અથવા ટૂંકા બ્રેક લેવા માટે અમારી પાસે ભાગ્યે જ સમય હોય છે.

જીવન એટલું ઝડપી છે કે અમુક વાર શ્વાસ લેવાની પણ ફુરસદ નથી રહેતી. અમારા શિડ્યુલ મોટે ભાગે પેક્ડ હોય છે, જેને લીધે અમે ચાહીએ ત્યારે બ્રેક લેવાનું પણ બહુ મુશ્કેલ છે. લાંબા સમર બ્રેક હવે ફક્ત મારા બાળપણની યાદો રહી ગયા છે. હું નાની હતી ત્યારે મારી દાદીના ઘરે બે મહિના સમર વેકેશન વિતાવતી હતી. અમે બહુ મજા કરતાં અને મારી દાદી અમારે માટે સારું સારું ખાવાનું બનાવતી હતી. રજા પૂરી થયા પછી ફરી ઘરે જવાનું મન થતું નહોતું. હું ફરી દાદીના ઘરે જવા માટે હંમેશાં આગામી સમર વેકેશનની વાટ જોતી રહેતી."

આ વિશે વધુમાં તે

ગામે ગામના સમાચાર

વડોદરામાં ભાજપની નબળી કામગીરીથી મહામંત્રી નારાજ

બી.એલ. સંતોષે સમીક્ષા કરી, નેતાઓને ખખડાવ્યા : કાર્યકરો પ્રચાર અને લોકસંપર્ક પૂર્ણ કરી શક્યા નથી

વડોદરા, વડોદરામાં ચૂંટણી પ્રચારની શુ પરિસ્થિતિ છે અને આગામી શુ આયોજન છે તે અંગેની રિવ્યૂ બેઠક લેવા માટે રાષ્ટ્રીય સંગઠન મંત્રી બી.એલ. સંતોષ વડોદરા આવ્યા હતા. તેઓએ વડોદરા શહેર-જિલ્લા સંગઠન વ્યવસ્થિત રીતે ચાલતું નહી હોવાની ટકોર કરી બેઠકમાં હાજર નહી રહેનાર તમામ સામે પગલા ભરવામાં આવશે અને કામગીરીનો રિપોર્ટ સોંપવામાં આવશે એમ કહી અસંતોષ દર્શાવ્યો હતો. વડોદરા શહેરની સિસ્ટમ ઠીક નથી કારણ કે ઉમેદવાર બદલાયા બાદ પણ સ્થિતિ સુધરી નથી.

ચૂંટણી પૂર્વે વડોદરા શહેર જિલ્લામાં ચાલી રહેલી ભાજપની ચૂંટણી પ્રચારનો રિવ્યુ કરવા માટે રાષ્ટ્રીય સંગઠન મંત્રી બી.એલ.સંતોષ વડોદરા આવી પહોંચ્યા હતા. બારડોલીથી વડોદરા આવેલા બી.એલ. સંતોષે જિલ્લા કાર્યાલય ખાતે બેઠક લીધી હતી. આ બેઠકમાં શહેર સંગઠનના હોદ્દેદારો, ધારાસભ્યો, મેયર, વોર્ડ પ્રમુખ અને લોકસભા ચૂંટણીના સંયોજક, સહસંયોજક અને અલગ અલગ વિધાનસભાના પ્રભારી, સંયોજકને બોલાવ્યા હતા.

તેઓએ હોદ્દેદારોને સવાલ પૂછયા હતા કે ઉમેદવારનું શું પ્લાનિંગ છે? કેટલી ફેરણીઓ કરી? કેટલા ટકા મતદાન થશે ? બહારગામ જે લોકો રહે છે તેમને કઈ રીતે વોટિંગ કરાવશો ? શહેરમાં ૭૦,૦૦૦ રિક્ષા ફરે છે તો તેમનો સંપર્ક કેમ નથી કર્યો ? સંગઠન વ્યવસ્થિત નથી ચાલતું. બી.એલ. સંતોષે હાજર ધારાસભ્યોનો કલાસ લીધો હતો.

સલાયામાં વિવિધ સમાજ દ્વારા એસપીનું સન્માન

સલાયા, સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસપી નિતેશ પાંડેની અધ્યક્ષતામાં લોકદરબાર યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં વહાણવટી ભાઈઓ, ફિશરમેન, વેપારી આગેવાનો અને પત્રકાર મિત્રો ખાસ હાજર રહ્યા હતા.

આ લોકદરબારમાં એસપી નિતેશ પાંડે દ્વારા ફિશરમેન ભાઈઓને આવનારા ચોમાસામાં સરકારના નિયમ મુજબ ફિશિંગ્સમાં ન જવા સૂચન કરાયું. આવનારી ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે અનુરોધ કરાયો તથા દરિયાઈ વિસ્તારમાં કોઈ શંકાશીલ હિલચાલ જણાઈ તો તુરંત પોલીસને જાણ કરવા સૂચના અપાઈ હતી.

આ તકે સલાયા માછીમાર આગેવાનો દ્વારા મોનસુનમાં નાના હોડીવાળા માછીમાર ભાઈઓને ફિશીંગ માટે જવા દેવા રજૂઆત કરાઈ હતી.

સલાયા વેપારી મંડળ પ્રમુખ ભરતભાઈએ પણ માછીમાર ભાઈઓની આ રજૂઆતને સમર્થન આપ્યું હતું. એસપી દ્વારા આ રજૂઆતને ઉપર સુધી પહોંચાડવા ખાતરી અપાઈ હતી. આગળ સરકારના સૂચન મુજબ કાર્યવાહી કરવામાં આવશે એવી જાણ કરાઈ હતી.

વેપારી મંડળ તેમજ જુદી જુદી સંસ્થાઓ દ્વારા એસપીને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ભંડુરી હાઈ-વે બ્રિજ પર બર્થડે પાર્ટી ઉજવનાર છ શખ્સ સામે ગુનો નોંધાયો

જૂનાગઢ, માળિયા હાટીના તાબેના ભંડુરી ગામના મીત મકવાણા નામના શખ્સનો બર્થ-ડે ઉજવવા માટેથી મિત્રોએ હાઈવે પરના બ્રિજ પર કાર પર કેક કાપી આતશબાજી યોજી લોકોની જિંદગી જોખમાય તેવું કૃત્ય આચર્યાની માળિયા પોલીસે દિવ્યેશ ભરડા, ઓમ ગઢવી, વિજય કોળી, રવિ ઉર્ફે બાદશાહ, સાગર ચુડાસમા અને એજાજ ગામેતી વિરૂદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

ગુજરાતભરમાં ગાંજો સપ્લાય કરનાર ઓરિસ્સાનો સૂત્રધાર ઝડપાયો

ધોરાજી, ગુજરાત સૌરાષ્ટ્રમાં ગાંજાનો સપ્લાય કરનાર મૂળ ઓરિસ્સાના બીસ્વા બિનાયર નામના શખ્સની સંડોવણી ખુલતાં પોલીસે શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પોલીસે બાતમીના આધારે મૂળ ઓરિસ્સાના અને હાલમાં સુરતમાં સાયણ ગામે શિવાજીનગરમાં નંદીની ઈન્ડ. એરિયામાં રહેતા અને મજૂરી કામ કરતાં બિસ્વા બિનાયક કૈલાશચંદ્ર ગૌડા નામના શખ્સને ઝડપી લઈ વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી હતી.

સુરેન્દ્રનગર-લીંબડીના બાઈક ચોરીના ગુનામાં ફરાર શખ્સ બોટાદથી ઝડપાયો

બોટાદ, મૂળ ચૂડા તાબેના ખાંડિયા ગામનો અને હાલમાં રવિ ઈશ્વર ધૂધરેજિયા નામનો ચોરાઉ બાઈક ફેરવતો હોવાની બાતમીના આધારે બોટાદ એલસીબીના સ્ટાફે રવિ દૂધરેજિયાને ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં રવિ દૂધરેજિયા સુરેન્દ્રનગર લીંબડી પોલીસમાં બાઈકચોરીના ગુનામાં ફરાર હોવાનું ખુલ્યું હતું. પોલીસે બે બાઈક કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જૂનાગઢમાં પીઆઈ તરલ ભટ પાસેથી નાણા સ્વીકારનારના જામીન નામંજૂર

જૂનાગઢ : જૂનાગઢની એસઓજી શાખાના તોડકાંડમાં પકડાયેલા અને સસ્પેન્ડ પીઆઈ તરલ ભટ પાસેથી હવાલાના નાણા સ્વીકારનાર અમદાવાદના શખસની જામીન અરજી કોર્ટે નામંજુર કરી હતી. આ અંગેની વિગત એવી છે કે, જૂનાગઢમાં બેંક ખાતા ફ્રીઝ કરવાના તોડકાંડનો પર્દાફાશ થયા બાદ પીઆઈ તરલ ભટની ધરપકડ કરવામાં આવી હતી અને સસ્પેન્ડ કરાયેલ પીઆઈ તરલ ભટને સટોડીયાના બેંક ખાતાની વિગતો આપનાર તથા બુકીઓ દ્વારા તરલ ભટના નાણા આંગડીયામાં મોકલાયેલ તે સ્વીકારનાર અમદાવાદના દીપ રાજેન્દ્ર શાહ નામના શખસની ધરપકડ કરવામાં આવી હતી દરમિયાન જેલમાં રહેલા દીપ રાજેન્દ્ર શાહે જામીન પર છૂટવા અરજી કરતા કોર્ટે જામીન અરજી નામંજુર કરી હતી.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક વધી

માર્કેટિંગ યાર્ડના ભાવ મુજબ એક બોકસ કેરીની કિંમત રૂા.૧૫૦૦થી ૨૦૦૦ : કેરીની આવક ૩૫૫૬ ક્વિન્ટલ નોંધાઈ જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક વધી છે. આંકડા મુજબ ૩૫૫૬ ક્વિન્ટલ કેરીની આવક થઈ હતી. ૨ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધીમાં કેરીની આવક ૩,૫૫૬ ક્વિન્ટલ નોંધાઈ હતી. કેસર કેરીની અને અન્ય કેરીની સૌથી વધુ આવક ૧૮ એપ્રિલના રોજ ૧૮૮૩ ક્વિન્ટલન આવક નોંધાઈ હતી ત્યારે કેરીનો પ્રતિ મણનો ભાવ ૨૬૦૦ રૂપિયા નોંધાયો હતો. કેસર કેરીની અને અન્ય કેરીની સરેરાશ આવક ૧૦૦થી ૫૦૦ ક્વિન્ટલ તેની પહેલાં નોંધાતી હતી પરંતુ ૧૮ એપ્રિલે કેરી ૧૮૮૩ ક્વિન્ટલ નોંધાઈ હતી. આ સાથે ૯ એપ્રિલે સૌથી ઊંચો ભાવ નોંધાયો હતો. ૯ એપ્રિલે એક ક્વિન્ટલ કેરીના ૪૦૦૦ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. આ સાથે ૮ એપ્રિલે ૩૬૦૦ રૂપિયા અને ૧૨ એપ્રિલે ૩,૮૦૦ રૂપિયા ભાવ નોંધાયા હતા.

લખતરમાં વાસ્મો યોજનાના નાણાં વેડફાયા : નવી જ લાઈન ઠેર-ઠેર લીકેજ જોવા મળી

ગંદુ પાણી મળતું હોવાની ફરિયાદ : ઘર દીઠ રૂા. એક-એક હજાર પણ એળે ગયા

લખતર, નલ સે જલ અને હર ઘર નળ યોજનાની મોટી જાહેરાતો કરવામાં આવે છે. જેનું કામ વાસ્મો દ્વારા કરવામાં આવે છે. ત્યારે લખતરમાં આ યોજનાના ધજાગરા ઉડ્યા હોય તેવી ઘટના સામે આવી છે. શહેરમાં વાસ્મોની નવી નાંખેલી લાઈનમાં પાણી આપવામાં આવતા પાણી ડહોળું આવતાં લોકોમાં ભારે રોષ ફેલાયેલો છે.

લખતર શહેરમાં વાસ્મો દ્વારા પાણીની લાઈન નાંખવાની કામગીરી શરૂ થઈ ત્યારથી જ કામગીરી નબળી હોવાની અનેક ફરિયાદો ઉઠી હતી. આ અંગે તાલુકાથી લઈને રાજ્યના અધિકારીઓને રજૂઆતો થવા છતાં માત્ર તપાસના નામે દેખાડા કરી અધિકારીઓ સંતોષ માની લેતાં હોય છ. આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. તેવામાં લખતર શહેરના અનેક વિસ્તારોમાં રોજબરોજ પાણીની નવી નાંખેલી લાઈન લીકેજ થઈ રહી છે. જેના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

આવા લીકેજ માટે નવું ટેન્ડર બહાર પાડી લીકેજ રોકવાની કામગીરી કરવામાં આવી રહી છે. પરંતુ તેમ છતાં આ નવી નાંખેલી લાઈનમાં ડહોળું પાણી આવતા લોકોમાં ભારે રોષ વ્યાપેલો છે. આ લાઈનોનું યોગ્ય રીપેરીંગ ન થયું હોવાથી ખરાબ પાણી લાઈનમાં આવતું હોવાનું લોકોએ જણાવ્યું હતું. આટલું જ નહીં પરંતુ તીવ્ર વાસ પણ નળમાં આવતા પાણીમાં આવતી હોવાથી રોગચાળાનો ભય પણ લોકોમાં રહેલો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લખતર શહેરમાં આ પાણીની લાઈન નાંખવાની કામગીરી સમયે લોકો પાસે ઘર દીઠ એક-એક હજાર રૂપિયા સ્થાનિક પંચાયત દ્વારા ઉઘરાવવામાં આવ્યા હતા. આ રૂપિયા આપવા છતાં લાઈનો લીકેજ થાય, રોડ ઉપર પાણી ફરી વળે અને ઘરે નવી લાઈનમાં નળમાં ડહોળું પાણી આવે તો લોકોના રૂપિયાનો વ્યય થયો હોય તેવું લોકો અનુભવી રહ્યા છે. લોકોએ આ અંગે કડક તપાસની માંગ કરી છે.

આ કામગીરી અનેક રજૂઆતો છતાં તાલુકાથી લઈને રાજ્યના અધિકારીઓ કાર્યવાહી કરવા વામણા બની ગયા હોવાનું લોકમુખે સાંભળવા મળી રહ્યું છે.

ધોરાજીમાં દેશી દારૂની ભઠ્ઠી સાથે નશાકારક સીરપનો જથ્થો ઝડપાયો

ધોરાજી, શહેરના ચુનારા પા રોડ પર ફર્સ્ટ કન્ઝયુમર સામેના મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી તથા નશાકારક સીરપ (કોર્ડીન)નું વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી રૂા.૨૬ હજારનો સીરપનો જથ્થો અને દેશી દારૂ બનાવવાના સાધનો કબજે કર્યા હતા. જ્યારે આરોપીની શોધખોળ ચાલી રહી છે.

દેશી દારૂની ચાલુ ભઠ્ઠી તથા ખાખી કલરના પૂઠાંનું બોક્ષ ભરેલ હોય જે બોક્ષ ખોલી તપાસ કરતાં નશાકારક પ્રતિબંધિત કેફી પીણાની કંપની શીલ પેક પ્લા.ની પારદર્શક બોટલો હોય જે નશાકારક કેફી પ્રવાહી પીણાની બોટલો પોતાના કબજામાં રાખી વેચાણ કરવા બદલ કોઈ પાસ પરમીટ કે સક્ષમ અધિકારીનું લાઈસન્સમેળવ્યા વગર લોકોના જાહેર આરોગ્યને નુકસાન કરે તેવા શંકાસ્પદ નશાકારક પ્રતિબંધિત કેફી પીણાની બોટલોનો જથ્થો ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

શીલપેક બોટલો નંગ-૧૫૦ કુલ જથ્થો ૧૫,૦૦૦ એમ.એલ. કિ.રૂા.૨૬,૨૫૦/-નો તેમજ દારૂ લિ. ૨૫ કિ.રૂા.રૂા.૫૦૦/- તથા ગરમ આથો તથા ઠંડો આથો લિ.૨૫૦/- તથા ભઠ્ઠીના સાધનો કિ.રૂા.૨૩૨૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂા.૩૩૨૦/- સાથે મુદ્દામાલ કબજે કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે. આ કામગીરીમાં ધોરાજી સિટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર આર.જે.ગોધમ તથા પો.સ.ઈ. પી.કે.ગોહિલ તથા સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

વાંકાનેરમાં પાર્થધ્વજ યુવક મંડળ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન

તા.૨થી રામ પારાયણ યોજાશે, તા.૯મીએ સમૂહ લગ્ન

વાંકાનેર, અહીંના જીનપરા વિસ્તારમાં ગૌશાળા રોડ પરઆવેલા પાર્થધ્વજ હનુમાનજી અને પાર્થેશ્વર મહાદેવ મંદિરના યુવકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૯મા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન, સમૂહ યજ્ઞોપવિત અને તા.૨થી ૮ મે દરમિયાન રામ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે.

રામ પારાયણમાં વ્યાસાસને રાજકોટ હરિકાંતબાપુ રહેશે. કથા સવારે ૯:૩૦થી ૧૨:૩૦ અને બપોર બાદ ૩:૩૦થી ૬:૩૦ યોજાશે. કથા દરમિયાન દરરોજ બપોરે ભાવિકો માટે મહાપ્રસાદ પણ યોજાશે. કથામાં વિવિધ પ્રસંગો ધામધૂમથી ઉજવાશે. રામ પારાયણના પ્રારંભે તા.૨ના રોજ સવારે ૯ વાગ્યે જકાતનાકા પાસે આવેલા ચિત્રકૂટ બાલાજી મંદિરથી પોથિયાત્રા નીકળશે. જે પાર્થધ્વજ હનુમાનજી મંદિરમાં તૈયાર કરાયેલા અયોધ્યા ધામ પહોંચશે. સાધુ, સંતો, સેવકો પોથીયાત્રામાં જોડાશે.

કથાની પૂર્ણાહૂતિ બાદ તા.૮મીએ શાંતિ હવન યોજાશે. તા.૯મીએ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન અને યજ્ઞપવિતનું આયોજન છે. જેમાં ૧૧ યુગલ લગ્નગ્રંથિથી જોડાશે. તા.૯મીએ સવારે ૭:૦૦ વાગે એકસાથે ૧૧ જાનના સામૈયા કરાશે. મહંત છબીલદાસબાપુ, મહંત અશ્વિનબાપુ રાવલ, મહંત વિશાલભાઈ પટેલ, માધુરીબેન ગોસ્વામી, ડૉ.દિલીપભાઈ વ્યાસ, હેતલબા વગેરે આશીર્વચન પાઠવશે. સમૂહ લગ્નમાં જમણવારના દાતા વસંતબા પ્રવિણસિંહ ઝાલા હસ્તે જયુભા ઝાલા છે.

કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળન ટપુભા એમ.જેઠવા, પ્રફેલ્લગીરી ગોસ્વામી, વીરેન્દ્રપુરી ગોસ્વામી, ધનુભા ઝાલા, સુરેશગીરી ગોસ્વામી, જગદીશભાઈ મોરાણીયા કાર્યરત છે.

જામકંડોરણા જૂથ સેવા સહકારી મંડળીના બાકીદારને ચેક રિટર્ન કેસમાં બે વર્ષની કેદ

જામકંડોરણા, જામકંડોરણા જૂથ સેવા સહકારી મંડળીમાંથી આંચવડ ગામના ખેડૂત સભાસદ જયેન્દ્રસિંહ ગોવુભા ચૌહાણે મંડળીમાંથી સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં મધ્યમ મુદ્દત ફૂવાની લોન તથા સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં કપાસ અને મગફળીનું પાક ધિરાણ તથા સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં મધ્યમ મુદ્દત બિનખેતી હાઉસિંગ લોન અને ધિરાણની રકમ ચૂકવવા મંડળી દ્વારા જયેન્દ્રસિંહ ગોવુભા ચૌહાણને નોટિસ પાઠવતા તેમને ચૂકવણી પેટે રૂા.૧૨ લાખનો ચેક મંડળીને આપ્યો હતો. જે ચેક બેંકમાંથી રિટર્ન થયેલો હતો. જયેન્દ્રસિંહને નોટિસ પાઠવવા છતાં બાકી રકમ ન ચૂકવતા જામકંડોરણા જૂથ સેવા સહકારી મંડળીના મંત્રી ગિરધરભાઈ રાદડિયાએ મંડળીના એડવોકેટ દ્વારા નેગોશીએબલ એકટ હેઠળ જામકંડોરણાની અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી જે કેસની સુનાવણી ચાલતા જેમાં બન્ને પક્ષોની રજૂઆત અને દલીલો બાદ જજ જે.એલ.પરમાર આરોપી જયેન્દ્રસિંહ ચૌહાણને બે વર્ષની સાદી કેદની સજા અને આરોપીએ ચેકની રકમ રૂા.૧૨ લાખની રકમનો દંડ અને આ દંડની રકમ મંડળીને ૩૦ દિવસમાં ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે અને જો આરોપી આ રકમ ના ચૂકવી આપે તો વધુ છ માસની સાદી કેદની સજા અને દંડ પેટે રૂા.૧૦ હજાર નામદાર કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરાયો છે.

વસંતભાઈ લીંબાસિયાએ ૧૮ વીઘા જમીન દાનમાં આપી

રાજકોટ, સ્વામિનારાયણ ગુરૂકૂળ સંસ્થાન દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહના અંતિમ દિવસે રાજ્યભરના ઉદ્યોગપતિ, સમાજના આગેવાનોએ હાજરી આપી હતી. આ તકે સ્વામિનારાયણ કન્યા ગુરૂકૂળનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો હતો.

૧૮ વીઘામાં બની રહેલા કન્યા ગુરૂકૂળ સંકુલમાં ૩.૨૫ લાખ સ્કવેર ફૂટનું બાંધકામ હશે. સાત માળના છાત્રાલયમાં ૧૨૦ રૂમ હશે તેમજ સ્કૂલ બિલ્ડીંગોમાં ૯૦ રૂમ હશે. આ બિલ્ડીંગમાં વિશાળ પુસ્તકાલય બનાવવામાં આવશે જેમાં દરેક વિષયના દેશ દુનિયાના પુસ્તકો પ્રાપ્ત થઈ શકશે. દીકરીઓના શારીરિક વિકાસ માટે આધુનિક જીમ બનાવવામાં આવશે. આ ઉપરાંત ફૂટબોલ ગ્રાઉન્ડ, ટેનિસ ગ્રાઉન્ડ અને ખોખો, કબડી વગેરેના ગ્રાઉન્ડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દીકરીઓના માનસિક વિકાસ અને બૌદ્ધિક વિકાસ માટે વૈદિક મેથ્સ અને મેમરી ડેવલપમેન્ટ વિભાગ રાખવામાં આવશે.

વધુમાં વસંતભાઈ લીંબાસિયાએ જણાવ્યું હતું કે, કન્યા ગુરૂકૂળએ તુલસીનો કયારો છે જેમાં દરેક શ્રદ્ધાવાન ભકતો પોતાની પુણ્ય કમાઈ રૂપી સંપત્તિ, સમગ્ર ભારતમાં દીવાદાંડી રૂપ પ્રથમ કન્યા ગુરૂકૂળ બની રહેશે.

કોટંબીના સ્ટેડિયમમાં સપ્ટેમ્બરમાં રમાશે બરોડા પ્રિમિયર લીગ

વડોદરા, બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા કોટંબી ખાતે તૈયાર કરવામાં આવી રહેલા ભવ્ય સ્ટેડિમય ખાતે આગામી સપ્ટેમ્બર મહિનામાં બરોડા પ્રિમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું છે જેના પર બીસીસીઆઈની ગાઈડ લાઈન મુજબ પાંચ ટીમો ચોવીસ મેચ રમશ, જેનું ઓટીટી અને ટીવી બ્રોડકાસ્ટ પણ થશે તેમ બીસીએના પ્રેસિડેન્ટ પ્રણવ અમીને આજે જણાવ્યું હતું.

બીસીસીના પ્રેસિડેન્ટ પ્રણવ અમીને પત્રકારોને વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડોદરા ટીમનું ગત વર્ષ દરમિયાન સારું પ્રદર્શન રહ્યું છે. ટીમ નોકઆઉટ અને કવોલિફાયીંગ રાઉન્ડ સુધી પહોંચી ગઈ હતી. વડોદરાના હાર્દિક પંડયા, યાશિકા ભાટિયા, રાઅધા યાદવ ભારતીય ટીમમાંથી રમી રહ્યા છે. આ ઉપરાંત આઈપીએલમાં પણ હાર્દિક પંડયા, કૃણાલ પંડયા, શિવાલીક શર્મા વગેરે રમી રહ્યા છે. આગામી ૨૫મી એપ્રિલથી કોટંબી ખાતે અંડર ૧૪ અને અન્ડર ૧૬ના છોકરાઓ તથા અન્ડર ૧૫ અને ૧૯ છોકરીઓ માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓએ બરોડા પ્રિમિયર લીગના આયોજન અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, બરોડા પ્રિમિયર લીગમાં પાંચ જેટલી ટીમોને રમાડવામાં આવશે. તેઓને ચોવીસ મેચ રમાડવામાં આવશે. કોટંબી ખાતેના ભવ્ય સ્ટેડિયમમાં મેચ રમાશે. બીસીએની ગણતરી છે કે અત્યારે વર્ષ દરમિયાન રમાતી ટી-૨૦ મેચોની સંખ્યા પણ પૂરતી નથી. આ ટુર્નામેન્ટના કારણે ખેલાડીઓને વધુ ટી-૨૦ મેચો રમવાની તક મળશે. ઉપરાંત વડોદરાના ક્રિકેટ ચાહકોને પણ ટી-૨૦ મેચોની રોમાંચકતા માણવાનો મોકો મળશે. બીપીએલનું ઓટીટી અને ટીવી પર બ્રોડકાસ્ટ પણ થશે. જેના કારણે વડોદરાના ખેલાડીઓ પર સૌની નજર પડી શકે.

ઈશ્વરપુરની શાળામાં અભિવાદન સમારોહ

શિક્ષક કયારેય નિવૃત્ત ન થાય, સમાજ માટે સતત પ્રેરણારૂપ રહે

ઈશ્વરીયા, ઈશ્વરીયાના ઈશ્વરપુર વિસ્તાર પ્રાથમિક શાળામાં નિવૃત્ત આચાર્યના વિદાય સાથે વિવિધ સન્માન પંચામૃત કાર્યક્રમમાં મહેમાનોએ કરેલા ઉદ્બોધનમાં શિક્ષણ કયારેય નિવૃત્ત ન થાય સતત સમાજ માટે પ્રેરણારૂપ હોય છે તેમ જણાવ્યું.

ઈશ્વરીયાના ઈશ્વરપુર વિસ્તાર પ્રાથમિક શાળાના આચાર્ય દિલીપભાઈ રાઠોડ નિવૃત્ત થતાં અમરદાસજી મહારાજની ઉપસ્થિતિમાં અગ્રણી મહાનુભાવોની શુભકામના સાથે કાર્યક્રમ યોજાયો. ઈશ્વરીયા ગામ તેમજ આસપાસના ગામોમાંથી શિક્ષકો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા.

મહેમાનોએ કરેલા ઉદ્બોધનમાં શિક્ષક કયારેય નિવૃત્ત ન થાય તે સતત સમાજ માટે પ્રેરણારૂપ હોય છે તેમ જણાવ્યું. આ શાળામાં થયેલા શિક્ષણ તથા કેળવણીના કાર્યને વીરશંગભાઈ સોલંકી, રમેશભાઈ કાકડીયા, નયનભાઈ ઝારાવાળા, મુકેશકુમાર પંડિત, પોપટભાઈ મોરડીયા તથા રાજુભાઈ જાનીએ બિરદાવી શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે આચાર્ય દિલીપભાઈ રાઠોડ સાથે અહીં સેવા આપેલ શિક્ષકો અકબરભાઈ ચૌહાણ, ગીતાબેન ડાંગર, સ્મિતાબેન જાની, મનીષભાઈ પરમાર, તુલસીદાસ ડાભીનું સ્મૃતિ ચિહ્ન આપી કાળુભાઈ ભિકડીયા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. આ શાળાની સ્થાપનામાં પ્રથમ મકાન સુવિધાના દાતા મેરાભાઈ ગોહિલ સાથે કાયમ સહયોગી બનતા કાળુભાઈ ભિકડીયા, નયનભાઈ ઝારાવાળા, મુકેશકુમાર પંડિત, લાભુભાઈ સોલંકી તથા ભૂપતભાઈ રાઠોડને તેમજ શિક્ષણ સહાયક રહેનારાઓને સન્માનિત કરવામાં આવ્યા. શાળાના ધોરણ પાંચના વિદ્યાર્થીઓને શુભકામના સાથે શૈક્ષણિક સામગ્રી ઉપરાંત આંબાના રોપ ભેટ અપાયા. આ બાળકો દ્વારા શાળાને ગાંધીજી તસવીર ભેટ અપાઈ. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા. સન્માનિત આચાર્ય દિલીપભાઈ રાઠોડ દ્વારા આભારની લાગણી સાથે અહીંનો સંબંધ કાયમી રાખવા જણાવ્યું. મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ભૂજના સરપટનાકાની ઘટના, ૪ની ધરપકડ

સ્કૂટર ધીમું ચલાવવાનું કહેતાં ઉશ્કેરાયેલા લોકોએ ડોલ ભરીને એસિડ હુમલો કર્યો, ૯ દાઝયા

ભૂજ, સરપટનાકા વિસ્તારમાં રહેતા પરિવારના ઘરે લગ્નપ્રસંગ હોવાથી રસ્તા પર સ્કૂટર ધીમે ચલાવવાનું કહેતા તેનો બદલો લેવા આઠથી નવ લોકોએ ડોલ અને જગમાં એસિડ ભરી ધોકા અને લોખંડના સળિયાથી પરિવાર પર હુમલો કર્યો હતો. જેમાં ત્રણ મહિલા સહિત નવા દાઝી ગયા હતા. હાલ પોલીસે ચારને ઝડપી લીધા છે.

શિવહરીનગરની ભગતવાડીમાં રહેતા અમ્મર અબ્દુલ ભટ્ટીએ ભૂજના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેમની જ સોસાયટીમાં રહેતા આદમ ખત્રી, અઝીઝ ખત્રી, ઈબ્રાહીમ ખત્રી, સત્તાર ખત્રી સહિત ચારથી પાંચ વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. ફરિયાદીમાં જણાવ્યા મુજબ સોમવારે તેમના ઘરે નાના ભાઈના લગ્નનો પ્રસંગ હોવાથી સગા આવ્યા હતા. દરમિયાન સવારે સાડા ૧૦ વાગ્યે આદમ ખત્રી ઈ-સ્કૂટરથી બે ત્રણ વખત પૂરઝડપે નીકળ્યો હતો. નાના બાળકો રમતા હોવાથી તેને સ્કૂટર ધીમું ચલાવવા કહ્યું હતું જેથી તે ઉશ્કેરાયો હતો અને ૧૦ મિનિટ બાદ ટોળા અને ડોલ અને જગમાં એસિડ ભરી આવ્યો હતો અને પરિવાર પર હુમલો કર્યો હતો.

સુરત ડિંડોલીના યુવકને ખેડાના ખિસ્તી બંધુએ છેતર્યો

ન્યુઝીલેન્ડની નકલી ટિકિટ આપી એજન્ટે ૫ લાખ પડાવ્યા

સુરત, પાંડેસરાની પ્રાઈવેટ કંપનીમાં ઓપરેટરની નોકરી કરતા યુવકે ન્યુઝીલેન્ડ જવાના ચક્કરમાં લેભાગુ એજન્ટની વાતમાં આવી ૪.૯૧ લાખની રકમ ગુમાવી છ. ડિંડોલી આવિષ્કાર રો-હાઉસમાં રહેતા ૩૦ વર્ષીય સંદીપ શરદ પાટીલે ડિંડોલી પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસે ખેડાના એજન્ટ જોય ડાહ્યા ખિસ્તી અને તેનાો ભાઈ જયકર ડાહ્યા ખિસ્તી સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

એજન્ટે શરૂઆતમાં ૫.૫૦ લાખ ટિકિટ માટે માંગ્યા પછી ૫ લાખમાં નક્કી કર્યું. કર્મચારીએ વિશ્વાસ કરી તેને ૫ લાખ આપ્યા એટલે એજન્ટે બોગસ ટિકિટ પધરાવી દીધી હતી. કર્મચારી મુંબઈ એરપોર્ટથી ઓકલેન્ડ વાયા દોહા ૨૭મી ઓક્ટોબર-૨૨એ જવા નીકળ્યા અને એરપોર્ટ પર ટિકિટ બતાવતા ખોટી હોવાનું સામે આવ્યું હતું.

૨૧મીએ બીજી ટિકિટ અમદાવાદથી ન્યૂઝીલેન્ડની આપી પછી એજન્ટે તેને સુરત આવવાની વાત કરી સાથે જઈશું એવું કહ્યું હતું. પછી ત્રીજી ટિકિટ પાછી અમદાવાદથી ન્યુઝીલેન્ડની આપી તેને અમદાવાદ મળવા બોલાવ્યો હતો. લેભાગુ એજન્ટના ખેડા જઈ સંદીપ પાટીલે રૂપિયાની માંગણી કરી તો બંને હાથ ઊંચા કરી દીધા હતા.

જામનગરમાં સિટી ઈજનેરને ખંડણી માટે ધમકાવનાર પૂર્વ કોર્પોરેટરે જામીન અરજી પાછી ખેંચી

જામનગર, જામનગર મહાનગર પાલિકામાં સિટી ઈજનેર તરીકે ફરજ બજાવતા ભાવેશ જાનીને ધમકી આપી ઈમ્પેક્ટની ફાઈલ ક્લિયર કરવા માટે ધમકાવી અને હારૂન પલેજાની થયેલ હત્યાની જેમ હત્યા કરવાની ધમકી આપી દર મહિને એક લાખનો હપ્તો આપી દેવા મહિલા કોર્પોરેટરના પતિ અને પૂર્વ કોર્પોરેટર દીપુ પારિયા સામે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો અને પોલીસે શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પૂર્વ કોર્પોરેઠર દીપુ પારિયાએ જામનગરની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતાં નામંજૂર કરવામાં આવી હતી. આથી દીપુ પારિયાએ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કર્યા બાદ પરત ખેંચી લીધી હતી. આથી પોલીસે પૂર્વ કોર્પોરેટરની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મહીસાગર જિલ્લા કલેકટરની કેપ્ટનશીપમાં

મતદાન જાગૃતિ માટે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(માહિતી બ્યૂરો) મહીસાગર, સમગ્ર દેશમાં લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ યોજાઈ રહી છે તો સાથે સાથે લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉત્સાહ પણ છવાયેલો જોવા મળી રહ્યો છે ત્યારે જેમ ક્રિકેટમાં પ્રત

ગરીબ લાભાર્થીઓ સાથે બંટી-બબલીની લાખોની છેતરપીંડી

(એજન્સી) ગોધરા,

ગોધરા ના નદીસર પેટે પતરાના મુવાડા ગામે બંટી બબલી આવીને ગ્રામજનોને રૂા.૧ હજાર રોકાણકરશો તો ૪૫ દિવસમાં રૂા.૮૫ હજાર મળશે તેવીલાલચ આપીને રૂા.ઉ.૨૫ લાખની ઠગાઇ ની ફરિયાદ કાંકણપુરમાં નોધાઇ હતી. કાંકણપુર પોલીસે છેતરપીંડીકરનાર બંટીને પકડીને જેલમાં ધકેલી દીધો હતો.

ગોધરા તાલુકાના નદીસર ગામના પતરાના મુવાડા ખાતેરહેતા રાવજી સોમા બારીયાના ઘરે તા.૧૭ મે ૨૦૨૩ ના રોજ મહેસાણાના વડનગર રહેતા હિમાંશુભાઈનરેશભાઈ બારોટ અને તેઓના પત્ની ખુશ્છબેન બારોટતેઓના ઘરે યજમાનવત્તિ કરવા આવ્યા હતા. અનેહિમાંશુભાઈએ જણાવ્યું કે સૂર્ય ફાઉન્ડેશન નામનીએક કંપની છે, જે ગરીબોનું ગુજરાન ચલાવવા માટે નાણાકીય સહાય આપે છે. સહાય મેળવવા માટે એકલાભાર્થી દીઠ ૧ હજાર રૂપિયા જમા કરાવ્યા બાદકંપની ૪૫ દિવસ બાદ ૮૫ હજાર ની સહાય આપશે..અને જો રૂપિયા ૨૨૫૦૦ જમા કરાવશો તો એકલાભાર્થીને ૨૩ લાખ રૂપિયા કંપની મારફતે ૪૫ દિવસમાંચેક દ્વારા અપાશે, તેમ કહીને દંપતિ આજ કંપનીનામાણસો હોવાનું જણાવીને તમામને વિશ્વાસમાં લીધા હતા..

રાવજીભાઈ તેમજ તેઓના સબંધીઓ અને મિત્રોએઅલગ-અલગ તારીખો દરમ્યાન ૧ હજાર, ૨ હજાર અને ૩ હજાર જેવી રકમ મળીને કુલ રૂા.ઉ.૨૫ લાખ બંટી બબલીને ચૂકવ્યા હતા. આપેલા પૈસાની રશીદ કે લખાણ માંગતા દંપતીએ આપ્યુ ન હતું. અને સૂર્ય ફાઉન્ડેશન તમારા પૈસા નહિ ચૂકવે તો અમે તમારા પૈસા ચૂકવી દઈશું તેમ કહ્યુ હતું, તેમજ બંટી અને બબલીએકઠલાલના ગણેશપૂરા ગામના ગ્રામજનોએ પણઓનલાઇન પૈસા પાસે લીધા હતા.૪૫ દિવસબાદ નાણા માગતાં જણાવ્યુ કે, કંપનીનામાલિક કેનેડા ગયા છે, એક મહિના બાદ આવશે એટલે તમામના પૈસા ચૂકવી દેવાશે, જેના એક મહિનાબાદ પણ પૈસા ચૂકવ્યા ન હતા અને ખોટા વાયદાઓકરીને છેતરપિંડી કરી હતી. કાંકણપુર પોલીસ મથકેરાવજી બારીયાએ મહેસાણા જિલ્લાના દંપતિ સામેછેતરપીંડીની ફરીયાદ નોધાવી હતી. કાંકણપુર પોલીસેમહેસાણાના હિમાંશુને પકડી પાડયા હતા. જયારે તેની પત્ની ખુબ્બુને વોન્ટેડ જાહેર કરી હતી.

મુંબઇમાં ચાલુ ટ્રેનમાંથી પડી જતાં કચ્છી યુવતિનાં મોતથી અરેરાટી

(એજન્સી) ભુજ,

મૂળ માંડવી તાલુકાના મસ્કા ગામ વાડીવિસ્તારના અને મુંબઈમાં ચાલુ ટ્રેનમાંથી પડી જતાં કચ્છી યુવતીનાં મોતથી અરેરાટીડોમ્બિવલીમાં વર્ષોથી વસવાટ કરતા સામજી ખીમજી મોતાની સંતાનમાં ત્રણ દીકરી પૈકીની સૌથી નાની દીકરી રિયા (રિંકલ) સામજી મોતા (ઉ.વ. ૨૬)નું સેન્ટ્રલ મુંબઈના દીવા અને કોપર રેલવે સ્ટેશન વચ્ચે ચાલુ ટ્રેનમાં મુસાફરી દરમ્યાન પડી જવાથી મૃત્યુ થતાં કચ્છી સમાજમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી અને કરુણ સમાચાર વાયુવેગે પ્રસરી જતાં કચ્છી રાજગોર સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું અને મૃતકની ડોમ્બિવલીમાં નીકળેલી સ્મશાનયાત્રામાં સમાજ અગ્રણીઓએ જોડાઈને પરિવારને સાંત્વના પાઠવી હતી .

મુંબઈથી મળેલી જાણકારી પ્રમાણે સ્નાતક સુધી ભણેલી દીકરી રિયા સવારે આઠેક વાગ્યાની આસપાસ લોકલ ફાસ્ટ ટ્રેનમાં થાણાએ નોકરીએ જવા માટે ટ્રેનમાં ગિરદીનાં કારણે દરવાજા પાસે ઊભી હતી અને ટ્રેન રવાના થયા પછી દીવા અને કોપર સ્ટેશન વચ્ચે દરવાજા પાસે ઊભેલી રિયાનું કોઈ કારણસર દરવાજાના હેન્ડલથી હાથ છૂટી જતાં ચાલુ ટ્રેને પડી ગઈ અને હૉસ્પિટલ પહોંચે તે પહેલાં જ મૃત્યુને ભેટી હતી . બનાવ તા . ૨૯/૪ ના સવારે નવ વાગ્યે બન્યો હતો . પરિવારમાં ત્રણ જ બહેનમાં રિયા સૌથી નાની દીકરી હતી . મોટી બે બહેન પરિણીત છે , જ્યારે રિયા અપરિણીત હતી . રિયાના પિતા સામાન્ય કાપડની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે . દીકરીનાં અવસાનથી પરિવાર ઉપર દુ : ખનું આભ ફાટી પડયું હતું.

ટીમની કમાન રોહિત શર્માને જ સોંપાઈ

ટી-૨૦ વર્લ્ડકપ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરાઈ

(એજન્સી) નવી દિલ્હી,

ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ ટીમનું નેતૃત્વ પણ ફરી રોહિત શર્માને જ સોંપવામાં આવ્યું છે. આ સાથે રિષભ પંતને વિકેટ કીપર તરીકે સામેલ કરવામાં આવ્યો છે. ટી-૨૦ વર્લ્ડકપ માટેની ટીમમાં રોહિત શર્માને કેપ્ટન બનાવાયો છે. જ્યારે તેની સાથે વાઈસ કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાને યથાવત્ રખાયો છે. બીજી બાજુ યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, રિષભ પંત (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટ કીપર), શિવમ દુબે, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યજુવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજનો સમાવેશ કરાયો છે. આ સાથે રિઝર્વ ખેલાડી તરીકે શુભમન ગિલ, રિંકુ સિંહ, ખલીલ અહેમદ અને આવેશ ખાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ એ લાંબી ચર્ચા અને મંથન બાદ ટીમની જાહેરાત કરી હતી.

રિષભ પંતને વિકેટ કીપર તરીકે સામેલ કરવામાં આવ્યો કે.એલ. રાહુલને ક્રિકેટ ટીમમાં સ્થાન મળ્યું નથી

ચીફ સિલેક્ટર અજિત અગરકરના નેતૃત્વ હેઠળની નેશનલ સિલેક્શન કમિટીએ અનેક ખેલાડીઓના નામ પર ચર્ચા કરી હતી. છેવટે ૧૫ ખેલાડીઓના નામ ફાઈનલ કરાયા હતા. જેમાં હાર્દિક પંડ્યા જે હાલમાં આઈપીએલમાં ખરાબ ફોર્મમાં દેખાઈ રહ્યો છે તેનો પણ સમાવેશ કરાયો હતો અને આ સાથે તેને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. તેને ટીમનો વાઈસ કેપ્ટન જાહેર કરાયો છે. આ સાથે નવા ચહેરા અને યુવાઓની સ્ક્વૉડમાં શિવમ દુબે, યશસ્વી જયસ્વાલ, સંજુ સેમસન, અક્ષર પટેલ અને ચહલનો સમાવેશ કરાયો હતો. જ્યારે શુભમન ગિલને રિઝર્વ ખેલાડી તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. જે ખેલાડીઓને ટી-૨૦વર્લ્ડકપની ટીમમાં સ્થાન નથી મળ્યું તેમાં સૌથી ટોચે નામ છે કે.એલ. રાહુલનું. જ્યારે મોહમ્મદ શમી જે ઈજાને કારણે આઈપીએલમાં પણ રમી શક્યો નથી તેનું પણ આ યાદીમાં નામ સામેલ નથી. ઓલરાઉન્ડરોની વાત કરીએ તો હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજાને ટીમમાં સ્થાન મળ્યું છે. હાર્દિક ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ વાઇસ કેપ્ટનની ભૂમિકા ભજવશે.આઈપીએલ-૨૦૨૪માં હાર્દિક મુંબઈ ઈન્ડિયન્સ ની કેપ્ટનશીપ કરી રહ્યો છે. સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલને પણ તેમના સારા પ્રદર્શન માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

કાલોલની પરિણીતાને ત્રાસ આપી ટ્રીપલ તલાક આપતા પતિ સહિત સાસુ સસરા, નણંદ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) ગોધરા,

કાલોલ ની આશિયાના સોસાયટીમાં રહેતી મુસ્કાન મોહમદહનીફ બેલીમ દ્વારા કાલોલ પોલીસ મથકે પોતાના પતી, સાસુ, સસરા અને નણંદ સામે શારિરીક માનસિક ત્રાસ આપી મારઝૂડ કરી નાણાની માંગણી કરવા અને માંગ ન સંતોષાતા ટ્રિપલ તલાક આપ્યા હોવાની વિગતે ફરીયાદ નોંધાવી છે.

ફરિયાદ ની વિગતો મુજબ મુસ્કાન ના લગ્ન તા ૧૭/૧૧/૨૧ ના રોજ મુસ્લીમ સમાજ ના રીતી રીવાજ મુજબ કાલોલના મોગલવાડા ખાતે રહેતા અદનાન લિયાકતખાન પઠાણ સાથે થયા હતા, સાસરીમાં શરૂ મા સારો વ્યવહાર રાખતા હતા પરંતુ તેનો પતી કોઈ કામ ધંધો કરતો નહોતો જેથી પરિણીતા કામ ધંધો કરવા કહેતા ઝગડો તકરાર કરતા અને બીભત્સ ગાળો બોલતા હતા.પોતાની હાથખરચી કાઢવા પરિણીતા મહેનત મજૂરી કરી પૈસા ભેગા કરતી તે પૈસા પણ તેનો પતી માંગી લેતો. સાસુ સસરા, નણંદ ને કહેવા જતા તેઓ પણ પતિનો પક્ષ લઈને પરિણીતા સાથે બોલાચાલી કરતા સમગ્ર સમયગાળા દરમ્યાન પરિણીતા એ એક પુત્ર ને જન્મ આપ્યો જે હાલ દોઢ વર્ષનો છે ચાલુ વર્ષે રમજાન ઈદ માટે પોતાના પુત્ર માટે નવા કપડા લાવવાની માંગણી કરતી પરિણીતા ને પતી એ ઝગડો કરી માર મારેલ જેથી તેણી પોતાના પિયરમાં આવેલી બીજા દિવસે પોતાની સાસરીમાં જતા તેણીને પતી તેમજ સાસુ સસરા એ ઘરમા ઘુસવા દીધેલ નહીં અને ધક્કા મારી કાઢી મુકેલ ત્યાર બાદ ગત તા ૨૩/૦૪/૨૪ ના રોજ પરિણીતાને તેના પતી અદનાને ફોન કરી જણાવેલ કે, ×તારે મારા ઘરે રહેવુ હોય તો ૫૦ હજાર ની મહીલા લોન તારા નામે લઈને આપ× પણ મહીલા લોન નહી લેવાનું પરિણીતા એ જણાવતા તેજ દીવસે રાત્રે દશ વાગ્યે અદનાન પરિણીતાને ઘરે જઈને કહેલ કે તારે મહીલા લોન ન લેવી હોય તો હુ તને તલાક આપી દઈશ પણ પરિણીતા એ લોન લેવાની ના પાડતા તેના પતી અદનાને પરિણીતાના માતા પિતા અને ભાઈઓની હાજરીમા ત્રણ વાર તલાક બોલી તલાક આપી દીધા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાથી જતો રહ્યો હતો. પરિણીતા અને તેના ભાઈઓ તથા માતાપિતા સાથે પોતાના સાસુ સસરા નણંદ સાથે વાતચીત કરવા જતા તેઓએ પણ બોલાચાલી કરી તલાક આપી દીધા છે હવે તેને તમારા ઘેર રાખો અહીથી જતા રહો તેમ કહી ઝઘડો કરેલ.

ચીનમાં પાલતુ બિલાડીએ ઘરને આગ લગાડતાં રૂ. ૧૧ લાખનું નુકસાન

(એજન્સી) બીજીંગ,

ચીનમાં એક પાલતુ બિલાડીએ ઘરમાં આગ લગાવી દીધી હતી. જેના લીધે ઘર માલિકને રૂ. ૧૧ લાખ (૧,૦૦,૦૦૦ યુઆન)નું નુકસાન થયું છે. ચીનના એક મીડિયા અખબાર અનુસાર, ચીનના સિચુઆન પ્રાંતમાં આ બનાવ બન્યો હતો. ઘરની માલિક ડાંડનને ૪ એપ્રિલે તેના પ્રોપર્ટી મેનેજમેન્ટ સ્ટાફનો ફોન આવ્યો અને જણાવ્યું કે, તમારા ઘરમાં આગ લાગી છે. તે તુરંત જ નોકરીએથી ઘરે આવી અને જોયું તો તેની જિંગોડિયો નામની બિલાડીએ આ કારસ્તાન કર્યું છે. જેના લીધે ઘરનો ફર્સ્ટ ફ્લોર બળીને ખાખ થયો હતો.

ડાંડન તેની બિલાડીને ઘરે મૂકી ગઈ હતી. જે કિચનમાં રમી રહી હતી. બિલાડીએ એપ્લાયન્સિસની ટન પેનલ પર ચાલતાં ચાલતાં ભૂલથી ઈન્ડક્શન કૂકર ચાલુ કરી દીધો હતો. જેના લીધે આ આગ લાગી હતી. જો કે, આગ લાગતાં જ ફાયર ફાઈટર્સ દોડી આવ્યા હતા. જેમને બિલાડી ઉપરના માળે એક કેબિનેટમાં છુપાયેલી મળી હતી. જે રાખમાં ઢંકાયેલું હતું. ફાયર ફાઈટર પણ આશ્ચર્યચકિત થયા હતા કે, બિલાડીએ પોતાનો જીવ બચાવવા પોતાને સંતાડી હતી.

આ ઘટનામાં બિલાડી તો બચી ગઈ, પરંતુ ઘરની માલિકે પણ કોઈ ઉગ્ર પ્રતિક્રિયા આપી ન હતી. તેણે ઈન્ડક્શન કૂકરનો પાવર બંધ ન કરવા બદલ પોતાને જ દોષી ઠેરવી હતી. તેમજ ભવિષ્યમાં આગ સલામતી અંગે વધુ સાવચેત રહેવાની ખાતરી આપી હતી. ડાંડને સોશિયલ મીડિયા પર પોતાની બિલાડીનુ કારસ્તાન શેયર કરતાં તેને અનેક લાઈક્સ અને ફિડબેક મળ્યા હતા. લોકો માટે તે રમૂજી કિસ્સો બન્યો હતો. ઘણા યુઝરે પોતાના પાલતુ પ્રાણીઓ સાથે બનેલા આવા રમૂજી કિસ્સા પર શેયર કર્યા હતા. એક યુઝરે કમેન્ટમાં કહ્યું હતું કે, મારી બિલાડી મોટાભાગે ટોઈલેટ ફ્લશ કરતી રહે છે, જેના લીધે મારે પાણીના મોટા બિલ ચૂકવવા પડે છે.

અન્ય એક યુઝરે કમેન્ટ કરી કે, આ કિસ્સો શેયર કરવા બદલ આભાર. હું પણ હમણાં જ મારૂ ઈલેક્ટ્રિક કૂકર બંધ કરી આવી, કારણકે મારી પાસે પણ એક તોફાની બિલાડી છે, જે મારા ફ્લેટમાં આખો દિવસ દોડાદોડ કરતી હોય છે.

સુપ્રીમ કલમ ૩૭૦ નાબૂદ કરવાની કાયદેસરતા અંગેની સમીક્ષા કરશે

(એજન્સી) નવી દિલ્હી,

કલમ ૩૭૦ નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યથાવત રાખતા સુપ્રીમ કોર્ટના નિર્ણયને પડકારતી સમીક્ષા અરજી પર ૧ મેના રોજ વિચારણા કરવામાં આવશે. તે દિવસે સુપ્રીમ કોર્ટ નક્કી કરશે કે કેસની ફરી સુનાવણી થવી જોઈએ કે નહીં. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, સુપ્રીમ કોર્ટે જમ્મુ- કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી હતી .સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડે ચુકાદામાં કહ્યું હતું કે, જમ્મુ -કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. ભારતમાં જોડાયા પછી તેણે સાર્વભૌમત્વનું તત્વ જાળવી રાખ્યું નથી. આવી સ્થિતિમાં તેના માટે કોઈ ખાસ જોગવાઈઓ કરી શકાતી નથી. સીજેઆઈ ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બેંચે કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે કલમ ૩૭૦ એક અસ્થાયી જોગવાઈ છે અને તે વચગાળાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સંક્રમણના હેતુ માટે રજૂ કરવામાં આવી હતી. રાજ્યમાં યુદ્ધની સ્થિતિને કારણે આ કામચલાઉ હેતુ માટે હતું. આ એક અસ્થાયી જોગવાઈ છે અને આ રીતે તેને બંધારણના ભાગ ૨૧માં મૂકવામાં આવી છે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની આ બંધારણીય બેંચમાં જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતનો સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિદ્યુત કાર્ય

ઇ-ટેન્ડર સૂચના, વીજળી (પાવર) વિભાગ ટેન્ડર આમંત્રિત કરતી સૂચના નં. EL/50/1/05 (24-25) તારીખ: 26/04/2024 ડિવિઝનલ રેલ્વે મેનેજર (વિદ્યુત/પાવર), વેસ્ટર્ન રેલ્વે, વડોદરા ડિવિઝન ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, ભારતીય રેલ્વેની વેબસાઇટ www.ireps.gov.in પર નીચેના કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. BRC-EL-P-06-2186-24-25 કાર્યનું નામ:** વડોદરા વિભાગ: વડોદરા યાર્ડ ખાતે ટર્મિનલ સુવિધાના બાંધકામ સંબંધમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. **અંદાજિત કિંમત:** ₹28,83,366.00. **ઈએમડી:** ₹57700.00. **ટેન્ડર ફી:** શૂન્ય**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ:** 20/05/2024. **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in BRC20

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ધોધંબાના પાલ્લા ગામે જાહેર માર્ગની વચ્ચે વીજ પોલ

(પ્રતિનિધિ) ગોધરા,

ધોધંબા તાલુકાના પાલ્લા ગામના લવર ફળિયામાં ૨ માસ અગાઉ માર્ગ પંચાયત શાળાના મકાન વિભાગના કોન્ટ્રાકટર દ્વારા રોડનું કામ કરવામાં આવ્યું હતું. રોડ વચ્ચે વિજકંપનીનું ટ્રાન્સફોર્મર આવતા હોવાથી ટ્રાન્સફોર્મર ખસેડીને રોડ બનાવવા ગ્રામજનોએ રજુઆત કરી હતી. જેથી ટ્રાન્સફોર્મર ખસેડવા કોન્ટ્રાકટર દ્વારા વીજ કંપનીમાં જાણ કરી હતી. તેમ છતાં ટ્રાન્સફોર્મર નહિ ખસેડાતા કોન્ટ્રાકટર દ્વારા નવીન ડામર રોડ બનાવી દીધો હતો. હવે .રોડની વચ્ચે ટ્રાન્સફોર્મરનો - થાંભલો આવતા અકસ્માતનો - ભય ગ્રામજનો સેવી રહ્યા છે. રોડની વચ્ચે ટ્રાન્સફોર્મરને લઈને વિવાદ ઉભો થતા કોન્ટ્રાકટર અને વિજકંપની એક બીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે. જેમા કોન્ટ્રકટરના સુરપવાઈઝર જણાવે છે કે રોડ બનતી વખતે અમે તો ટ્રાન્સફોર્મર હટાવવાની જાણ કરી હતી. પણ ટ્રાન્સફોર્મર ન હટતા આસપાસની થોડી જગ્યાની માંગણી કરી હતી. પરંતુ કોઈએ જગ્યા ન આપતા અમે રોડ બનાવી દીધો છે. જયારે ધોધંબાના એમજીવીસીએલના અધીકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રોડ વચ્ચે ડી.પી હટાવવા જે તે વખતે અરજી આપી હતી. પણ જગ્યા કોઈ આપતું ન હોવાથી ડી.પી ખસેડાઈ નથી. નવીન ડામરનો રોડ ડી.પી હટાવ્યા વગર બની જતા સોસીયલ મીડીયામાં વાઈરલ થતા કાલોલ પંચાયત માર્ગ મકાન વીભાગના અધીકારીવિજકંપની ખાતે દોડી આવીને તાત્કાલિક પૈસા ભરી દવુ છુ અને ડી.પી ખસેડવાની રજુઆત કરી ગયા હોવાનું વિજકંપનીના કર્મી દ્વારા જણાવવામાં આવ્યું છે.

(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

કાલોલ પંચાયત વિભાગના માર્ગ મકાન વિભાગ દ્વારા બનાવાયેલા રોડની વચ્ચોવચ એમજીવીસીએલનું ટ્રાન્સફર આવી જતા આ રોડ લોકોના અવરજવર માટે બિન ઉપયોગી થઈ જતાં સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સિલવાસા ખાતે ભાજપના ઠરાવ પત્રની જાહેરાત કરવામાં આવી

(એજન્સી) સિલવાસા,

ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી પ્રદેશે આજે મીડિયા દ્વારા રાજ્યની બંને લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહેલા તેના ઉમેદવારોના ઢંઢેરાની જાહેરાત કરી છે. સિલવાસ અટલ ભવન ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી દીપેશ ટંડેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.દાદરા નગરમાં પત્રકાર પરિષદમાં હવેલી લોકસભા ચૂંટણી માં ભાજપના ઉમેદવાર શ્રીમતી કલાબેન ડેલકરની હાજરીમાં ઠરાવ પત્ર જાહેરાત કરી હતી. રાજ્ય અધ્યક્ષ દ્વારા મીડિયા પહેલા ઠરાવ પત્ર વિગતવાર માહિતી આપવામાં આવી હતી અને શ્રીમતી કલાબેન ડેલકર દ્વારા હાજર મીડિયા સમક્ષ સંબોધવામાં આવ્યા હતા.

આજના કાર્યક્રમમાં, સાંસદ શ્રી નટુભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રજની શેટ્ટી, દાનહ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દામજી કુરાડા, પૂર્વ શહેરના મેયર શ્રીરાકેશસિંહ ચૌહાણ, પ્રદેશ મહામંત્રી શ્રી સુનિલ પાટીલ,શ્રી જીતુભાઈ માઢા , રાજ્યના ત્રણેય જિલ્લા પ્રમુખો શ્રી અજયભાઈ દેસાઈ, શ્રી.સંજય રાઉત, શ્રી દીપક પ્રધાન, પૂર્વ સાંસદ સીતારામ ભાઈ, પૂર્વ અધ્યક્ષ શ્રી.દિગ્વિજયસિંહ પરમાર, પ્રદેશ ઉપપ્રમુખ શ્રી હિતેશ લાડ,શ્રી ધર્મેશસિંહ ચૌહાણ, રાજ્ય મીડિયા સંયોજક શ્રી મજીદ લધાણી, રાજ્ય મંત્રી શ્રી અનિલ દીક્ષિત, ઉત્તર ભારતીય સેલના પ્રમુખ શ્રી દ્વારિકાનાથ પાંડે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મામાં ચૂંટણી સંદર્ભની મિટિંગમાં નશાની હાલતમાં પ્રિસાઇડિંગ ઓફિસર પકડાતાં ફરિયાદ નોંધાઇ

(એજન્સી) ખેડબ્રહ્મા,

ખેડબ્રહ્મા શહેરમાં કેટી હાઈસ્કૂલમાં ચૂંટણી સંદર્ભની મીટીંગમાંથી બહાર નીકળતા વિજયનગર તાલુકાના વજેપુર ગામના મોતીલાલ કુલ્હાજી જાતે બોટાત ઉ.વ. ૫૩ દારૂ પીધેલ હોય લછડાતા અને બકવાસ કરતા કરતા નીકળતા તેની જાણ ખેડબ્રહ્મા નાયબ કલેક્ટરશ્રીને થતાં તેમણે પોલીસને બોલાવતા મોતીલાલ બોટાતને બ્રેઝ એનેલાઈઝર થી આલ્કોહોલ ટેસ્ટ કરાતા તેઓ પીધેલા નક્કી થતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના અહેકો સુનિલકુમાર કાંતિલાલે પ્રોહિબિશન એક્ટ અન્વયે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી.

પશ્ચિમ રેલ્વે - રાજકોટ ડિવિઝન

ટેન્ડર આમંત્રિત કરવા માટેની સૂચના

ટેન્ડર નંબરઃ- DRM/COMML/01/2024 તારીખ: 26.04.2024 કામનું નામ: બે પેકેટ સિસ્ટમ હેઠળ રાજકોટ ડિવિઝનના 'A1, A અને B' વર્ગના સ્ટેશનો એટલે કે રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ચા અને નાસ્તાના સ્ટોલ (નોન પ્રાઇમ લોકેશન)ના કોન્ટ્રાક્ટ માટેના ટેન્ડર.

ક્ર. નં,	ટેન્ડર નોટિસ નંબર	કેટરિંગ સ્ટોલનું સ્થાન	અનામત	અનામત કિંમત (દર વર્ષે*)	અર્નેસ્ટ મની	ટેન્ડર ફોર્મ ફી
01	C45/GMU/SUNR /PF-01-04/01	સુરેન્દ્રનગર સ્ટેશન પર પીએફ નં: 01-04 ના પિલર નં: 14 અને 15 ની વચ્ચે	જનરલ	₹3,00,402	₹31,300	₹5900
02	C45/GMU/WKR/ PF No.02/05	કવર શેડ પછી, વાંકાનેર સ્ટેશન પર સુરેન્દ્રનગર PF નં: 02 ના છેડે	જનરલ	₹1,66,320	₹17,300	₹5900
03	C45/GMU/RJT/ PF No.04-05/01	રાજકોટ સ્ટેશન પર PF નં: 04-05 ના હાઇડ્રેન્ટ નં: 47 અને 48 વચ્ચે	જનરલ	₹1,80,000	₹18,800	₹5900
04	C45/GMU/RJT/ PF No.04-05/03	રાજકોટ સ્ટેશન પર પીએફ નં: 04-05 ના હાઇડ્રેન્ટ નં: 114-115 વચ્ચે	જનરલ	₹1,88,000	₹19,600	₹5900
05	C45/GMU/RJT/ PF No.04-05/04	રાજકોટ સ્ટેશન પર PF નં: 04-05ના હાઇડ્રેન્ટ નં: 149 અને 150 ની વચ્ચે	સ્ત્રી (જનરલ)	₹1,88,000	₹19,600	₹5900
06	C45/GMU/JAM/ PF No.02-03/02	જામનગર સ્ટેશનના PF નં: 02-03 ના પિલ્લર નં: 07 અને 08 ની વચ્ચે	સ્ત્રી (જનરલ)	₹1,50,000	₹15,600	₹5900

* પ્રથમ ત્રણ વર્ષ માટે લાયસન્સ ફી નક્કી કરવામાં આવશે અને ચોથા વર્ષે 10% વધારો કરવામાં આવશે. ચોથા અને પાંચમા વર્ષની લાયસન્સ ફી સમાન રહેશે.**શરૂઆતની તારીખ**: ડિવિઝનલ રેલ્વે મેનેજર (કોમ.) - રાજકોટની સૂચના મુજબ. **ટેન્ડરની અંતિમ તારીખ અને સમય:** 04.06.2024 15:00 કલાક. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે 04.06.2024 ના રોજ 15:30 કલાકે. **કરારનો સમયગાળો:** માત્ર 05 વર્ષના સમયગાળા માટે. કોઈ વધુ વિસ્તરણ/રિનોવેશન નથી. **ટેન્ડરની માન્યતા:** 180 દિવસ **ઓફિસનું સરનામું જ્યાંથી વિગતો ઉપલબ્ધ થશે:** સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. 10:00 થી 17:00 સુધીના તમામ કામકાજના દિવસો દરમિયાન. **વેબસાઇટ સરનામું:** www.wr.indianrailways.gov.in

ટેન્ડર નંબરઃ- DRM/COMML/02/2024 તારીખ: 26.04.2024 કામનું નામ: સિંગલ પેકેટ સિસ્ટમ હેઠળ 'બી' વર્ગ સ્ટેશન એટલે કે રાજકોટ વિભાગના દ્વારકા સ્ટેશનના જનરલ માઇનોર યુનિટ (GMUS) ખાતે મિલ્ક પાર્લરના કોન્ટ્રાક્ટ માટેનું ટેન્ડર.

ક્ર. નં,	ટેન્ડર નોટિસ નંબર	કેટરિંગ સ્ટોલનું સ્થાન	અનામત	અનામત કિંમત (દર વર્ષે*)	અર્નેસ્ટ મની	ટેન્ડર ફોર્મ ફી
01.	C45/GMU/D WK/PF No.01	ઓખા ના છેડે, કેટરિંગ સ્ટોલ પાસે	જનરલ	₹1,01,581	₹10,600	₹5900

* પ્રથમ ત્રણ વર્ષ માટે લાયસન્સ ફી નક્કી કરવામાં આવશે અને ચોથા વર્ષે 10% વધારો કરવામાં આવશે. ચોથા અને પાંચમા વર્ષની લાયસન્સ ફી સમાન રહેશે. **શરૂઆતની તારીખ:** ડિવિઝનલ રેલ્વે મેનેજર (કોમ.) - રાજકોટની સૂચના મુજબ. **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 04.06.2024 10:00 કલાકની વચ્ચે. 15:00 સુધી. **ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે.ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે 04.06.2024 ના રોજ 15:30 કલાકે. **કરારનો સમયગાળો:** માત્ર 05 વર્ષના સમયગાળા માટે. કોઈ વધુ એક્સટેંશન/અપડેટ નથી. **ટેન્ડરની માન્યતા:** 90 દિવસ. ઓફિસનું સરનામું જ્યાંથી વિગતો ઉપલબ્ધ થશેઃ સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. 10:00 થી 17:00 સુધીના તમામ કામકાજના દિવસો દરમિયાન. **વેબસાઇટ સરનામું:** www.wr.indianrailways.gov.in RJT04

અમને ફોલો કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

મહુધામાં ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા

(પ્રતિનિધિ) નડિયાદ,

મહુધા માં રહેતા અને લક્ઝરી બસ ભાડેથી ફેરવી પોતાનું ગુજરાન ચલાવતા રહીશ પાસેથી હાલોલ ના બાસ્કા ગામના ઈસમે રૂપિયા ૧૦.૦૫ લાખ લીધા

પીએમ નરેન્દ્ર મોદી આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે, ૬ સ્થળે સભા સંબોધશે



(પ્રતિનિધી) અમદાવાદ, લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કા માટે ૭ મે મંગળવારના ના રોજ હવે મતદાન થશે, જેમાં ગુજરાતની ૨૫ બેઠકો માટે પણ મતદાન યોજવામાં આવશે. ત્યારે પીએમ નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવતીકાલે ૧ મેના રોજ આવી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના બે દિવસના ગુજરાત પ્રવાસમાં ૧ મેના રોજ પ્રથમ ઉત્તર ગુજરાતમાં ૩.૩૦ કલાકે બનાસકાંઠાના ડીસામાં જનસભા સંબોધશે, ત્યારબાદ ૫.૦૦ કલાકે સાબરકાંઠા હિંમતનગર માં સભા ગજવશે. ત્યારબાદ રાજભવન ખાતે રાત્રી રોકાણ અને ભાજપ ઉમેદવારો અને કાર્યકરો સાથે બેઠક કરી શકે છે.

પીએમ મોદી ૦૨ મે ના રોજ ગાંધીનગરથી સવારે ૧૦.૩૦ કલાકે આણંદ જવા રવાના થશે, અને આણંદમાં ૧૧.૦૦ કલાકે જનસભા સંબોધશે, ત્યારબાદ ત્યાંથી સુરેન્દ્રનગરમાં બપોરે ૧.૦૦ કલાકે જનસભા કરશે. અહીંથી સીધા તેઓ જુનાગઢમાં બપોરે ૩.૩૦ કલાકે જનસભા સંબોધશે, ત્યાંથી આગળ વધતા જામનગરમાં સાંજે ૫.૦૦ કલાકે જનસભા સંબોધી પશ્ચિમ બંગાળ જવા રવાના થઈ શકે છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાનને હવે માટે ૭ દિવસ બાકી છે, ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આપ ના નેતાઓ વધુને વધુ લોકો સુધી પહોંચ બનાવી પ્રચાર પ્રસારમાં વ્યસ્ત છે.

શહેરથી લઈ ગ્રામ્ય સ્તરે રાજકીય માહોલ ગરમાયો છે. થોડા સમયથી પ્રચારમાં નિરતા જોવા મળી રહી હતી, પરંતુ પીએમ મોદીના બે દિવસના પ્રવાસના સમાચારથી રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે, અને કાર્યકરોમાં ફરી ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

શહેરના લાંભા વિસ્તારમાં છેલ્લા ૩-૪ દિવસથી વાંદરાઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે. લાંભાના પ્રસિદ્ધ બળીયાદેવ મંદિર પાસે આવેલ શ્રીનાથ ગાયત્રી અને અંબાલિકા સોસાયટીમાં વાંદરા કરડવાના બનાવો બની રહ્યા છે. સ્થાનિક કોર્પોરેટર માનસિંહ સોલંકીના જણાવ્યા મુજબ મંગળવારે વધુ બે વ્યક્તિઓને વાંદરા કરડ્યા હતા. જે બંનેને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અમિત શાહનો ફેક વીડિયો વાયરલ કરનારા બેની ધરપકડ

એક મેવાણીનો પીએ, બીજો આપનો કાર્યકર્તા

(એજન્સી) અમદાવાદ, રવિવારે ૨૮ એપ્રિલના રોજ દિલ્હી પોલીસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના એડિટેડ વીડિયો અંગે ફ્રૈઇ નોંધી હતી. આ વીડિયોમાં શાહ એસસી-એસટી અને ઓબીસીની અનામતને ખતમ કરવાની વાત કરતા જોવા મળે છે. જો કે ન્યૂઝ એજન્સી પીટીઆઈના ફેક્ટ ચેકમાં આ વીડિયો નકલી સાબિત થયા હતા. ત્યારે આ એડિટેડ વીડિયોને ફેલાવવા અંગેની એક ફરિયાદ ભાજપ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે બીજી ફરિયાદ ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. ભાજપે આ વીડિયોને લઈને દેશભરમાં ફ્રૈઇ નોંધવાનો નિર્ણય લીધો છે. ત્યારે આ એડિટેડ વીડિયોને શેર કરતા ગુજરાતથી બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના પીએ છે, અને બીજો આપનો કાર્યકર્તા છે.

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે અમિત શાહની સભાના વીડિયોને ખોટી રીતે વાયરલ કરનારની ધરપકડ કરી છે. આરોપીઓએ કેન્દ્રીય ગૃહમંત્રીની જાહેર સભાના વીડિયોને એડિટ કરીને વાયરલ કર્યો હતો. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૨ શખ્સોની ધરપકડ કરી છે. જેઓએ અમિત શાહની પાલનપુર અને લીમખેડાની સભાના વીડિયોને એડિટ કરીને વાયરલ કર્યા હતા.

સતિષ વસાણી અને આરબી બારીયાની ધરપકડ કરાઈ છે. જેમાં આરબી બારીયા આપનો કાર્યકર્તા છે. તો સતીષ વસાણી કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો પીએ છે.

ગૃહમંત્રી અમિત શાહના નિવેદનને અનામત નાબૂદ કરવાના નિવેદનને ખોટી રીતે એડિટ કરીને વાયરલ કરવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસે ૬ હેન્ડલ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે, જેણે અમિક શાહના નિવેદનને સંપાદિત કર્યું હતું અને તેને વાયરલ કર્યો હતો. આ કેસમાં દેશભરમાંથી ધરપકડ થઈ રહી છે. સતીષ વણસોલાની ધરપકડ પર જીજ્ઞેશ મેવાણીએ પ્રતિક્રિયા આપી હતી. જીજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે સતીષ વણસોલા મારોઁ છ નહીં, મારો ભાઈ સમાન છે. સતીષ છ વર્ષથી મારી સાથે જોડાયેલ છે. મેવાણીએ કહ્યું હતું કે સતીષના આત્મસન્માન માટે લડીશું. અમુક માણસોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. સામાન્ય પરિવારના દીકરાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. આ તો તપાસનો વિષય છે. ભાજપ નેતા જયરાજસિંહે કહ્યું હતું કે આરોપી કયા સમાજ કે જ્ઞાતિનો છે તે લેવાદેવા નથી. કોંગ્રેસ જ્ઞાતિગત રાજનીતિ કરે છે. આ નકલી વીડિયો કોણે વાયરલ કર્યો તે તપાસનો વિષય છે.

વ્હાઈટ હેડલાઈટને રોકવા માટે આરટીઓ દ્વારા ખાસ ડ્રાઈવ

(એજન્સી) અમદાવાદ, છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વાહનો પર વધારાની મોડીફાઈડ વ્હાઈટ હેડલાઈટ લગાવી ફરતા વાહનચાલકોની સંખ્યા વધી રહી છે. જેના લીધે સામેથી આવતા વાહનચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલી પડતી હોય છે. ક્યારેક તો અકસ્માત સર્જાતા જીવ પણ જોખમમાં મુકાઈ જાય છે.

ત્યારે આ વ્હાઈટ હેડલાઈટને રોકવા માટે આરટીઓ દ્વારા ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.

વાહનોમાં કંપની દ્વારા અપાતી લાઈટ સિવાય અન્ય લાઈટ લગાવી રૌફ જમાવતા લોકો સામે વાહન વ્યવહાર વિભાગ દ્વારા દંડ ફટકારવામાં આવી રહ્યો છે. કારણ કે પ્રતિબંધિત અને હાઈ બીમ લાઈટ સામેથી આવતા વાહનચાલકોની આંખોમાં પડતા ૨-૫ સેકન્ડ સુધી દેખી શકાતું નથી. જેના લીધે અકસ્માત થવાનો ભય વધી જાય છે.

તેથી વધતા અકસ્માતને અટકાવવા અને વધારાની આ પ્રકારની લાઈટો લગાવી હોય તેમની સામે વાહન વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં વાહનચાલકો પાસેથી મોટો દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જાન્યુઆરી, ૨૦૨૪ થી લઈને અત્યાર સુધીમાં કુલ ૧૫૦ થી પણ વધુ વાહનચાલકો પાસેથી રૂપિયા ૧.૫ લાખથી પણ વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

જેમાં પાછલા બે વર્ષની અંદર ૪ હજાર જેટલા વાહન માલિકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જો કે હજુ પણ રસ્તા પર ઘણા વાહનો વ્હાઈટ ન્ઈઢ હેડ લાઈટવાળા વાહનો જોવા મળે છે. જેમની સામે આગામી સમયમાં યોગ્ય પગલાં ભરી લાઈસન્સ જપ્ત કરવામાં આવશે.

ગુજરાત ન્યુઝ અપડેટ્સ

જસદણમાં ૩૦૦થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગની અસર

(એજન્સી) રાજકોટ, ઉનાળામાં ફૂડ પોઈઝનિંગ સામાન્ય છે. ફૂડ પોઈઝનિંગ કોઈને પણ થઈ શકે છે.ઉનાળાની શરૂઆતની સાથે જ ફૂડ પોઈઝનિંગના કેસમાં વધારો જોવા મળતો હોય છે.ત્યારે જ આવી એક ઘટના રાજકોટમાં બની છે. જેમાં રાજકોટના જસદણમાં ગોખલાણા ગામમાં ૩૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. માતાજીના માંડવાના કાર્યક્રમમાં પ્રસાદ લીધા બાદ અસર જોવા મળી હતી. જણાવી દઈએ કે હાલ તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવની વિગતો જોઈએ તો, રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોખલાણા ગામે સોમવારે માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં આસપાસના ગામોમાંથી એક હજારથી વધુ લોકો આવ્યા હતા. માંડવામાં ચાપડી અને શાકની પ્રસાદ લીધા બાદ એક સાથે ૩૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી હતી.

ભરૂચના મનુબર પાસેથી બ્રાન્ડેડ કંપનીનું ડુપ્લીકેટ ખાદ્યતેલ ઝડપાયું

(એજન્સી) ભરુચ, ભરુચના મનુબર ચાર રસ્તા પાસે આવેલ રેહમત ટ્રેડર્સ કરીયાણાની દુકાનમાંથી બ્રાન્ડેડ કંપનીનો ડુપ્લીકેટ ખાદ્ય તેલના ડબ્બા સાથે પોલીસે એક ઈસમને ૪૫ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. ભરૂચ જીલ્લા પોલીસ વડા અને ડી.વાય.એસ.પી દ્વારા ખાણી-પીણીના ડુપ્લીકેટ બ્રાન્ડનો ઉપયોગ કરી લોકો સાથે છેંતરપીંડી કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા આપેલ સૂચનાને આધારે બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ.ના માર્ગ દર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે ભરૂચના મનુબર ચાર રસ્તા પાસે આવેલ ઓચિંટ શોપીંગ સ્થિત રેહમત ટ્રેડર્સ ખાતે દુકાનના માલીક હુસેન હનીફ મેમણ ડુપ્લીકેટ લેબલવાળુ તેલ બજારમાં વેચાણ કરે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.

બાયડ અને ધનસુરાના ૨૦૦ આગેવાનો ભાજપમાં જોડાયા

(એજન્સી) મોડાસા, મોડાસા શહેરમાં યોજવામાં આવેલા સહકાર સંમેલન દરમિયાન કોંગ્રેસને રામ રામ કરીને ધનસુરા અને બાયડના ૨૦૦ જેટલા કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાયા હતા. જેમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડેલિગેટ મનહરસિંહ કારોલી સહિત જીલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય, સરપંચ, પૂર્વ ડેલિગેટો સહિતના આગેવાનોએ સહકાર પ્રધાન જગદીશ વિશ્વકર્મા અને ઉમેદવાર શોભનાબેન બારૈયાના હસ્તે ખેસ ધારણ કર્યો હતો.

ગુજરાતમાં મતદાન વધારવા માટે તંત્રની તડામાર તૈયારીઓ

(એજન્સી) ગાંધીનગર, લોકસભાની ચૂંટણીમાં ૫૦% થી ઓછું મતદાન થયું હોય તેવા મતદાન મથકો અને બૂથ ચૂંટણી પંચ દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે. રાજ્યમાં ૨૯૯૧ બુથ પર મતદાન ૫૦% થી ઓછું નોંધાયેલ છે.

આ તમામ બુથ પર વધુ મતદાન કરાવવા માટે ચૂંટણીપંચ દ્વારા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે. મે મહિનાની કાળઝાળ ગરમીમા કચ્છ અને સૌરાષ્ટ્રમાં મતદાન વધારવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચના મુખ્ય કમિશનર રાજીવ કુમાર તથા જ્ઞાનેશકુમાર અને સુખવીર સિંહ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સાથે ઓછુ મતદાન ધરાવતા બુથ પર મતદાન વધારવા તાકીદ કરી છે.

ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ૫૦ ટકા કરતાં ઓછું મતદાન થયું હોય તેવી બેઠક પર જિલ્લાવાર બુથો અલગ તારવવામાં આવ્યા છે. ૨૦૨૨ ચૂંટણીમાં ૩,૪૮૯ બુથ પર ઓછું મતદાન થયું હતું. એમાં સુરતની બેઠક બિનહરીફ થતા આ જિલ્લાના ૪૯૮ બુથમાંથી બાદ કરાતા હવે ૨૯૯૧ બુથ એવા છે કે જ્યાં મતદાન વધારવા માટે જિલ્લા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે.

કચ્છ જિલ્લાના ૨૯૮, બનાસકાંઠાના ૫૨, પાટણના ૩૫, મહેસાણાના ૫૦, સાબરકાંઠાના ૬, અરવલ્લીના ૯, ગાંધીનગરના ૪૦, અમદાવાદના ૪૬૮, સુરેન્દ્રનગરના ૧૩૭, મોરબીના ૨૨, રાજકોટના ૧૨૪, જામનગરના ૧૧૯, દ્વારકાના ૩૩, પોરબંદરના ૫૦ જૂનાગઢના ૧૨૨, ગીર સોમનાથના ૪૮, અમરેલીના ૨૪૬, ભાવનગરના ૧૯૬, બોટાદના ૧૫૪, આણંદના ૩૨, ખેડાના ૩૨, મહીસાગરના ૭૪, પંચમહાલના ૪૧, વડોદરાના ૭૦, છોટાઉદેપુરના ૩૧, નર્મદાના ૯, ભરૂચના ૫૬, સુરતના ૪૯૮, તાપીના ૩, ડાંગના ૩૭, નવસારીના ૧૫ અને વલસાડના ૬૨ મતદાન મથકો પર ૫૦% થી ઓછું મતદાન નોંધાયું હતું.

આ સિવાય જ્યાં મહિલાઓએ મતદાન ઓછું કર્યું છે ત્યા વધુ મતદાન થાય તેવા ગામોમાં ગરબા, મહેંદી, રંગોળી જેવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સખી મંડળોએ ગ્રામજનોને મતદાન કરવા પ્રેરણા આપી રહી છે.

ગૌણ સેવા મંડળ દ્વારા મોકૂફ પરીક્ષાની નવી તારીખો જાહેર

(એજન્સી) ગાંધીનગર, ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે તેના કારણે ગુજરાત રાજ્યમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષામાં પાછળની તારીખ મકુક રાખવામાં આવેલી હતી. પરંતુ હવે તેની તારીખ આવી ગઈ છે જે પાંચમા મહિના (મે મહિનો)ની ૧૧,૧૩,૧૪,૧૬ અને ૧૭ તેમજ ૨૦ તારીખના રોજ ચાર શિફ્ટમાં આયોજન કરવામાં આવેલી છે અને આ તારીખમાં પરીક્ષા આપી રહેલા તમામ ઉમેદવારોએ તારીખ ૮ મે ૨૦૨૪ સુધી પોતાના નવા કોલ લેટર ડાઉનલોડ કરવાના રહેશે. તમને જણાવી દઈએ કે તારીખ ૨૦,૨૧,૨૭ અને ૨૮ એપ્રિલ તથા ૪,૫ મેના રોજ જે પરીક્ષા લેવામાં આવતી હતી તે મોકૂફ રાખવામાં આવી હતી.

પ્રિય ઉમેદવાર મિત્રો,

જા. ક્ર. ૨૧૨/૨૦૨૩-૨૪ ની મોકૂફ રાખવામાં આવેલી સીસીઈની પરીક્ષાનુ તા. ૧૧/૫, ૧૩/૫, ૧૪/૫, ૧૬/૫, ૧૭/૦૫ અને ૨૦/૫ ના રોજ ૪ શીફ્ટમાં આયોજન કરવામાં આવેલ છે. તમામ નવા કોલલેટર તા. ૮/૫/૨૦૨૪ ના રોજ થી ડાઉનલોડ કરવાના રહેશે. આ અંગે જીએસએસબી વેબસાઈટ પર જણાવવામા આવશે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોકૂફ રખાયેલ પરીક્ષાની નવી તારીખો મુજબ આગામી ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૨૦ મેના રોજ પરીક્ષા લેવાનું નિર્ણય કરાયો છે. ૪ શિફ્ટમાં પરીક્ષા યોજવાનું આયોજન કરાયું છે. લોકસભા ચૂંટણીને કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. ઉમેદવારો ૮ મેથી નવા કોલલેટર ડાઉનલોડ કરી શકશે.

આપણે જાણીએ છીએ તેમ ગુજરાત ગૌશાળા પસંદગી મંડળ દ્વારા અત્યારે વર્ગ-૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કુલ ૫૫૫૪ જગ્યા ઉપર ભરતીનું આયોજન કરેલું હતું.

ચરસનો જથ્થો ચોરીને વેચવાનો પ્રયાસ કરનારા આરોપીને કોર્ટે ૧૦ વર્ષ કેદની સજા કરી

(એજન્સી) અમદવાદ, અમદાવાદમાં નશાબંધીની ઓફિસમાંથી જ ડ્રગ્સની ચોરી થવાની ઘટના બની હતી. નશાબંધી ઓફિસમાંથી ૧.૭૫૦ ગ્રામ ચરસનો જથ્થો ચોરીને વેચવાનો પ્રયાસ કરનારા આરોપીને સ્પે. કોર્ટે ૧૦ વર્ષ કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું કે, માદક પદાર્થનો ઉપયોગ એક સામાજિક દૂષણ છે અને સમાજને કોરી ખાય છે.

માદક પદાર્થની હેરાફેરી દેશના અર્થતંત્રને વિપરીત અસર કરે છે. ઉપરાંત દેશના યુવાનો તથા ભાવિ પેઢી માટે હાનિકારક છે અને રાષ્ટ્રની સંપત્તિનો નાશ કરે છે ત્યારે આવા આરોપી સામે દયા ન દાખવી સજા કરવી ન્યાયોચિત જણાય છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, ચરસ ચોરી કરવાનો કેસ સાબિત ન થતા આરોપીનો નિર્દોષ છૂટકારો થયો છે જ્યારે ડ્રગ્સ કેસમાં સજા થઈ છે.

અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૮ જુલાઈ ૨૦૧૯ના રોજ રાજન બાબુભાઈ દંતાણી નામના શખ્સને ૧.૭૫૦ ગ્રામ ચરસના જથ્થા સાથે ઝડપ્યો હતો. ક્રાઈમની ટીમે આરોપીની પૂછપરછ કરતા આ ચરસનો જથ્થો ઘરની પાછળ આવેલા સીપીડી વેરહાઉસમાંથી ચોરી કર્યો હતો. જેથી એસઓજીની ટીમ નશાબંધી અને આબકારીના શાહપુરના વેરહાઉસ પર પહોંચી હતી. નશાબંધીના અધિકારીઓને જાણ થતાં તેઓ પણ દોડી આવ્યા હતા. રાજને વેરહાઉસનું તાળું તોડી ચરસની ચોરી કરી હતી.

ડમ્પર-કાર વચ્ચેના અકસ્માતમાં કાર ચાલકનું મોત નિપજ્યું

(એજન્સી) અમદાવાદ, રાજ્યમાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. અમદાવાદના વિશાલા - નારોલ રોડ પર ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. શાસ્ત્રીબ્રિજથી પીરાણા વચ્ચેના રસ્તા પર સર્જાયેલ અકસ્માતમાં કાર ચાલકનું મોત થયું હતું. જ્યાં મૃતકનું નામ પ્રવીણ પ્રજાપતિ સામે આવ્યું છે.

મોરબીના ટંકારા લતીપર રોડ પર વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. દ્વારકા દર્શન કરી પરત ફરતા પરિવારને અકસ્માત નડ્યો હતો. અલ્ટો કાર પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. કારમાં શક્તિ રાજેશભાઈ બારોટ તેના પરિવાર સાથે પરત આવતા હતા તે દરમિયાન ઘટના બની હતી. અકસ્માતમાં નિર્મળાબેન રાજેશભાઈ સોનરાજ(ઉ.૬૫) અને ગૌરીબેન રામકુમાર રેણુકા(ઉ.૭૦) નું મોત થયું ઈજાગ્રસ્ત શક્તિ રાજેશભાઈ બારોટ (ઉ.૩૯), તેમના પત્ની જલ્પાબે (ઉ.૩૦), પુત્રી આસ્થા(ઉ.૯)તુલસી(ઉ.૫), જીનલ (ઉ.૧.૫)ને ઈજા થઈ હતી. તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ટંકારા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. મહિસાગરના સંતરામપુર પાસે અકસ્માત સર્જાયો હતો.

નિવૃત્ત એએસઆઈ અને પત્નીની હત્યા કરાઈ

(એજન્સી) હિંમતનગર, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નિવૃત્ત આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમની પત્નીની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. હિંમતનગર શહેરના રામનગર વિસ્તારના દંપતિની પર અજાણ્યા શખ્શોએ હુમલો કરીને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. ડબલ મર્ડરની ઘટનાને પગલે સ્થાનિક પોલીસની ટીમો સ્થળ પર દોડી જઈને તપાસ શરુ કરી હતી. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નિવૃત્ત આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમની પત્નિની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. હિંમતનગર શહેરના રામનગર વિસ્તારના દંપતિની પર અજાણ્યા શખ્શોએ હુમલો કરીને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. ડબલ મર્ડરની ઘટનાને પગલે સ્થાનિક પોલીસની ટીમો સ્થળ પર દોડી જઈને તપાસ શરુ કરી હતી. પોલીસે એફએસએલ સહિતની ટીમોને બોલાવીને હત્યારાઓની ઓળખ કરવા માટે કડીઓ મેળવવા માટે પ્રયાસ કર્યો હતો. એલસીબી અને એસઓજી સહિતની ટીમો દ્વારા હત્યારાઓને શોધવા માટે તપાસ શરુ કરવામાં આવી છે.

પીએમ મોદી હિંમતનગરમાં ચૂંટણી સભા યોજવાના છે. આ પહેલા જ ડબલ મર્ડરની ઘટનાને પગલે પોલીસ ટીમોમાં દોડધામ મચી ગઈ હતી.

શહેરમાં કોલેરાનો કાળો કહેર

અમરાઈવાડી, દાણીલીમડા, વસ્ત્રાલ, વટવા, લાંભા, મણિનગર, ગોમતીપુર વોર્ડમાં પાણીજન્ય રોગચાળો બેકાબૂ

(પ્રતિનિધિ) અમદાવાદ, અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીની વચ્ચે પાણીજન્ય રોગચાળો પણ વકરી રહયો છે. શહેરમાં ઝાડા-ઉલ્ટી, કમળો, ટાઈફોઈડ અને જીવલેણ માનવામાં આવતા કોલેરાના કેસ ચિંતાજનક હદે વધી રહયા છે. મ્યુનિ. કોર્પો. દ્વારા રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે તકેદારીના પગલાં લેવામાં આવી રહયા છે પરંતુ આ તમામ કાર્યવાહી અપુરતી સાબિત થઈ રહી હોય તેમ લાગી રહયું છે.

અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે. ચાલુ મહિનામાં કોલેરાના ૧૮ કેસ નોંધાતા તંત્ર દોડતુ થઈ ગયું છે. ચાલુ વર્ષ દરમિયાન માત્ર ૪ મહિનામાં જ કોલેરાના ૪૦ કેસ કન્ફર્મ થયા છે જેની સામે ૨૦૨૨ના સમગ્ર વર્ષ દરમિયાન માત્ર ૧૫ કેસ જ નોંધાયા હતાં. કોલેરાના કેસ અમરાઈવાડી, વટવા, દાણીલીમડા, મણીનગર, લાંભા, વસ્ત્રાલ, ભઈપુરા અને ઈન્દ્રપુરી વોર્ડમાં કન્ફર્મ થઈ રહયા છે. મ્યુનિ. આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીના જણાવ્યા મુજબ પાણીજન્ય રોગચાળા માટે હવે માત્ર પ્રદુષિત પાણી જ જવાબદાર રહયું નથી પરંતુ ખોરાક પણ તેના માટે જવાબદાર બને છે. ખુલ્લેઆમ વેચાણ થતાં અખાદ્ય પદાર્થો પણ પાણીજન્ય રોગચાળા માટે જવાબદાર છે. કોલેરાના રોગચાળાના દર્દીઓમાં મહદઅંશે નાના બાળકો તથા સીનીયર સીટીઝનો જોવા મળે છે. શહેરમાં કોલેરા ઉપરાંત ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ અને કમળાનો રોગચાળો પણ વધી રહયો છે. એપ્રિલ મહિનામાં ઝાડા-ઉલ્ટીના ૧૩૬૬, કમળો-૧૪૧ અને ટાઈફોઈડના ૩૨૩ કેસ નોંધાયા છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે કલોરિન ટેસ્ટ પણ કરવામાં આવી રહયા છે. એપ્રિલ મહિનામાં ૧૫૪૦૦ ઘરોમાંથી કલોરિન ટેસ્ટ કર્યાં હતા જે પૈકી ૫૪૪ સ્થળે નીલ કલોરિનનો રિપોર્ટ આવ્યો હતો જયારે ૪૪૬૪ સ્થળોએ બેકટેરિયાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૩૪ સ્થળે સેમ્પલ અનફીટ જાહેર થયા હતાં. અમદાવાદ શહેરમાં ગરમીનો પારો ઉંચો જવાની સાથે મચ્છરજન્ય રોગચાળાનો આંક નીચે આવી રહયો છે. એપ્રિલ મહિનામાં સાદા મેલેરિયાના ૩૧, ઝેરી મેલેરિયાના ૦૨, ડેન્ગ્યુ-૩૬ અને ચીકનગુનિયાનો ૧ કેસ નોંધાયો છે પરંતુ સ્વાઈન ફલૂના કેસમાં કોઈ મોટો ઘટાડો જોવા મળ્યો નથી. ૨૭ એપ્રિલ સુધી સ્વાઈન ફલૂના ૧૨૬ કેસ નોંધાયા છે જેમાં મધ્યઝોનમાં ૧૦, પશ્ચિમ-૩૫, ઉ.પ.૨૯, દ.પ.-૮, પૂર્વ-૮, ઉત્તર-૨૧ અને દક્ષિણ ઝોનમાં ૧૫ કેસ કન્ફર્મ થયા છે.

સાવલી ગામ પાસે થયેલા અકસ્માતમાં વધુ બેના મોત

(એજન્સી) વડોદરા, રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. આવી જ એક ઘટના વડોદરામાં બની હતી. વડોદરામાં સાંકરદા ભાદરવા રોડ પર ટેમ્પો અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં વધુ ૨ના મોત થયા છે. સારવાર દરમિયાન વધુ બે લોકોના મોત નિપજ્યા છે. અકસ્માતમાં મોતનો આંકડો ૭ પર પહોંચ્યો છે. અકસ્માતમાં ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આણંદથી ભાદરવા બાબરી પ્રસંગે લોકો આવી રહ્યા હતા. આજે વહેલી સવારે બની હતી સાવલીના ભાદરવા સાંકરદા રોડ પર ટ્રક અને આઈસર વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જે બાદ ઈજાગ્રસ્ત તમામ લોકો હાલ સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જેમાંથી ગઈકાલે સવારે ૧ વ્યક્તિ બાદ ફરી ૪ લોકોના મૃત્યુ થયા હતા.

પાલડી ખાતે ગુજરાત કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર પવન ખેરા જીની પ્રેસ મીટ યોજાઈ હતી.(તસવીર : જયેશ મોદી)